વર્ષઃ 03 અંકઃ 03

01-15 ઓગસ્ટ, 2022

નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર




# વિકાસ અને વારસો સાથે-સાથે


આઝાદીના 75 વર્ષને અમૃત મહોત્સવ તરીકે મનાવતાં સ્વર્ણિમ ભારત તરફ વધતું રાષ્ટ્ર પોતાનાં સમૃધ્ધ વારસા અને વિકાસનાં નવા અધ્યાયથી વિશ્વ માટે નવી આશા બનીને ઊભર્યું છે....



# તિરંગા માટે રાષ્ટ્ર જેમનું ઋણી છે

ભારતનો રાષ્ટ્રીય ધ્વજ ત્રિરંગો. ત્રણ રંગોથી સજાવેલો આ રાષ્ટ્રધ્વજ માત્ર ઝંડો નથી પણ ભારતનું ગૌરવ અને અભિમાન છે. તે 130 કરોડથી વધુ ભારતીયોનાં સાહસ, શૌર્ય, અભિમાન, આકાંક્ષાઓ અને પવિત્રતાનું પ્રતીક પણ છે. પણ, સૌ પ્રથમ ધ્વજનું સ્વરૂપ એવું ન હતું, જે આજે છે. સમયાંતરે તેમાં પરિવર્તન થતાં રહ્યાં છે. આજે આપણો તિરંગો જે મૂળ સ્વરૂપમાં છે, તેનાં જનક છે પિંગલી વેંકૈયા. 2 ઓગસ્ટ, 1876નાં રોજ આંધ્રપ્રદેશનાં કૃષ્ણા જિલ્લા પાસેનાં એક ગામમાં જન્મેલા પિંગલી વેંકૈયાને રાષ્ટ્રીય ધ્વજ બનાવવાનું કામ ખુદ મહાત્મા ગાંધીએ સોંપ્યું હતું. તેમણે 1921માં આ ધ્વજ તૈયાર કર્યો હતો. 1931માં તેમાં કેટલાંક ફેરફાર કરવામાં આવ્યા. 22 જુલાઈ, 1947નાં રોજ તેને ભારતનાં રાષ્ટ્ર ધ્વજ તરીકે સ્વીકારવામાં આવ્યો.

## આવી છે ત્રિરંગાની વિકાસ યાત્રા






> આંધ્રપ્રદેશ વીરો અને દેશભક્તોની ધરતી છે. અહીં પિંગલી વેંકૈયા જેવા સ્વતંત્રતા નાયક થયા જેમણે દેશનો ઝંડો તૈયાર કર્યો. આ કન્નેગંટી હનુમંતુ, કન્દુકુરી વીરેસલિંગમ પંતુલુ અને પોટ્ટી શ્રીરામુલુ જેવા નાયકોની ધરતી છે.
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**

વર્ષઃ 03 અંકઃ03 | 01-15 ઓગસ્ટ, 2022

**સંપાદક**
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી),**
**જયપ્રકાશ ગુપ્તા (અંગ્રેજી),**
**અનિલ પટેલ (ગુજરાતી),**
**નદીમ અહેમદ (ઉર્દૂ),**
**પોલમી રક્ષિત (બંગાળી),**
**હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી**
**રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**




**13 ભાષામાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચાર અંગે સતત અપડેટ મેળવવા ફોલો કરોઃ-** @NISPIBIndia

# અંદરના પાને...

## અમૃત મહોત્સવથી સ્વર્ણિમ ભારત તરફ...










**કવર સ્ટોરી** આઝાદીના 75 વર્ષ થવા પ્રસંગે આવો જાણીએ કઈ રીતે લોક ભાગીદારીથી ઉત્સવને સંકલ્પમાં બદલીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રનાં વિકાસને ગતિ આપી 16-36

**ભૂતકાળ અને ભવિષ્યને જોડતી કડી**



ભારતની સાત દાયકાથી વધુ યાત્રાનું પ્રતિબિંબ પ્રધાનમંત્રી સંગ્રહાલય 38-42

**મારા મિત્ર! શિન્ઝો આબે....**



જાપાનના ભૂતપુર્વ વડાપ્રધાન પદ્મવિભૂષણ શિન્ઝો આબેના અવસાન પર વડાપ્રધાનનો બ્લોગ 51-52

**સમાચાર સાર** | 4-5

**જેમને રાષ્ટ્રપિતાએ 'રાષ્ટ્રકવિ'ની ઉપમા આપી**
વ્યક્તિત્વ શ્રૃંખલામાં મૈથિલીશરણ ગુપ્તની કહાની 6-7

**વિકાસની એક નવી સવાર**
જમ્મુ-કાશ્મીર, લડાખઃ પરિવર્તનના ત્રણ વર્ષ 8-11

**નમઃશિવાય**
ઝારખંડમાં દેવઘર એરપોર્ટ સહિતનાં અનેક પ્રોજેક્ટ્સ મળ્યાં 12-13

**સેમી કન્ડક્ટર ઉત્પાદનનું કેન્દ્ર બનશે ગુજરાત**
ગાંધીનગરમાં ડિજિટલ ઈન્ડિયા સપ્તાહનું આયોજન 14-15

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ, આરોગ્ય અંગે મહત્વનાં નિર્ણયો**
કેબિનેટની બેઠકનાં મહત્વનાં નિર્ણયો 37

**નવું શિક્ષણ, નવી નીતિ, નવાં ભારતનું નિર્માણ**
શિક્ષા સમાગમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સંબોધન 43-44

**સમાવેશી સમાજના છેવાડાના માણસ સુધી વિકાસ**
અરૂણ જેટલી સ્મૃતિ વ્યાખ્યાનમાં વડાપ્રધાન મોદીનું સંબોધન 45-46

**વિકાસના એક્સપ્રેસ-વેમાં નવું પરિમાણ**
બુંદેલખંડને મળ્યો વિકાસનો નવો માર્ગ 47-48

**કૌશલ્યથી રોજગાર તરફ..**
પ્રધાનમંત્રી દક્ષ યોજનાની સફળતાનું એક વર્ષ 49-50



**પ્રકાશક અને મુદ્રકઃ** સત્યેન્દ્ર પ્રકાશ, મુખ્ય મહાનિદેશક, સીબીસી (સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન વતી) | **મુદ્રણઃ** અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ, W-30 ઓખલા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020 | **સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલઃ** રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003| **ઈમેલઃ** response-nis@pib.gov.in **RNI No.** : DELGUJ/2020/78810

# સંપાદકની કલમે...

સાદર નમસ્કાર

**‘‘उत्सवेन बिना यस्मात् स्थापनम् निष्फलम् भवेत्’’**

એટલે કે કોઇ પણ પ્રયાસ, કોઇ પણ સંકલ્પ ઉત્સવ વગર સફળ નથી થતો. કોઇ સંકલ્પ જ્યારે ઉત્સવનું સ્વરૂપ લે છે ત્યારે તેમાં લાખો-કરોડોનાં સંકલ્પ જોડાઈ જાય છે, કરોડો લોકોની ઊર્જા જોડાઈ જાય છે. આઝાદીનો અમૃત મહોત્સવ આ જનભાગીદારી એટલે કે ‘સબકા પ્રયાસ’ ની મૂળ ભાવના છે. આ ભાવના સાથે આઝાદીનાં 75મા વર્ષને અમૃત મહોત્સવ નામ આપીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની વિકાસ યાત્રા અને સ્વર્ણિમ ભારતના સંકલ્પોને સાકાર કરવાની દિશામાં અભૂતપુર્વ પગલું ભર્યું. એક બાળક જ્યારે પોતાની જાતને આઝાદીના સંઘર્ષ સાથે જોડી લે છે ત્યારે સમગ્ર જીવન ભારતનાં વિકાસ પ્રત્યે સમર્પિત રહેશે. ભારતની નવી પેઢીને આઝાદી અને દેશ સાથે જોડવાનો આ સ્વર્ણિમ અવસર બન્યો છે. આઝાદીનાં 75મા વર્ષ સુધી રાષ્ટ્રએ અનેક સફળતાઓ હાંસલ કરી છે અને આપણે ભારતને ટોચનાં દેશોમાં રાખવામાં સફળ રહ્યા છીએ. તમામનાં પ્રયાસોથી દરેક ક્ષેત્રમાં અનેક વિક્રમ સ્થાપિત કર્યા છે.

ભારત સરકારે આઝાદીના 75 વર્ષને પ્રતીક બનાવ્યું છે અને રાષ્ટ્રને નવેસરથી વ્યાખ્યાયિત કરવા માટે નવી પહેલ, કાર્યક્રમો અને સ્પર્ધાઓ સાથે ભવિષ્યની યોજનાઓને આકાર આપવામાં આવી રહ્યો છે, જેથી આગામી 25 વર્ષ એટલે કે 2047માં જ્યારે ભારત આઝાદીનું શતાબ્દિ વર્ષ મનાવે ત્યારે ભારત વિશ્વમાં ટોચનાં સ્થાને હોય. આ હેતુથી આગામી 25 વર્ષને અમૃત કાળ નામ આપીને અમૃત યાત્રાની શરૂઆત કરવામાં આવી છે. આ યાત્રામાં પોતાની તાકાત સાથે પ્રગતિ માટે આતુર ભારત, આત્મનિર્ભરતાનાં શિખરોને સ્પર્શવા સંકલ્પબધ્ધ છે. આજની વિકાસ યાત્રા, આવતી કાલનાં નવા ભારતનો સમૃધ્ધ અને ગૌરવશાળી વારસો બની રહી છે.

આ 15 ઓગસ્ટનાં રોજ અમૃત મહોત્સવના 75 વર્ષ પૂરા થવા પ્રસંગે ભારતે કઈ રીતે આઝાદીનાં આ ઉત્સવને લોક ભાગીદારી સાથે અમૃત સંકલ્પ બનાવી દીધો છે તેને સ્વતંત્રતા દિવસ પર વિશેષ અંકની કવર સ્ટોરી બનાવવામાં આવી છે.

આ અંકમાં સામેલ છે રાષ્ટ્ર કવિ અને હિન્દી સાહિત્યના ક્ષિતિજના તારા મૈથિલીશરણ ગુપ્તનાં વ્યક્તિત્વની કહાની. ઉપરાંત  પ્રધાનમંત્રી સંગ્રહાલયની વિશેષતાઓ પણ વાંચી શકો છો. આ ઉપરાંત, જમ્મુ-કાશમીરમાંથી કલમ 370ની નાબૂદીનાં ત્રણ વર્ષ બાદ કેન્દ્ર શાસિત પ્રદેશમાં વિકાસની નવી સવારની તસવીર, વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ અને વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રને સમર્પિત વિકાસ સાથે સંકળાયેલા કાર્યક્રમોનાં અહેવાલ પણ આ અંકમાં સમાવવામાં આવ્યા છે.

ચાલો, મનાવીએ સ્વતંત્રતા, એકતા, વિકાસ અને લોકશાહીનાં 75 વર્ષ.

**હિંદી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ**
**મેગેઝીન વાંચો/ડાઉનલોડ કરો.**
**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

જયદીપ ભટનાગર

**(જયદીપ ભટનાગર)**

# પ્રતિભાવ..




### લેખન ક્ષમતામાં ન્યૂ ઈન્ડિયા સમાચાર ઉપયોગી છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન નિયમિત વાંચું છું. મેગેઝીનમાં આપવામાં આવતી માહિતી ક્રમબધ્ધ, સરળ અને ઉત્કૃષ્ટ રીતે પ્રસ્તુત કરવામાં આવે છે. તે અમારી લેખન ક્ષમતાનાં વિકાસમાં ખૂબ ઉપયોગી છે. દેશનાં વિકાસ એન્જિનોમાં વિવિધ ઈનોવેશનની જાણકારીની સાથે સામાજિક, આર્થિક, રાજકીય, ઐતિહાસિક અને વિદેશો સાથે સંકળાયેલા વિષયોનાં વર્તમાન પ્રવાહોની માહિતી મળે છે.

**હનવંતસિંહ રાઠોડ| hanwantsinghrathore0@gmail.com**

### કવર સ્ટોરી ખૂબ સરસ રીતે પ્રકાશિત

વિશ્વની સૌથી વધુ યુવા વસ્તી ધરાવતા ભારતે માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગતિશીલ નેતૃત્વમાં કૌશલ્ય ક્ષમતાનાં વિકાસને નવી દિશા આપી છે. રાષ્ટ્રનો યુવાન કૌશલ્ય દ્વારા પોતાનાં જીવનમાં પગભર થઈને વિકાસ અને ઉન્નતિનાં દ્વાર ખોલી રહ્યો છે. કૌશલ્ય ભારત મિશનના સાત વર્ષ પૂરા થવા પ્રસંગે સંપાદકીય ટીમે આ સમગ્ર યાત્રાને ન્યૂ ઈન્ડિયા સમાચારના 1-15 જુલાઈના અંકમાં આવરણ કથા તરીકે ખૂબ સરસ રીતે પ્રકાશિત કરી છે. કેબિનેટ દ્વારા સંરક્ષણ ક્ષેત્રમાં રોજગારીનાં દ્વાર ખોલતી અગ્નિપથ યોજનાને મંજૂરી, અમૃત મહોત્સવ, કોવિડ સામેની લડાઈ અને વડાપ્રધાન દ્વારા વિવિધ વિકાસ યોજનાઓની ભેટને આ અંકમાં સામેલ કરવામાં આવ્યા છે, જેનાં માટે સમગ્ર સંપાદકીય ટીમને હાર્દિક અભિનંદન પાઠવું છું.

**-ચૌધરી શક્તિસિંહ એડવોકેટ**
**shaktisinghadv@gmail.com**

### આખું મેગેઝીન વાંચી જઉં છું

પ્રથમ વાર ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન વાંચવાની તક મળી. તેમાં બહુ સુંદર પ્રસ્તુતિ હોય છે. સંપૂર્ણ અંકમાં દરેક લેખ વાંચવાલાયક હોય છે. મેગેઝીન જાણે કે ‘ગાગરમાં સાગર’ સમાન છે. મેગેઝીનમાં સંપાદનનું કામ ખૂબ સરસ રીતે કરવામાં આવ્યું છે. મને વિશ્વાસ છે કે આ મેગેઝીનને હજુ પ્રશંસા મળશે. આવી જ ગુણવત્તા જાળવી રાખજો.

**વિનય થત્તે**
**vinay.thattey@gmail.com**

### ખૂબ સરસ મેગેઝીન છે ન્યૂ ઈન્ડિયા સમાચાર

ન્યૂ ઈન્ડિયા સમાચારનો 1-15 જુલાઈનો અંક મળ્યો. આ સુંદર મેગેઝીન છે અને હું સમગ્ર મેગેઝીન વાંચવાનો પ્રયત્ન કરું છું. આ વખતના અંકમાં મને કૌશલ્ય વિકાસ પર કેન્દ્રીત કવર સ્ટોરી સરસ લાગી. સાથે સાથે, આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સ્વતંત્રતા સંગ્રામમા નાયકોની કહાની વાંચીને નવી ઊર્જાનો સંચાર થયો. મેગેઝીનમાં ડિજિટલ ઈન્ડિયા સહિતનાં લેખો પણ સારા લાગ્યા.

**-સુરભિ સ્નેહા | snehasurabhi5@gmail.com**

**ફોલો કરો @NISPIBIndia**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલ: રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003 | ઇમેલ: response-nis@pib.gov.in**



## વિશ્વ બજારમાં ભારતીય રમકડાં

# પીએમ મોદીની અપીલની અસર: ભારતીય રમકડાંની નિકાસ 61 ટકા વધી

ઓગસ્ટ 2020ની વાત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના 'મન કી બાત' કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, "વિશ્વમાં રમકડાં ઉદ્યોગ લગભગ સાત લાખ કરોડ રૂપિયાનો છે. તેમાં ભારતનો હિસ્સો ઘણો ઓછો છે. પણ જે દેશમાં આટલો મોટો વારસો હોય, પરંપરા હોય, વિવિધતા હોય, યુવા વસ્તી હોય એ દેશની ભાગીદારી આટલી ઓછી. જી ના. આ સાંભળવામાં સારું નથી લાગતું, આપણે સાથે મળીને આ ઉદ્યોગને આગળ વધારવો પડશે." વડાપ્રધાનની આ અપીલની સાથે જ રમકડાં ઉદ્યોગમાં ભારતની આત્મનિર્ભરતાની નવી કહાની લખાઈ ગઈ. એક મહિનાનો ટોયકાથોન, દેશનો પ્રથમ ટોય ફેર, 100 ટકા વિદેશી રોકાણને મંજૂરી, ટોય ક્લસ્ટર, વિદેશી રમકડાંમાં ઈનોવેશન અને ડિજિટલ ગેમિંગનાં સેકટરમાં નવી શરૂઆત થઈ. આ પહેલની અસર હવે જોવા મળી રહી છે. ભારતમાં 2018-19માં 371 મિલિયન ડોલરનાં રમકડાં આયાત કરવામાં આવ્યા હતા, જ્યારે 2021-22માં આયાત 70 ટકા ઘટીને 110 મિલિયન ડોલર પર આવી ગઈ. આ ઉપરાંત, 2018-19માં ભારતીય રમકડાંની વિદેશી બજારોમાં નિકાસ 202 મિલિયન ડોલર હતી, જે 61 ટકા વધીને 2021-22માં 326 મિલિયન ડોલર પર પહોંચી ગઈ છે.

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી રાષ્ટ્રીય સલામતી મજબૂત બનશે, એઆઇથી સજ્જ 75 પ્રોડક્ટ્સ લોંચ

ભવિષ્યનાં યુધ્ધોમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) આધારિત સંરક્ષણ ઉપકરણોની ભૂમિકા મહત્વની હશે. તેને ધ્યાનમાં રાખીને સંરક્ષણ ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને પ્રોત્સાહન આપવાનો રોડ મેપ બનાવવા માટે 2018માં એઆઇ ટાસ્ક ફોર્સ રચવામાં આવ્યું હતું. સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા માટે ભારતમાં જ ઉત્પાદનને પ્રાથમિકતા આપવામાં આવી તો ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે સ્ટાર્ટઅપ અને વિદેશી રોકાણનાં માર્ગ ખોલવામાં આવ્યા. તેનાંથી, ભારતીય સંરક્ષણ ઉપકરણોની નિકાસને પ્રોત્સાહન મળ્યું તો બીજી બાજુ, લશ્કરના આધુનિક શસ્ત્ર સરંજામની જરૂરિયાતો પૂરી થતી હતી. નાણાકીય વર્ષ 2021-22માં સંરક્ષણ નિકાસ અત્યાર સુધીનાં સર્વોચ્ચ રૂ. 13,000 કરોડના આંકડાને પાર કરી ચૂકી છે. તેમાં 70 ટકા પ્રદાન ખાનગી ક્ષેત્ર અને બાકીનું 30 ટકા જાહેર શ્રેત્રનું છે. આ દિશામાં આગળ વધતાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે 11 જુલાઇનાં રોજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી સજ્જ 75 પ્રોડક્ટ્સ/'ટેકનોલોજીની શરૂઆત કરી. આ ઉપકરણોમાં એઆઇ પ્લેટફોર્મ ઓટોમેશન, સ્વાયત્ત માનવરહિત રોબોટિક્સ પ્રલાણિઓ, બ્લોક ચેઈન આધારિત ઓટોમેશન, નિયંત્રણ, સંદેશાવ્યવહાર, કમ્પ્યુટર અને ઈન્ટેલિજન્સ, મોનિટરીંગ અને ટોહી, સાયબર સુરક્ષા, માનવ વ્યવહાર સંબંધિત વિશ્લેષણ, ઈન્ટેલિજન્સ મોનિટરીંગ સિસ્ટમ, ઘાતક સ્વયંસચાલિત શસ્ત્ર પધ્ધતિ, લોજિસ્ટીક અને સપ્લાય ચેઈન સંબંધિત પ્રોડક્ટ્સ અને સિસ્ટમનો સમાવેશ થાય છે.



## નવા સંસદ ભવનની છત પર રાષ્ટ્રીય પ્રતીક અશોક સ્તંભનું અનાવરણ

ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે અને આ લોકશાહીનું મંદિર છે સંસદ. નવા અને આત્મનિર્ભર ભારતના મૂળ વિચાર સાથે નવી સંસદનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું. 11 જુલાઈનાં રોજ વડાપ્રધાને સંસદની નવી બિલ્ડીંગની છત પર સ્થાપિત ભારતના રાષ્ટ્રીય પ્રતીક અશોક સ્તંભનું અનાવરણ કર્યું. કાંસામાંથી બનેલા આ રાષ્ટ્રીય પ્રતીકની ઊંચાઈ 21 ફુટ, વજન 9500 કિલો અને વ્યાસ 3.3થી 4.3 મીટર છે. નવું સંસદ ભવન નવા ભારતની આકાંક્ષાઓને પૂરી કરશે, અને આ રાષ્ટ્રીય પ્રતીક આપણને ભારતની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વને જાળવી રાખવા માટે પ્રેરિત કરતું રહેશે.

## ભારતમાં 'મીઠી ક્રાંતિ': 10 ટોચનાં મધ ઉત્પાદકોમાં સમાવેશ થયો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં દેશમાં ખેડૂતોની આવક વધારવા માટે પરંપરાગત ખેતી ઉપરાંત અનેક કૃષિ ચીજોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. મધ ઉત્પાદન તેમાંનું એક છે, જેનું ઉત્પાદન કરીને ખેડૂતો રોજગારી મેળવી રહ્યાં છે એટલું જ નહીં પણ વિદેશોમાં તેની નિકાસ પણ થઈ રહી છે. દેશમાં દર વર્ષે ઉત્પાદનનાં લગભગ 50 ટકા હિસ્સાની નિકાસ કરવામાં આવે છે. દેશમાં 'મીઠી ક્રાંતિ'ને પ્રોત્સાહન આપવાનાં પ્રયાસને પરિણામે વર્ષ 2013માં મધની નિકાસ રૂ. 124 કરોડની થઈ હતી, જ્યારે 2022માં તે વધીને રૂ. 309 કરોડ થઈ ગઈ છે. એટલે કે આ દરમિયાન નિકાસમાં 149 ટકાનો વધારો નોંધાયો. ભારત વિશ્વમાં મધનું 9મું મોટું નિકાસકાર છે.

## ગુજરાત-કર્ણાટક સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પ્રથમ ક્રમે

આજથી કેટલાંક વર્ષ પહેલાં મેક ઈન ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત જેવા અભિયાનોની કલ્પના પણ કરી શકાતી નહતી, તો સ્ટાર્ટઅપ જેવા શબ્દ તો સામાન્ય માણસના વિચારમાં પણ ન હતા. આ જ ભારત વીતેલા આઠ વર્ષમાં વિશ્વની સ્ટાર્ટઅપ રાજધાની બનવાની દિશામાં છે. 70,809 સ્ટાર્ટઅપ અને 101 યુનિકોર્ન સાથે ભારત વિશ્વમાં ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકો-સિસ્ટમ બની ગયું છે. રાજ્યોમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે 2018માં રેન્કિંગની શરૂઆત કરવામાં આવી હતી. તાજેતરમાં જ 2021માં સ્ટાર્ટઅપનાં ક્ષેત્રમાં સારો દેખાવ કરનારા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. તેમાં ગુજરાત અને કર્ણાટક પ્રથમ ક્રમે છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા વેબસાઈટ પ્રમાણે ગુજરાતમાં 14,200થી વધુ એટલે કે 6.70 ટકા સ્ટાર્ટઅપ રજીસ્ટર છે. કેન્દ્ર શાસિત પ્રદેશો અને પૂર્વોત્તરનાં રાજ્યોની શ્રેણીમાં મેઘાલય ટોચ પર છે. આ રેન્કિંગ સંસ્થાકીય સહયોગ, ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન, બજાર સુધી પહોંચ, ઈન્ક્યુબેશનમાં મદદ, નાણાકીય મદદ અને મેન્ટોરશીપ જેવા માપદંડો પર આધારિત હતી. રેન્કિંગની સંપૂર્ણ યાદી https://www.pib.gov.in/PressReleasePage.aspx?PRID=1839259 પર જોઈ શકાશે. ●

# રાષ્ટ્રપિતાએ જેમને ‘રાષ્ટ્ર કવિ’ કહ્યા હતા



**જન્મઃ 03 ઓગસ્ટ, 1886 | મૃત્યુઃ 12 ડિસેમ્બર, 1964**

**હિન્દી ભાષાના કવિઓમાં જેમનું સ્થાન શિરમોર ગણાય છે અને રાષ્ટ્ર ભાષા હિન્દીનાં શબ્દરૂપી તારાની સફર જેમનાં વગર અધૂરી છે તેવા મૈથિલીશરણ ગુપ્તએ પોતાની કાવ્ય કૃતિઓ દ્વારા સમગ્ર દેશમાં રાષ્ટ્રભક્તિની ભાવના ભરી દીધી હતી. ખુદ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ તેમને ‘રાષ્ટ્ર કવિ’ની ઉપમા આપી હતી. હિન્દીની આ અનમોલ ધરોહર મહાન કવિ મૈથિલીશરણ ગુપ્તની 136મી જયંતી પર નમન...**

ઝાંસી જિલ્લાનું ચિરગાંવ આજે કરોડો હિન્દી પ્રેમીઓ માટે યાત્રા સ્થળથી ઓછું નથી. અહીંની માટીમાં ભારત માતાના એવા સપૂતનો જન્મ થયો જેમણે પોતાનાં લેખનથી સ્વતંત્રતા આંદોલનમાં ઉત્સાહ ભરી દીધો હતો. 3 ઓગસ્ટ, 1886નાં રોજ ચિરગાંવમાં જન્મેલા રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્તના પિતા શેઠ રામચરણ કનકને અને માતા કૌશલ્યા બાઇનું ત્રીજું સંતાન હતા. તેમના પિતા રામ ભક્ત અને કાવ્ય પ્રેમી હતા. શાળામાં રમતગમત પર વધુ ધ્યાન આપવાને કારણે મૈથિલીશરણ ગુપ્તનો અભ્યાસ અધૂરો રહી ગયો. શાળામાં જવાનું બંધ થતાં તેમને ઘરે જ હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી અને બાંગલા ભાષાનું જ્ઞાન ખાનગી શિક્ષક દ્વારા મળ્યું. કહેવાય છે કે મૈથિલીશરણે એક વાર કહ્યું હતું, “હું કેમ અભ્યાસ કરું. હું ભણવા માટે નથી જન્મ્યો. લોકો મને વાંચશે.” બાળપણમાં કહેલી આ વાત આગળ જતાં સાચી સાબિત થઈ.

**પ્રખ્યાત સરસ્વતી સામયિકમાં કવિતાઓ છપાઈ**

એ દિવસોમાં સાહિત્યમાં ખાસ કરીને કવિતામાં વ્રજ ભાષાનું વર્ચસ્વ હતું, એ સમયે ખડી બોલીના પ્રકાંડ પંડિત મહાવીર પ્રસાદ દ્વિવેદી હિન્દી ભાષાના પ્રચાર માટે દેશભરમાં આંદોલન ચલાવી રહ્યા હતા. મહાવીર પ્રસાદ દ્વિવેદી ઝાંસીમાં રેલવે વિભાગમાં કામ કરતા હતા તેની સાથે સાથે નાગરીપ્રાચારણી સભા દ્વારા પ્રકાશિત સરસ્વતી સામયિકમાં સંપાદન તરીકે પણ કામ કરતા હતા. સરસ્વતી અલ્હાબાદથી પ્રકાશિત થતું હતુ. એ વખતે સરસ્વતીમાં લેખ કે કવિતા પ્રકાશિત થવી એ કોઈ પણ લેખક માટે ગૌરવ અને સન્માનની વાત ગણાતી હતી. એક દિવસ મૈથિલીશરણ હિંમત કરીને મહાવીર પ્રસાદને મળવા ગયા, જ્યાં બંને વચ્ચે રસપ્રદ સંવાદ થયો. ગુપ્તજીએ કહ્યું, “મારું નામ

મૈથિલીશરણ ગુપ્ત છે. હું કવિતા લખું છું અને ઇચ્છું છું કે તમે મારી કવિતાઓ સરસ્વતીમાં પ્રકાશિત કરો." મહાવીર પ્રસાદ દ્વિવેદીએ કહ્યું, "બહુ લોકો ઇચ્છતા હોય છે કે તેમની રચનાઓ સરસ્વતીમાં પ્રકાશિત થાય, પણ બધાંને તક નથી મળતી અને વળી તમે તો વ્રજ ભાષામાં લખો છો. અમે તો માત્ર ખડી બોલીમાં જ રચનાઓ છાપીએ છીએ." જવાબમાં મૈથિલીશરણે કહ્યું, "જો તમે છાપવાની ખાતરી આપો તો હું ખડી ભાષામાં પણ કવિતા લખી આપીશ. હું મારી રચનાઓ રસિકેન્દ્ર નામે મોકલીશ." મહાવીર પ્રસાદે કહ્યું, "છાપવા લાયક હશે તો ચોક્કસ છાપીશું. તમે તમારી રચનાઓ કોઈ ઉપનામથી નહીં પણ તમારા નામે જ મોકલજો."આમ, મહાવીર પ્રસાદના કહેવાથી પ્રથમ વાર મૈથિલીશરણે હેમંત શિર્ષક સાથે ખડી બોલીમાં કવિતા લખી, જે કેટલાંક સુધારા સાથે પ્રકાશિત થઈ. હેમંતના પ્રકાશન બાદ ગુપ્ત સરસ્વતીમાં સતત લખતા રહ્યા. જોતજોતાંમાં તેઓ દદ્દા તરીકે લોકપ્રિય થઈ ગયા.

**દદ્દાની હિન્દી સેવા**

1905થી 1925 દરમિયાન સરસ્વતીમાં મૈથિલીશરણ ગુપ્તની કવિતાઓ પ્રકાશિત થતી હતી. પોતાની પ્રથમ કવિતા હેમંતથી માંડીને જયદ્રથ, ભારત-ભારતી, સાકેત જેવી રચનાઓ પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ થઈ તે પહેલાં સરસ્વતીમાં પ્રકાશિત થઈ ચૂકી હતી. મહાવીર પ્રસાદ અને સરસ્વતી સામયિક સાથે પોતાની લાગણી અંગે ગુપ્તએ સાકેતની પ્રસ્તાવનામાં લખ્યું-करते तुलसीदास भी कैसे मानस-नाद? महावीर का यदि उन्हें मिलता नहीं प्रसाद। આમ તો મૈથિલીશરણ ગુપ્તની તમામ રચનાઓ ક્લાસિક છે પણ 1910માં લખેલી કવિતા 'રંગ મેં ભંગ' ખૂબ વખણાઈ. 1921માં મહાવીર પ્રસાદે સંપાદક પદેથી રાજીનામું આપી દીધું અને બીજી બાજુ, મૈથિલીશરણે અંગ્રેજ સરકાર વિરુધ્ધ ખુલીને લખવાનું શરૂ કરી દીધું.

**आज की चित्तौड़ का सुन नाम कुछ जादू भरा**
**चमक जाती चंचला-सी चित में करके त्वरा**

રંગ મેં ભંગ બાદ આવી જયદ્રથ વધ- 1905માં બંગાળનાં ભાગલાનો ગુસ્સો જયદ્રથ વધ દ્વારા વ્યક્ત થયો...

**वाचक! प्रथम सर्वत्र ही 'जय जानकी जीवन' कहो।**
**फिर पूर्वजों के शील की शिक्षा तरंगों में बहो।।**
**दुःख, शोक, जब जो आ पड़े, सो धैर्य पूर्वक सब सहो।**
**होगी सफलता क्यों नहीं कर्त्तव्य पथ पर दृढ़ रहो।।**
**अधिकार खो कर बैठ रहना, यह महा दुष्कर्म है।**
**न्यायार्थ अपने बंधु को भी दंड देना धर्म है।।**

જયદ્રથ વધ બાદ મૈથિલીશરણ ગુપ્ત લોકપ્રિયતના શિખર પર બિરાજમાન થઈ ગયા, પણ 1914માં ભારત ભારતીએ તેમને રાષ્ટ્રીય સ્તરે પ્રથમ હરોળમાં લાવીને મૂકી દીધા. ભારત ભારતીની તમામ નકલો ચપોચપ વેચાઈ ગઈ. અને બે મહિનાની અંદર બીજી આવૃત્તિ પ્રકાશિત કરવી પડી. રાષ્ટ્રીય આંદોલનો, શિક્ષણ સંસ્થાઓ અને સવારની પ્રાર્થનાઓમાં ભારત ભારતી જ ગાવામાં આવતી હતી. ગામડે ગામડે અભણ લોકોને પણ સાંભળી સાંભળીને યાદ રહી ગઈ હતી. મહાત્મા ગાંધીની અસહકારની ચળવળ બાદ નાગપુરમાં ઝંડા સત્યાગ્રહ થયો ત્યારે તમામ સત્યાગ્રહી સરઘસમાં ભારત ભારતીના ગીતો ગાતા ગાતા સત્યાગ્રહ કરતા હતા. ગોરી સરકારે ભારત ભારતી પર પ્રતિબંધ મૂકી દીધો અને તમામ નકલો જપ્ત કરી લીધી. આજે પણ સાહિત્ય જગતમાં ભારત ભારતી સાંસ્કૃતિક નવજાગરણનો ઐતિહાસિક દસ્તાવેજ છે.

**मानस भवन में आर्यजन जिसकी उतारें आरतीं। भगवान्!**
**भारतवर्ष में गूंजे हमारी भारती।।**
**हो भद्रभावोद्भाविनी वह भारती हे भवगते। सीतापते!**
**सीतापते!! गीतामते! गीतामते!!**

1914માં શકુંતલા અને તેનાં બે વર્ષ બાદ કિસાન નામનો કવિતા સંગ્રહ પ્રકાશિત થયો. કિસાનમાં ભારતીય ખેડૂતોની દુર્દશા અને તેમની મુશ્કેલીઓનું અદભૂત વર્ણન કરવામાં આવ્યું છે. 1933માં તેમણે દ્વાપર અને સિધ્ધરાજ જેવા પૌરાણિક અને ઐતિહાસિક કાવ્ય સંગ્રહ લખ્યા. અત્યાર સુધી તેઓ વાર્તા, નવલકથા, કવિતા, નિબંધ, આત્મકથા અંશ, મહાકાવ્ય ની લગભગ 10,000 પંક્તિઓ લખી ચૂક્યા હતા. આ લખતા લખતા જિંદગીના 50 વર્ષ પૂરાં થયા. દેશભરનાં સાહિત્ય પ્રેમીઓએ બનારસથી માંડીને ચિરગાંવ સુધી તેમની 50મી વર્ષગાંઠ ધૂમધામથી મનાવી. આ પ્રસંગે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ મૈથિલીશરણ ગુપ્તને રાષ્ટ્રીય કવિની ઉપમા આપી. 50મી વર્ષગાંઠની ઉજવણી પૂરી થઇ અને 1937માં તેમને વધુ એક સફળતા મળી. સાકેત માટે તેમને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. 1954માં તેમને પદ્મભૂષણ પુરસ્કારથી નવાજવામાં આવ્યા.

કોરોના કાળમાં મળેલી તકોનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને રાજ્યસભામાં પોતાના ભાષણ દરમિયાન મૈથિલીશરણ ગુપ્તનો ઉલ્લેખ કરતા કહ્યું હતું, જ્યારે હું તકોની ચર્ચા કરી રહ્યો છું ત્યારે મહાકવિ મૈથિલીશરણ ગુપ્તજીની કવિતાનો ઉલ્લેખ કરવા માંગીશ. ગુપ્તજીએ કહ્યું હતું,

**अवसर तेरे लिए खड़ा है, फिर भी तू चुपचाप पड़ा है।**
**तेरा कर्म क्षेत्र बड़ा है पल-पल है अनमोल,**
**अरे भारत उठ, आखें खोल।।**

આ મૈથિલીશરણ ગુપ્તજીએ લખ્યું છે. પણ હું વિચારતો હતો કે આ સમયમાં, 21મી સદીનાં પ્રારંભમાં તેમને લખવું હોત તો શું લખત. – મેં વિચાર્યું કે તેઓ આવું લખત-

**अवसर तेरे लिए खड़ा है, तू आत्मविश्वास से भरा पड़ा है।**
**हर बाधा, हर बंदिश को तोड़,**
**अरे भारत, आत्मनिर्भरता के पथ पर दौड़।।"** ●

## જમ્મુ-કાશ્મીર અને લડાખ

# વિકાસની એક નવી શરૂઆત



**ત્રણ વર્ષ પહેલાં 5 ઓગસ્ટનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણ હેઠળની સરકારે વિકાસની દોડમાં પાછળ રહી ગયેલા જમ્મુ-કાશ્મીર અને લડાખમાં કલમ 370 નાબૂદ કરી દીધી. કેન્દ્ર સરકારનો આ મક્કમ અને મહત્વનો નિર્ણય 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'નાં વિચારને વધુ મજબૂત કરી રહ્યો છે. છેલ્લાં ત્રણ વર્ષમાં આ વિસ્તાર દેશનાં બાકીનાં વિસ્તારો સાથે વિકાસનાં પથ પર ઝડપથી આગળ વધ્યો અને હવે રાષ્ટ્રની સાથે સાથે જમ્મુ-કાશ્મીરમાં પણ વિકાસની નવી સવાર જોવા મળી રહી છે....**

જમ્મુ કાશ્મીરમાં વિકાસનાં નવા યુગની શરૂઆત થઈ છે અને તે વિકાસ-શાંતિનાં માર્ગે જઈ રહ્યું છે. કલમ 370 અને 35A નાબૂદ થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, રાજ્યમાં રોજગાર અને ખુશીની નવી શરૂઆત થશે. ત્રણ વર્ષ પહેલાં 5 ઓગસ્ટ બાદ જમ્મુ કાશ્મીર અને લડાખમાં મુક્ત વાતાવરણ સર્જાયું અને રોજગારની નવી ક્ષિતીજ ખુલી. જમ્મુ કાશ્મીરમાં સાત નવી મેડિકલ કોલેજ અને પાંચ નવી નર્સિંગ કોલેજને મંજૂરી આપવામાં આવી છે અને મેડિકલ સીટોની સંખ્યા પણ 500થી વધારીને લગભગ બમણી કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં અનેક જળવિદ્યુત યોજનાઓ ચાલુ કરવામાં આવી છે, જેનાંથી આવક વધવાની સાથે સાથે ઉદ્યોગોને પણ ફાયદો થશે. કૃષિનો વિકાસ થવાથી લોકોની આવકમાં વધારો થશે અને અર્થતંત્ર પણ મજબૂત થશે. વન નેશન, વન રેશન કાર્ડ યોજના જમ્મુ કાશ્મીરમાં લાગુ કરવામાં આવી છે, તો ઉજ્જવલા, ડીબીટી, સૌભાગ્ય સહિતની અનેક યોજનાઓ 100 ટકા લાગુ થઈ ચૂકી છે. જ્યારે વ્યક્તિનું જીવનધોરણ સુધરે છે ત્યારે તેની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પણ વધી જાય છે અને તેનાંથી અર્થતંત્ર માટે સારું વાતાવરણ સર્જાય છે. વડાપ્રધાન મોદીએ

2022 પહેલાં દરેક ઘરમાં સ્વચ્છ પીવાનું પાણી પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું હતું અને 15 ઓગસ્ટ, 2022 સુધી આ લક્ષ્ય પૂરું થઈ જવા રહ્યું છે. જમ્મુ કાશ્મીર એક માત્ર એવું રાજ્ય છે જ્યાં દરેક વ્યક્તિને પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાનો લાભ મળી રહ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી અને ગ્રામીણ અંતર્ગત લોકોને ઘર પૂરાં પાડવામાં આવી રહ્યાં છે.

જમ્મુ કાશ્મીરમાંથી કલમ 370 નાબૂદ કર્યા બાદ શો ફેરફાર આવ્યો છે તે સમજવા માટે વીતેલાં 70 વર્ષનાં વિકાસની ગતિ અને લોકોનાં જીવન સ્તરને પણ જોવું પડશે. 70 વર્ષમાં રાજ્યમાં લગભગ 2.20 લાખ પરિવારોને ઘર, શૌચાલય, વીજળી-પાણી જેવી પાયાની સુવિધાઓ પણ મળી શકી નહોતી પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2-3 વર્ષમાં જ આ તમામ સુવિધા ઉપલબ્ધ કરાવી. જમ્મુ કાશ્મીરમાં ગામ અને ઘર સુધી લોકશાહી પહોંચી છે. અનામતનો લાભ પહાડી લોકોને ક્યારેય મળતો ન હતો, પણ હવે મળવા લાગ્યો છે. જમ્મુ કાશ્મીરનાં દરેક ઘરમાં વીજળી પહોંચી રહી છે.

રાજ્યમાં ઔદ્યોગિક વિકાસની યોજના ઘડતી વખતે એ વાતનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે કે ઓછા વિકસિત વિસ્તારોમાં ઉદ્યોગ સ્થાપનારાઓને વધુ ફાયદો મળે, જેનાથી ઉદ્યોગોની દ્રષ્ટિથી જમ્મુ કાશ્મીરના સર્વસમાવેશી અને સર્વસ્પર્શી વિકાસ થઈ શકે. જમ્મુ કાશ્મીરમાં હવે એક યુટી કેડર પણ છે જેનાંથી પૂરતી સંખ્યામાં કર્મચારીઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાશે. સાથે સાથે હિન્દી અને અંગ્રેજીને ઉર્દુ અને ડોગરીની સાથે સત્તાવાર ભાષાનો દરજ્જો આપવામાં આવ્યો છે, જેનાથી કાર્ય વધુ સરળ બનશે. જમ્મુ કાશ્મીરમાં ત્રિસ્તરીય પંચાયતી વ્યવસ્થાની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે પૂરી થઈ છે. આજે તમામ લોકો પોતાના અધિકારોનો ઉપયોગ કરી રહ્યા છે. આ ચૂંટણીથી જમ્મુ કાશ્મીરમાં વિકાસની નવી શરૂઆત થઈ છે. જમ્મુ કાશ્મીરમાં શાંતિ અને સલામતી સુનિશ્ચિત થવાથી અહીં આવનારા પર્યટકોની સંખ્યામાં મોટો વધારો થયો છે અને તેઓ અહીં આવીને મુક્ત હવાનો આનંદ લઈ રહ્યા છે. પર્યટન ઉદ્યોગ ફરીથી ધમધમી રહ્યો છે. જમ્મુ કાશ્મીર અને લડાખમાં એવા સ્થળોને ઓળખવામાં આવી રહ્યા છે જે ટુરિઝમ ડેસ્ટીનેશન બની શકે તેમ છે. હિમાલયનાં 137 શિખરો વિદેશી પર્યટકો માટે ખુલ્લાં મૂકવામાં આવ્યા છે. જેમાંથી 15 શિખરો જમ્મુ કાશ્મીર અને લડાખમાં છે. લડાખમાં બૌદ્ધ અભ્યાસ કેન્દ્રની સાથે સાથે પ્રથમ સેન્ટ્રલ યુનિવર્સિટી સ્થાપવાની યોજના છે. લડાખને કેન્દ્ર શાસિત પ્રદેશનો દરજ્જો આપવાની વર્ષો જૂની માંગને પૂરી કરવામાં આવતાં લડાખ પણ હવે પ્રગતિનાં માર્ગે

## નાણાકીય વ્યવસ્થાપનમાં અભૂતપુર્વ પારદર્શિતા


તમામ કામ માટે ઈ-ટેન્ડરિંગ ફરજિયાત


જિયો ટેગિંગ અને 100 ટકા સર્ટિફિકેશન

**જનતાની યોજનામાં જનતાની ભાગીદારી માટે સશક્તિકરણ પોર્ટલ જેમાં કોઈ પણ નાગરિક કોઈ પણ વર્તમાન પ્રોજેક્ટની સંપૂર્ણ માહિતી મેળવી શકે છે. આ પોર્ટલ પર હાલમાં લગભગ 39,000 પ્રોજેક્ટ ઉપલબ્ધ છે.**

## સુશાસનનો નવો અધ્યાય

**સુશાસન ઈન્ડેક્સમાં જમ્મુ કાશ્મીર દેશ માટે માપદંડ બન્યું**

**50276**
પ્રોજેક્ટ પૂરા થયા 2021-22માં, જ્યારે 2019-20માં 12367 પ્રોજેક્ટ પૂરા કરવામાં આવ્યા.

## ઊર્જા ક્ષેત્રમાં મોટી છલાંગ

**3500**
મેગાવોટ અત્યાર સુધી ઉત્પાદન, જેને આગામી ત્રણ વર્ષમાં બમણું અને આગામી સાત વર્ષમાં ત્રણ ગણું કરવાનું લક્ષ્ય.



**2019-20માં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ 1325 કિ.મી.નાં રોડ બન્યા, 2021-22માં 3284 કિ.મી. આ યોજના અંતર્ગત 125 પુલોનું નિર્માણ થશે અંતરિયાળ વિસ્તારોને જોડવા માટે.**

**નાબાર્ડ તરફથી 2019-20માં 84 પ્રોજેક્ટને મંજૂરી મળી હતી, તો 2021-22માં 400 પ્રોજેક્ટને મંજૂરી મળી. 200થી વધુ સેવાઓને ઓનલાઈન કરીને સિંગલ વિન્ડો કરવામાં આવી.**

## કૃષિ અને ખેડૂત કલ્યાણ માટે

- કૃષિમાંથી માસિક આવકના સંદર્ભમાં રાજ્યને ત્રીજું સ્થાન મળ્યું છે, તો કૃષિ અને સંલગ્ન બાબતોમાં દેશમાં પાંચમા ક્રમનો સારો દેખાવ કરનાર કેન્દ્ર શાસિત પ્રદેશ બન્યો છે.
- કાશ્મીરનાં કેસરને જીઆઇ ટેગ મળ્યો અને ઉત્પાદનમાં વધારાથી કેસર ઉત્પાદકોની આવક બમણી થઈ. કિસાન ક્રેડિટ કાર્ડ, પીએમ કિસાન યોજનાનાં લાભનું વર્તુળ ઝડપથી મોટું થયું. 4219 પંચાયતોમાં મફત થ્રેશર આપવામાં આવ્યું. કૃષિ સંલગ્ન અન્ય સ્થાનિક ચીજોને વૈશ્વિક સ્તર પર પ્રોત્સાહન મળી રહ્યું છે.

## આરોગ્ય ક્ષેત્રમાં સમૃધ્ધિ તરફ

હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે 7177 કરોડ રૂપિયાનાં ખર્ચે બે નવી એઇમ્સ, 10 નવી નર્સિંગ કોલેજ, બે રાજ્ય કેન્સર સંસ્થા, 7 નવી મેડિકલ કોલેજ, પાંચ નર્સિંગ કોલેજનું અપગ્રેડેશન કરવામાં આવી રહ્યું છે અને 274 અન્ય પ્રોજેક્ટ્સને મૂડી ખર્ચ અંતર્ગત રાખવામાં આવ્યા છે.

**881** કરોડ રૂપિયાનાં ખર્ચે જિલ્લા સ્તરે આરોગ્ય માળખાને અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે, કુલ 140 પ્રોજેક્ટ્સમાંથી 132 પૂરા થઈ ચૂક્યા છે અને બાકીના 2022-23માં પૂરા થશે.

- આરોગ્ય, આયુષમાં રોકાણની નીતિને મંજૂરી આપવામાં આવી છે, નશા મુક્તિ માટે પણ નીતિને મંજૂરી

- ઓક્સિજન પ્લાન્ટની સંખ્યા 2020માં 24 હતી, જે હવે 173 થઈ છે અને તેની ક્ષમતા 14916 એલપીએમથી વધીને 1,34,916 થઈ છે.
- કોવિડથી અસરગ્રસ્ત 418 કેસોમાં પીએમ કેર્સ ફન્ડ દ્વારા પેન્શન મંજૂર અને 414 કેસમાં શિષ્યવૃત્તિને મંજૂરી
- કોવિડમાં ઘરમાં કમાનાર વ્યક્તિને ગુમાવનાર પરિવાર માટે વિશેષ આર્થિક સહાયતા

## શિક્ષણનાં ક્ષેત્રમાં નવાં પરિમાણો

**600** થી વધુ નિર્માણ કાર્ય પૂરા થયા સમગ્ર શિક્ષા અંતર્ગત

**59** કસ્તુરબા ગાંધી કન્યા વિદ્યાલય અને 23 હોસ્ટેલ

**38000** શિક્ષકોને નિયમિત કરવામાં આવ્યા જમ્મુ-કાશ્મીરમાં

**12** લાખથી વધુ વિદ્યાર્થીઓને પ્રથમ વાર સ્વાસ્થ્ય કાર્ડ જારી કરવામાં આવ્યા. ટ્રાન્સફર-નિયુક્તિ પ્રક્રિયાને પારદર્શી અને ઓનલાઇન કરવામાં આવી.

- 4000 શાળાઓને સૌર ઊર્જાથી સજ્જ કરવામાં આવી. માર્ચ, 2023 સુધી 500 શાળાઓમાં અટલ ટિન્કરીંગ લેબની સ્થાપના થશે. 6 એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કુલની સ્થાપના, આદિવાસી વિસ્તારમાં 200 સ્માર્ટ સ્કુલ.
- આઇઆઇટી, આઇઆઇએમની સ્થાપના રેકોર્ડ સમયમાં થઈ. પ્રથમ વાર 50 નવી કોલેજની શરૂઆત, તેમાં 25,000 વધારાની સીટો એક વર્ષમાં ઉમેરવામાં આવી. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાગુ કરવામાં આવી.





## મહિલાઓ માટે સમાન અધિકાર અને તકો

- 60,000 સ્વસહાય જૂથની પાંચ લાખથી વધુ મહિલાઓને લાભ મળ્યો.
- 'હૌસલા' પહેલથી મહિલા ઉદ્યોગ સાહસિકોને તક મળી. પ્રથમ બેચને 158 કરોડ રૂપિયાનાં ધિરાણની પ્રક્રિયા જારી.
- તેનાં દ્વારા નાણાકીય મદદ સુધીની પહોંચ, બેન્કો સાથે જોડાવું, નીતિગત પ્રોત્સાહન, મિશન યુથ અંતર્ગત મદદ, ઈ-કોમર્સ પ્લેટફોર્મથી જોડવું વગેરેનો સમાવેશ થાય છે.
- ડિજિ પે સખી, કૃષિ સખી, પશુ સખી, ઉમ્મીદ મહિલા હાટ જેવી પહેલથી મહિલાઓને અલગ અલગ ક્ષેત્રોમાં નવી તકો.

### રોકાણ માટે આકર્ષક કેન્દ્ર

52000 કરોડ રૂપિયાનાં રોકાણ પ્રસ્તાવ મળ્યા, જેનાંથી 2.37 લાખ રોજગાર સર્જનની તકો. તેમાંથી 14500 કરોડ રૂપિયાનાં પ્રોજેક્ટ કાશ્મીર ડિવિઝન માટે અને 21600 કરોડ રૂપિયાનાં પ્રોજેક્ટ જમ્મુ ડિવિઝન માટે.

છે.

કેન્દ્ર સરકારનો અભિગમ, નીતિ અને વ્યૂહ જનકલ્યાણથી રાષ્ટ્ર કલ્યાણનો છે, ત્યારે એક ભારત-શ્રેષ્ઠ ભારતના વિચાર સાથે જમ્મુ કાશ્મીર અને લડાખના લોકોનો વિકાસ કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા બની ચૂકી છે. ત્રણ વર્ષ પહેલાં પાંચ ઓગસ્ટનાં રોજ કેન્દ્ર સરકારે એક નિર્ણય લીધો હતો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણમાં જમ્મુ-કાશ્મીર ખાસ કરીને ખીણમાં વિકાસનાં નવા યુગની શરૂઆત થઈ. તેનાં વધુ સારા પરિણામ 2024 સુધી જોવા મળશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ કહે છે, "વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં હૃદયમાં કાશ્મીર વસે છે. તેઓ જ્યારે પણ વાત કરે છે ત્યારે કહે



## યુવાનો માટે સપના સાકાર કરવાની તકો

- મુમકિન, તેજસ્વિની, રાઇઝ ટુ ગેધર, વોલ્યન્ટર પ્રોગ્રામ દ્વારા યુવાનોને આગળ વધવાની તક મળી રહી છે. અવસર જેવા પ્લેટફોર્મથી કોર્પોરેટમાં પ્લેસમેન્ટની પહેલ. યોજનામાં 100 વહીવટી સેવામાં ઇચ્છુકને સુવિધા.
- ગ્રામ્ય સ્તરે વિવિધ યોજનાઓ દ્વારા રોજગારીનાં નવા સાધન અને તકો આપીને તેમને સશક્ત બનાવવામાં આવી રહ્યા છે. યોગ્યતાથી રોજગાર માટે પારદર્શક રીતે મોટા પાયે ભર્તી અભિયાન ચાલી રહ્યું છે.
- 17 લાખથી વધુ યુવાનોને રમતગમત પ્રવૃત્તિ સાથે જોડવામાં આવ્યા અને 1.26 લાખ યુવાનો કોચિંગ મેળવી રહ્યા છે. દરેક જિલ્લામાં ઈનડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, દરેક પંચાયતમાં રમતનું મેદાન અને રાજ્યમાં સ્ટેડિયમ અને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધા.

**"અમારા માટે 5 ઓગસ્ટનો નિર્ણય અટલ છે અને જમ્મુ-કાશ્મીર, લડાખને નવા રસ્તા પર લઈ જવાનો નિર્ણય પણ અટલ છે. 5 ઓગસ્ટનાં રોજ જમ્મુ-કાશ્મીરમાં ભારતનું સંપૂર્ણ બંધારણ લાગુ થયું, સમગ્ર કાયદા લાગુ થયા. 70 વર્ષથી જમ્મુ-કાશ્મીર અને લડાખનાં વિકાસમાં જે સૌથી મોટો અવરોધ હતો તેને અમે 5 ઓગસ્ટનાં રોજ દૂર કરી દીધો." -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## સમાનતા અને ન્યાય બધાં સુધી

- અનામતની જોગવાઈમાં પરિવર્તન લાવીને દાયરો વધારવામાં આવ્યો. 4 ટકા પહાડી બોલનારાઓને, 10 ટકા આર્થિક રીતે નબળા વર્ગને અનામત.
- અન્ય સામાજિક વર્ગનો દાયરો 2થી વધારીને 4 ટકા કરવામાં આવ્યો. સરહદ પર નિયંત્રણ રેખા પાસે રહેનારા લોકોનો દાયરો 3થી વધારીને 4 ટકા કરવામાં આવ્યો.
- અન્ય પછાત વર્ગનાં અનામત માટેની આવક મર્યાદા 4.5 લાખથી વધારીને 8 લાખ કરવામાં આવી.
- વિધાનસભા સીટો પર જનજાતીય અનામત વસતિ પ્રમાણે.
- અત્યાર સુધી 53,64,336 કાયમી નિવાસી પ્રમાણપત્ર જારી.
- બે જનજાતીય સંગ્રહાલય, બે જનજાતીય ભવન. 15 હોસ્ટેલનું અપગ્રેડેશન. 60 ગામોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર ભાર.


## લોકશાહીનું વિકેન્દ્રીકરણ

- પંચાયતી રાજ કાયદાને ત્રણેય સ્તર પર લાગુ કરવામાં આવ્યો. તમામ 20 જિલ્લા માટે જિલ્લા યોજના મંજૂર અને બજેટ બમણું કરીને રૂ. 12,600 કરોડ થયું.
- લોક પ્રતિનિધિ અને તેમનાં પરિવારોને 25 લાખ રૂપિયાની વીમા સુરક્ષા.
- વહીવટને સંપૂર્ણ પણે પેપરલેસ કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી. 1000 ગ્રામ પંચાયતોને ભારત નેટથી જોડવામાં આવી.
- પ્રથમ વાર જમ્મુ કાશ્મીરના ઈતિહાસમાં 150 વર્ષ જૂની 'દરબાર મુવ' પ્રથા નાબૂદ કરવામાં આવી. છ-છ મહિના માટે બે રાજધાની હોવાને કારણે 'દરબાર મુવ' એટલે કે ટ્રકોમાંથી બધો સામાન ભરીને લાવવામાં આવતો હતો. જેને કારણે સરકારી ખર્ચ વધી જતો હતો.

## પર્યટકોની સંખ્યામાં તીવ્ર વધારો

ધરતી પરનું સ્વર્ગ કહેવાતા કાશ્મીરમાં પર્યટકોની સંખ્યામાં વિક્રમ નોંધાયો છે. ઓક્ટોબર 2021થી માર્ચ 2022 સુધીમાં 79 લાખ પર્યટકોએ જમ્મુ કાશ્મીરની મુલાકાત લીધી હતી. માત્ર ડિસેમ્બર 2021માં જ શ્રીનગર એરપોર્ટ પર આવનારા યાત્રીઓની સંખ્યા 3.24 લાખથી વધુ હતી. રાજ્યમાં 75 ઓફબીટ પર્યટન કેન્દ્રોને વિકસાવવામાં આવી રહ્યા છે. હાઉસબોટ ફેસ્ટિવલ, સુફી, સાહિત્ય સહિતનાં ફેસ્ટીવલ-કાર્યક્રમોનું આયોજન કરીને પર્યટનને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

છે કે બધી યોજનાઓ બરાબર પહોંચી રહી છે કે નહીં. તેઓ પૂછે છે, તમામ યોજનાઓનાં લાભ ભારતનાં બાકીનાં રાજ્યોની જેમ જમ્મુ કાશ્મીરમાં પહોંચે છે કે નહીં". ચોક્કસપણે, જમ્મુ કાશ્મીરનો વિકાસ દેશની અંદર વિકાસનો જે માહોલ છે, તેનાંથી પણ વધુ થાય એવા અભિગમ સાથે જમ્મુ કાશ્મીર અને લડાખનો વિકાસ થઈ રહ્યો છે. પુલવામા ઘટના પહેલાં આતંકવાદીઓનો ત્રાસ હતો હવે પુલવામામાં 2000 કરોડ રૂપિયાનાં ખર્ચે એઈમ્સ બની રહી છે. યુવાનો માટે કોલેજો બંધ હતી, હવે લગભગ રૂ. 900 કરોડનાં ખર્ચે IIT,NIFT જેવી ટોચની સંસ્થાઓ આવી રહી છે. અહીં બે એઈમ્સ અને મેડિકલ કોલેજ પણ આવી છે. ●



# નમઃ શિવાય

## વડાપ્રધાન મોદીનાં તાજેતરનાં ઝારખંડ પ્રવાસમાં મહાદેવની નગરી દેવઘરને એરપોર્ટની ભેટ, ઝારખંડમાં એક સાથે રૂ. 16,800 કરોડની યોજનાઓ શરૂ થઈ

**હાઈ સ્પીડ કનેક્ટિવિટી શહેરોને જોડવાની સાથે સાથે તેમનાં વિકાસનો નવો માર્ગ પણ તૈયાર કરે છે. એક સમયે માત્ર મોટાં શહેરો પૂરતી મર્યાદિત વિમાન સેવા હવે 'ઉડાન' યોજના અંતર્ગત નાના અને મધ્યમ કદનાં શહેરો સુધી પહોંચી ગઈ છે. આ પરિવર્તન માત્ર કનેક્ટિવિટી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં જ નથી જોવા મળી રહ્યું, પણ તેનાં દ્વારા આસ્થાનાં કેન્દ્ર સમાન સ્થળોને પણ આવરી લેવામાં આવી રહ્યા છે. ભગવાન બુધ્ધની નગરી કુશીનગર બાદ હવે મહાદેવની નગરી દેવઘરને પણ એરપોર્ટની ભેટ આપવામાં આવી છે.**

ભગવાન શિવના 12 જ્યોતિલિંગોમાંથી એક બાબા બૈદ્યનાથની નગરી બાબા ધામ આવીને દરેકનું મન પ્રસન્ન થઈ જાય છે. ભારતમાં આસ્થા અને આદ્યાત્મનું આ મુખ્ય કેન્દ્ર હવે વિમાન માર્ગે જોડાઈ ગયું છે. 12 જુલાઈનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેવઘર એરપોર્ટનું ઉદઘાટન કર્યું. બૈદ્યનાથ મંદિર આવનારા તેઓ દેશના પ્રથમ વડાપ્રધાન છે. આ સાથે, તેમણે ઝારખંડમાં રૂ. 16,800 કરોડનાં પ્રોજેક્ટ્સનાં ઉદઘાટન અને શિલાન્યાસ પણ કર્યા.

કેન્દ્રીય પર્યટન મંત્રાલયની 'પ્રસાદ' યોજના હેઠળ બાબા બૈદ્યનાથ ધામમાં સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. દેશનાં નાના અને મધ્યમ શહેરોને વિમાન માર્ગે જોડવા માટે શરૂ કરવામા આવેલી ઉડાન યોજના અંતર્ગત દેવઘરમાં એરપોર્ટ બનાવવામાં આવ્યું છે. 12 જુલાઈનાં રોજ આ એરપોર્ટની શરૂઆત પણ થઈ ગઈ. ઝારખંડનું આ બીજું એરપોર્ટ છે. દેશનાં આસ્થા અને આદ્યાત્મ કેન્દ્રોમાં કનેક્ટિવિટીની સાથ સાથે સુવિધાઓ પૂરી પાડવાનાં કેન્દ્ર સરકારનાં વિઝનનાં ભાગ રૂપે અહીં એરપોર્ટ શરૂ કરવામાં આવ્યું છે. એરપોર્ટનું ઉદઘાટન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "બાબા બૈદ્યનાથનાં આશીર્વાદથી આજે 16,000 કરોડ રૂપિયાનાં ખર્ચે

# ઝારખંડનું બીજું એરપોર્ટ દેવઘરમાં 2018માં વડાપ્રધાન મોદીએ પાયો નાખ્યો હતો



- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 25 મે, 2018નાં રોજ દેવઘરમાં એરપોર્ટનાં વિકાસનો પાયો નાખ્યો હતો. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ 401 કરોડ રૂપિયાનાં ખર્ચે તેનું નિર્માણ કર્યું છે. દેવઘર એરપોર્ટ 657 એકરમાં ફેલાયેલું છે. તેમાં રનવેનાં નિર્માણનો સમાવેશ થાય છે. તેની લંબાઈ 2500 મીટર અને પહોળાઈ 45 મીટર છે. આ રનવે એરબસ એ-320 અને બોઈંગ 737 એમ બંને પ્રકારનાં વિમાનોના હેન્ડલિંગ માટે સક્ષમ છે.
- વડાપ્રધાને એઈમ્સ દેવઘર ઈન-પેશન્ટ વિભાગ (આઈપીડી) અને ઓપરેશન થિયેટર સંબંધિત સેવાઓ રાષ્ટ્રને સમર્પિત કરી. દેવઘરમાં એઈમ્સ સમગ્ર વિસ્તારમાં દર્દીઓ માટે વરદાન સમાન છે.
- વડાપ્રધાને 10,000 કરોડ રૂપિયાથી વધુનાં ખર્ચે અનેક રોડ પ્રોજેક્ટ્સનો શુભારંભ અને શિલાન્યાસ કર્યો.
- આ વિસ્તારમાં લગભગ 3,000 કરોડ રૂપિયાનાં વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો શુભારંભ અને શિલાન્યાસ કર્યો
- બે રેલ પ્રોજેક્ટ્સ- ગોડ્ડા-હંસડીહા ઈલેક્ટ્રિફિકેશન ડિવિઝન અને ગરહવા-મહુરિયા ડબલીકરણ પ્રોજેક્ટ્સને રાષ્ટ્રને સમર્પિત

## હવાઈ ચપ્પલ પહેરનારાની પહોંચમાં હવે હવાઈ સફર

- ઉડાન યોજના અંતર્ગત છેલ્લાં 5-6 વર્ષમાં લગભગ 70થી વધુ નવા સ્થળોને એરપોર્ટ્સ, હેલિપોર્ટ્સ અને વોટર એરોડ્રોમ્સ સાથે જોડવામાં આવ્યા છે.
- ઉડાન યોજના અંતર્ગત અત્યાર સુધી એક કરોડ પ્રવાસીઓએ બહુ ઓછા દરમાં હવાઈ યાત્રા કરી છે. આમાંથી, લાખો પ્રવાસીઓએ પ્રથમ વાર એરપોર્ટ જોયું અને પ્રથમ વાર વિમાનમાં બેઠાં.
- 400થી વધુ નવા રૂટ્સ પર સામાન્યથી સામાન્ય નાગરિકને વિમાન પ્રવાસની સુવિધા મળી રહી છે.

### બિહાર વિધાનસભાના શતાબ્દિ સમારોહમાં સંબોધન


## બિહાર વિધાનસભામાં પ્રથમ વાર વડાપ્રધાન ગયા


***ભારતીય લોકશાહીની એક ખૂબી કેન્દ્ર અને રાજ્યના સંબંધો પણ છે. 12 જુલાઈનાં રોજ તેનું ઉદાહરણ જોવા મળ્યું, જ્યારે બિહાર વિધાનસભાના શતાબ્દિ સમારોહ સમાપનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યું. બિહાર વિધાનસભા પરિસરમાં પહોંચનાર તેઓ પ્રથમ વડાપ્રધાન છે.***

"જ્યારે વિશ્વનાં અન્ય ભાગોમાં લોકશાહી અધિકારોની સમજ વિક્સિત થવાનું શરૂ થયું હતું ત્યારે લિચ્છવી અને વજ્જી સંઘ જેવા ગણરાજ્ય પોતાનાં શિખર પર હતા. જ્યારે વિશ્વનાં મોટાં ઉપખંડો સભ્યતા અને સંસ્કૃતિ તરફ પોતાનું પ્રથમ પગલું ભરી રહ્યા હતા ત્યારે વૈશાલીમાં પારદર્શક લોકશાહીનું સંચાલન થઈ રહ્યું હતું." લોકશાહી માટે બિહાર વિધાનસભા શતાબ્દિ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહેલાં આ શબ્દ બિહારની ધરતીનું મહત્વ દર્શાવવા માટે પૂરતાં છે. બિહાર લોકશાહી વિરુધ્ધ કંઈ પણ સ્વીકાર ન કરી શકે. આઝાદી બાદ પણ બિહાર તેનાં પર અડગ રહ્યું. વડાપ્રધાને વિધાનસભામાં શતાબ્દિ સમારોહ સ્મૃતિ સ્તંભનું ઉદઘાટન પણ કર્યું. આ સાથે, તેમણે વિધાનસભા અતિથી ગૃહ અને સંગ્રહાલયનો શિલાન્યાસ કર્યો. આ સંગ્રહાલયની વિવિધ ગેલેરેમાં બિહારમાં લોકશાહીનાં ઈતિહાસ અને વર્તમાન નાગરિક સંરચનાનાં વિકાસનું પ્રદર્શન કરવામાં આવશે.

---

પ્રોજેક્ટ્સનાં લોકાર્પણ અને શિલાન્યાસ થયા છે. છેલ્લાં આઠ વર્ષમાં હાઈવે, રેલવે, વોટરવે દ્વારા ઝારખંડને જોડવાનાં પ્રયત્નોમાં પણ આ જ ભાવના સર્વોપરિ રહી છે." દેવઘર એરપોર્ટ અને અન્ય વિકાસ પ્રોજેક્ટ્સ ભલે ઝારખંડમાં શરૂ થઈ રહ્યા હોય પણ તેનાથી બિહાર અને પશ્ચિમ બંગાળનાં અનેક વિસ્તારોને સીધો લાભ થશે. એટલે કે આ પ્રોજેક્ટ્સ પૂર્વ ભારતનાં વિકાસને પણ ગતિ આપશે. આદિવાસી વિસ્તારોમાં આવી આધુનિક સુવિધાઓ આ વિસ્તારની તકદીર બદલનારી છે.












## ડિજિટલ ઇન્ડિયા

# ગુજરાત સેમી કન્ડક્ટર ઉત્પાદનનું કેન્દ્ર બનશે

**ડિજિટલ ઇન્ડિયાનાં માધ્યમથી ભારતે ઉદાહરણ સ્થાપિત કર્યું કે ટેકનોલોજીનો સાચો ઉપયોગ સમગ્ર માનવતા માટે ક્રાંતિકારી સાબિત થઈ શકે છે. આઠ વર્ષ પહેલાં શરૂ થયેલું આ અભિયાન બદલાતા સમયની સાથે વિસ્તરણ પામી રહ્યું છે. એટલાં માટે જ આજે વિશ્વની 40 ટકા ડિજિટલ લેવડદેવડ ભારતમાં થાય છે. ડિજિટલ ઇન્ડિયા દ્વારા જે પારદર્શિતા આવી છે, તેણે ગરીબ અને મધ્યમ વર્ગને અનેક સ્તરો પર થતાં ભ્રષ્ટાચારમાંથી મુક્તિ આપી છે. હવે ભારત સેમી કન્ડક્ટર ચિપ ઉત્પાદનનું હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આ બાબતમાં ગુજરાતમાં મોટી શરૂઆત થઈ છે. 4 જુલાઈનાં રોજ ગાંધીનગરમાં ડિજિટલ ઇન્ડિયા સપ્તાહનાં ઉદઘાટન સાથે ડિજિટલ ઇન્ડિયા સાથે સંકળાયેલી અનેક પહેલનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રારંભ કર્યો...**

ડિજિટલ લેવડદેવડમાં ઝડપથી થઈ રહેલો વધારો આજે ભારતીય અર્થતંત્રમાં નવા પરિમાણો સ્થાપિત કરી રહ્યો છે. મોબાઇલ ફોન દ્વારા એક ક્લિક દ્વારા નાણાની લેવડદેવડ થઈ રહી હોવાથી સમાજનાં દરેક વર્ગને તેનાંથી લાભ થઈ રહ્યો છે. ગુરુચરણસિંહ વેપારી છે. તેઓ કહે છે, "આજે બટનનો જમાનો છે. આજે દરેક ગ્રાહક પૂછે છે, QR કોડ કયાં છે.?" ડિજિટલ ઇન્ડિયા અભિયાન અંતર્ગત કોમન સર્વિસ સેન્ટર (સીએસસી)ની સુવિધાએ સામાન્ય લોકોનાં જીવનને ઘણું સરળ બનાવી દીધું છે. તેનાંથી ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોને સ્થાનિક સ્તરે આજીવિકાનું સારું સાધન મળ્યું છે. બિહારમાં, મુઝફ્ફરપુરના સીએસસી સંચાલક ઋષિ રાજુ કહે છે, "આને કારણે અમને રોજગારી મળી છે અને ગ્રામીણ વિસ્તારને સુવિધા મળી છે. પહેલાં ગામડાંના લોકો પોતાનું કામ કરાવવા માટે બહાર જતા હતા. હવે અહીં જ તેમનું કામ થઈ જાય છે. તેનાંથી લોકો ખૂબ ખુશ છે." ખરેખર તો, ડિજિટલ ઇન્ડિયાથી લોકોનાં જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. 8-10 વર્ષ પહેલાંની જ વાત છે, જ્યારે જન્મ પ્રમાણપત્ર, બિલ જમા કરાવવા, રેશન, સ્કુલમાં એડમિશન માટે અને બેન્કોમાં લાઈન લાગતી હતી. હવે આ તમામ લાઈનોનો ઉકેલ ડિજિટલ ઇન્ડિયાનાં ઓનલાઈન દ્વારા આવી ગયો છે. આજે વરિષ્ઠ નાગરિકોનાં હયાતીનાં પ્રમાણપત્ર, રિઝર્વેશન, બેન્કિંગ વગેરે સેવાઓ ડિજિટલ થવાથી હાથવગી, ઝડપી અને સસ્તી થઈ ગઈ છે.

ગાંધીનગરમાં ડિજિટલ ઇન્ડિયા સપ્તાહ 2022નું ઉદઘાટન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિજિટલ ઇન્ડિયાનું મહત્વ સમજાવતા જણાવ્યું કે, સમયની સાથે જે દેશ આધુનિક ટેકનોલોજીને નથી અપનાવતો, તેને સમય પાછળ છોડીને આગળ નીકળી જાય છે. ત્રીજી ઓદ્યોગિક ક્રાંતિ વખતે ભારત તેનો ભોગ બની ચૂક્યું છે. પણ આજે આપણે ગર્વથી કહી શકીએ કે ભારત ચોથી ઔદ્યોગિક ક્રાંતિ ઇન્ડસ્ટ્રી 4.0માં વિશ્વને દિશા આપી



## ગાંધીનગરમાં અનેક પહેલનો શુભારંભ

### ચિપ્સ ટુ સ્ટાર્ટઅપ (સી2એસ) કાર્યક્રમ
30 સંસ્થાઓએ પ્રથમ સમૂહની જાહેરાત કરી છે. આ કાર્યક્રમ અંતર્ગત આ સમૂહને સેમિ કન્ડક્ટર ચિપ ઉત્પાદન ક્ષેત્રમાં મદદ કરવામાં આવશે.

### 'ડિજિટલ ઈન્ડિયા' જેનેસિસ
વડાપ્રધાન ડિજિટલ ઈન્ડિયા જેનેસિસ (ઈનોવેટિવ સ્ટાર્ટઅપ માટે નેક્સ્ટ જેન સપોર્ટ)-નેશનલ ડીપ-ટેક સ્ટાર્ટઅપ પ્લેટફોર્મ લોંચ કર્યું

### 'ડિજિટલ ઈન્ડિયા ભાષિની'નું આયોજન
ભારતીય ભાષાઓને સમૃધ્ધ બનાવવાની પહેલ. 'ડિજિટલ ઈન્ડિયા ભાષિની' લોંચ કરવામાં આવ્યું, જે ભારતીય ભાષાઓમાં ઈન્ટરનેટ અને ડિજિટલ સેવાઓ સુધીની સરળ પહોંચને સક્ષમ કરશે.

### 'ઈન્ડિયાસ્ટેક,ગ્લોબલ'
'ઈન્ડિયાસ્ટેક.ગ્લોબલ'નો શુભારંભ. તેનાં પર આધાર, યુપીઆઇ, ડિજિલોકર, કોવિન વેક્સિન પ્લેટફોર્મ, ગવર્મેન્ટ ઈ-માર્કેટ પ્લેસ (GEM), દીક્ષા પ્લેટફોર્મ અને આયુષ્યમાન ભારત ડિજિટલ સ્વાસ્થ્ય મિશનની સુવિધાઓ એક સાથે ઉપલબ્ધ રહેશે.

### 'માયસ્કીમ'નું લોકાર્પણ
વડાપ્રધાને 'માયસ્કીમ'નું લોકાર્પણ કર્યું. તે સેવા શોધવા માટેનું પ્લેટફોર્મ છે, જેનાથી સરકારી યોજનાઓ સુધી પહોંચી શકાય છે.

### 'મેરી પહેચાન'નું લોકાર્પણ
વડાપ્રધાને 'મેરી પહેચાન- એક વ્યક્તિત્વ'નાં લોગઈન માટે નેશનલ સિંગલ સાઈ ઓન સુવિધાનું પણ લોકાર્પણ કર્યું. નેશનલ સિંગલ સાઇન-ઓન (NSSO) યુઝર ઓથેન્ટિકેશન સર્વિસ છે.

...સુરતમાં પ્રાકૃતિક ખેતી પર કાર્યક્રમ

## પ્રાકૃતિક ખેતીથી ધરતી માતા-ગૌમાતાની સેવાની તક

**પ્રાકૃતિક ખેતી દેશનાં ખેડૂતોને આર્થિક રીતે મજબૂત કરી રહી છે એટલું જ નહીં પણ માટી અને પર્યાવરણની પણ રક્ષા કરી રહી છે. સુરતમાં 10 જુલાઈનાં રોજ પ્રાકૃતિક ખેતી સંમેલનને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોને આગળ આવવા અને પ્રાકૃતિક ખેતીને અપનાવવાની વિનંતી કરી....**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરતમાં પ્રાકૃતિક ખેતી પર આયોજિત સંમેલનને સંબોધિત કર્યું. સંમેલનમાં પીએમ મોદીએ કહ્યું, "પ્રાકૃતિક ખેતીને અપનાવવી ધરતી માતાની સેવા સમાન છે." વાસ્તવમાં, ભારત પ્રકૃતિ અને સંસ્કૃતિની રીતે કૃષિ આધારિત દેશ રહ્યો છે અને પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલું જન અભિયાન આગામી વર્ષોમાં બહુ સફળ થશે. આ કારણસર વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, જ્યારે તમે પ્રાકૃતિક ખેતી કરો છો ત્યારે તમે ધરતી માતાની સેવા કરો છો. માટીની ગુણવત્તા, જમીનની તંદુરસ્તી તેની ઉત્પાદકતાનું રક્ષણ કરે છે. જ્યારે તમે પ્રાકૃતિક ખેતી સાથે સંકળાવ છો ત્યારે તમને સહજ રીતે ગૌમાતાની સેવા કરવાનું સૌભાગ્ય પણ મળ જાય છે."—


રહ્યું છે. વડાપ્રધાને જણાવ્યું, "મને એ વાતની ખુશી છે કે આઠ વર્ષ પહેલાં શરૂ થયેલું આ અભિયાન બદલાતા સમયની સાથે ખુદનું વિસ્તરણ કરી રહ્યું છે." ડિજિટલ ઈન્ડિયાનાં માધ્યમથી દેશ 'ભવિષ્યનું ભારત, આધુનિક ભારત, સમૃધ્ધ અને સશક્ત ભારત' ની દિશામાં આગળ વધવાની તૈયારીની તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. આટલું જ નહીં, ભારત આગામી ત્રણ-ચાર વર્ષમાં ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગને 300 અબજ ડોલર કરવાનાં લક્ષ્ય પર કામ કરી રહ્યું છે. ભારત હવે 'ચિપ ટેકર'માંથી 'ચિપ મેકર' બનવા માંગે છે. સેમી કન્ડક્ટર્સનું ઉત્પાદન વધારવા માટે ભારતમાં ઝડપથી રોકાણ વધી રહ્યું છે. ●

# અમૃત મહોત્સવથી સ્વર્ણિમ ભારત તરફ.....











**આઝાદીની 75મી વર્ષગાંઠને ઉત્સવનું રૂપ આપીને નવા ભારતના સંકલ્પને સાકાર કરી રહેલી ભારત સરકારે નવી પહેલ, કાર્યક્રમો અને સ્પર્ધાઓ સાથે ભારતનાં વર્તમાન અને ભવિષ્યની યોજનાઓને આકાર આપ્યો છે, જેથી દેશ જ્યારે આઝાદીની 100મી વર્ષગાંઠ મનાવતો હોય ત્યારે બધાનાં પ્રયાસથી આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર થાય. પણ આઝાદીનાં પાયા પર ઊભી રહેલી આ ભવ્ય ઈમારત રાષ્ટ્રની મંઝિલ નથી, માર્ગ છે, એક નવા ભારતની શરૂઆત છે.**

**આઝાદીના 75 વર્ષ પૂરા થવા પ્રસંગે આવો જાણીએ કઈ રીતે સહભાગિતાથી ઉત્સવને સંકલ્પમાં બદલીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રના વિકાસને ગતિ આપી, તો સમૃદ્ધ વારસાને નવી ઓળખ આપી. 'સબકા પ્રયાસ' બની રહ્યો છે સ્વર્ણિમ ભારતનો આધાર**

છત્તીસગઢમાં બિલાસપુરના લોખંડી ગામની મહિલાઓએ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ અને ગ્રામીણ વિકાસનું અનોખું દૃષ્ટાંત રજૂ કર્યું. ગામની ઉજ્જડ સરકારી જમીનમાં ચોમાસામાં પાણીનો સંચય થતો હતો. પણ પૂરતી વ્યવસ્થા ન હોવાથી પાણી જલ્દી સૂકાઈ જતું હતું. ગામની 410 મહિલાઓએ જળ સહેલી સ્વસહાય જૂથ બનાવીને આ ઉજ્જડ જમીન પર છ મહિના મહેનત કરીને તળાવ બનાવી દીધું. હવે તેમાં વરસાદનાં પાણીનો સંચય થવા લાગ્યો છે. તેમાં માછલી સાથે બતક પાલન કરી રહી છે. તેનાંથી થતી આવકનો 30 ટકા હિસ્સો ગામના વિકાસ માટે ખર્ચવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ રીતે, હરિયાણાના યુમુનાનગરમાં આઝાદીના અમૃત મહોત્સવ અતંર્ગત શરૂ કરવામાં આવેલા વાંચન કૌશલ્ય કાર્યક્રમનાં સકારાત્મક પરિણામ મળવા લાગ્યા છે. બાળકોને વાંચન સાથે જોડવાની પહેલ હવે આગળ વધવા માંડી છે. સરકારી શાળાઓનાં બાળકો હવે પાઠ્યપુસ્તક ઉપરાંત માહિતીપ્રદ પુસ્તકો વાંચીને પરંપરાગત શિક્ષણથી ઉપર ઊઠીને પોતાનાં કૌશલ્યને વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. સરકારી શાળાઓના બાળકોને શિક્ષણનાં ક્ષેત્રમાં આગળ લાવવા માટે વાંચન કૌશલ્ય કાર્યક્રમની શરૂઆત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ 3થી 8 સુધીનાં તમામ બાળકોને લાઈબ્રેરીમાં દરરોજ અડધો કે એક કલાક પુસ્તક વાંચવા આપવામાં આવે છે, જેને બાળકો શિક્ષકનાં માર્ગદર્શનમાં વાંચે છે. કેટલાંક બાળકો કવિતા, કેટલાંક બાળકો વાર્તા કે અન્ય પુસ્તકોમાં રૂચિ દર્શાવે છે. બાળકો પુસ્તકો વાંચ્યા બાદ પોતાની વાર્તાઓને સવારે પ્રાર્થના સભામાં સંભળાવે છે. આ કાર્યક્રમથી બાળકોમાં જાતે લખવાની અને વાંચવાની પ્રતિભા વિક્સી રહી છે. હરિયાણાનાં કુરુક્ષેત્રના કિરમચ ગામમાં અમૃત સરોવર યોજનાનો આરંભ કરવામાં આવ્યો છે. કિરમચ ગામમાં 15,85 એકરમાં અમૃત સરોવર બનાવવામાં આવશે અને તેનાં માટે 1.26 કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું છે. આઝાદીના અમૃત મહોત્સવમાં ઐતિહાસિક તળાવોનાં અમૃત સરોવર યોજના અંતર્ગત જીર્ણોધ્ધાર અને સૌંદર્યીકરણનું કામ કરવામાં આવી રહ્યું છે. આ અમૃત સરોવર યોજનાથી પાણીનાં એક-એક


# સેવા, સમર્પણ અને સંકલ્પનો અમૃત




## વિશ્વનું સૌથી મોટું અને સૌથી ઝડપી કોવિડ રસીકરણ અભિયાન

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, “એક વાર ભારતનાં લોકો કંઇક કરવાનો નિર્ધાર કરી લે પછી કંઇ પણ અશક્ય નથી.” દેશે 200 કરોડ રસીનાં ડોઝનો અસાધારણ લક્ષ્ય હાંસલ કરીને વડાપ્રધાનના વિશ્વાસને સાર્થક કર્યો છે એટલું જ નહીં પણ આઝાદીનાં 75 વર્ષનાં મહોત્સવને યાદગાર બનાવી દીધો છે. ભારતે ‘વસુધૈવ કુટુમ્બકમ’ની ફિલોસોફી પ્રમાણે વેક્સિન મૈત્રી અંતર્ગત વિશ્વને 24 કરોડ રસીનાં ડોઝ સપ્લાય કર્યા છે.

- વિશ્વનાં સૌથી મોટાં અને સૌથી ઝડપી રસીકરણ અભિયાનમાં એક દિવસમાં વિશ્વમાં સૌથી વધુ 2.5 કરોડ વેક્સિન ડોઝનો રેકોર્ડ, કોવિન એપ પર 110 કરોડ રજીસ્ટ્રેશન કરીને વિશ્વનાં સૌથી મોટા ડિજિટલ રસીકરણ અભિયાન સાથે હવે 200 કરોડ ડોઝનો નવો વિક્રમ સર્જ્યો છે. 18 વર્ષથી વધુ ઉંમરનાં વર્ગમાં 98 ટકા વસતિને પ્રથમ ડોઝ લાગી ચૂક્યો છે, તો આ વય જૂથમાં 90 ટકા વસતિને બીજો ડોઝ લાગી ચૂક્યો છે. 16 રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં 100 ટકાને પ્રથમ ડોઝ અને 11 રાજ્યોમાં 100 ટકા લોકોને બીજો ડોઝ લાગી ચૂક્યો છે.




**ભારતે દોઢ વર્ષમાં 200 કરોડ ડોઝનો વિક્રમ સર્જ્યો**

### 6.55 કરોડ નળનાં જોડાણ
મળ્યાં છે, ઓગસ્ટ 2019થી અત્યાર સુધી જલ જીવન મિશન હેઠળ

### પ્રધાનમંત્રી આવાસ યોજના
3 કરોડથી વધુ શહેરી, ગ્રામીણ આવાસ મંજૂર પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત

### 11.5 કરોડ શૌચાલયો
નું સ્વચ્છ ભારત મિશન અંતર્ગત નિર્માણ

### સ્ટેન્ડ અપ ઇન્ડિયા
અનુસૂચિત જાતિ અને જનજાતિના લાભાર્થીઓને 53,00 કરોડ રૂપિયાથી વધુની લોન

### 12.89 કરોડ
લોકોને પીએમ જીવન જ્યોતિ બીમા યોજનાનો લાભ મળ્યો

### એકલવ્ય રેસિડેન્શિયલ સ્કુલ
2014 પહેલાંની સરખામણીમાં પાંચ ગણી વધુ એકલવ્ય રેસિડેન્શિયલ સ્કુલ મંજૂર

**₹35**
કરોડ નાના ઉદ્યોગ સાહસિકોને વેપાર વધારવા માટે મુદ્રા લોન અંતર્ગત લોન મળી

ટીપાંને બચાવવાનો અનોખો પ્રયાસ કરવામાં આવશે અને આ સરોવર ચોક્કસપણે ભાવિ પેઢીને સ્વચ્છ પાણીની ભેટ આપશે. આ ઉપરાંત, તેનાથી ગામની સુંદરતામાં વધારો થશે.

આઝાદીના અમૃત મહોત્સવની શ્રૃંખલામાં 1 જુલાઈથી ‘સિંગલ યુઝ પ્લાસ્ટિક’ પર પ્રતિબંધને ટેકો આપતા રાજસ્થાન જીપ ક્લબે અમર જવાન જ્યોતિ પર શપથ કાર્યક્રમનું આયોજન કર્યું. 1 જુલાઈથી આ વસ્તુઓને બનાવવા, વેચવા, ભેગી કરવા અને નિકાસ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ પ્રતિબંધ એટલાં માટે

आज़ादी का अमृत महोत्सव

- માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપની સંખ્યા 73,079 છે.
- ટોક્યો 2020 ઓલિમ્પિકમાં અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ ઓલિમ્પિક (7 ચંદ્રક) અને પેરાલિમ્પિક (19 ચંદ્રકો) પ્રદર્શન
- સાત નવી આઈઆઈએમ સ્થાપિત 2022 સુધી કુલ સંખ્યા 20
- 22 એઈમ્સ સાથે ભારતમાં ટૂંક સમયમાં એઈમ્સની સંખ્યા ત્રણ ગણી થઈ જશે.
- 2017-2021 દરમિયાન ટેક સ્ટાર્ટઅપ દ્વારા 23 લાખ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ નોકરીઓનું સર્જન.
- દેશમાં સાત નવી આઈઆઈટી ખુલી, હવે કુલ 23 આઈઆઈટી.
- 320 નવી યુનિવર્સિટી સ્થપાઈ.
- 1000 ખેલો ઈન્ડિયા કેન્દ્ર સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.
- ઉમંગ એપ દ્વારા 20,522થી વધુ સરકારી સેવાઓ સુધી પહોંચ.
- 2014માં મેટ્રો પાંચ શહેરોથી વધીને હવે 27 શહેરોમાં પહોંચી.
- 4,371 શહેરોને ઓડીએફનો દરજ્જો.
- અમૃત અંતર્ગત શહેરી વિકાસ માટે 4268 પ્રોજેક્ટ્સ પૂરાં.
- 2014થી 3.26 લાખ કિલોમીટર ગ્રામીણ રોડ બન્યાં.
- રાષ્ટ્રીય જળમાર્ગ અધિનિયમ, 2016 અંતર્ગત 111 જળમાર્ગોને રાષ્ટ્રીય જળમાર્ગ જાહેર કરવામાં આવ્યા.
- 2014થી રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે બજેટ ફાળવણીમાં 55 ટકાનો વધારો.
- 34 મહિનામાં એક પણ રેલવે મુસાફરનું મૃત્યુ નહીં.
- હાઈવે નિર્માણની ગતિ 37 કિલોમીટર પ્રતિ દિન પહોંચી.
- 8,727થી વધુ જન ઔષધિ કેન્દ્ર.
- મિશન ઈન્દ્રધનૂષ દ્વારા પાંચ કરોડથી વધુ માતાઓ અને બાળકોને મળી રસીની સલામતી.
- સંરક્ષણ નિકાસમાં 6 ગણો વધારો.
- 22,500 ભારતીયોને યુક્રેનમાંથી સલામત સ્વદેશ પાછા લાવવામાં લાવ્યા.
- લોકડાઉન દરમિયાન 20 કરોડ મહિલાઓનાં ખાતામાં કેશ ટ્રાન્સફર
- ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત 4.63 લાખ કોમન સર્વિસ સેન્ટર સંચાલિત
- વિશ્વનો સૌથી મોટો સોલર પાર્ક ભાદલા, રાજસ્થાનમાં શરૂ. ક્ષમતાઃ 2,200 મેગાવોટ.
- જન ઔષધિ કેન્દ્રોમાં એક રૂપિયામાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા 21 કરોડથી વધુ સેનેટરી પેડ

**ઉડાન યોજના અંતર્ગત 1 કરોડથી વધુ લોકોએ સસ્તી વિમાન યાત્રાનો લાભ ઉઠાવ્યો**

**દેશભરમાં ભારત નેટ અંતર્ગત 5.67 લાખ કિ.મી. ઓપ્ટિકલ ફાઇબર કેબલ પાથરવામાં આવ્યો**

**પીએમ ગતિશક્તિ માસ્ટર પ્લાન સાથે ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે 100 લાખ કરોડ રૂપિયા**

**17.9 કરોડ લોકોને આયુષ્યમાન ભારત અંતર્ગત હેલ્થ કાર્ડ મળ્યા. 22 કરોડથી વધુ ડિજિટલ હેલ્થ આઇડી બનાવ્યા**

**45.21 કરોડ જન-ધન ખાતા ખોલવામાં આવ્યા અત્યાર સુધી 28.61 કરોડ લોકોને પીએમ સુરક્ષા બીમા યોજનામાં સામેલ**

**11.78 કરોડ પીએમ કિસાન લાભાર્થી, 23 કરોડ મુદ્રા કાર્ડ જારી.**

**સ્વચ્છ પર્યાવરણ માટે ભારતે 2070 સુધી ઝીરો એમિશન પ્રાપ્ત કરવાનો સંકલ્પ લીધો.**

**2014થી સૌર ઊર્જા સ્થાપિત ક્ષમતા 1,900 ટકા વધી છે. સૌર ઊર્જા દરોમાં લગભગ 70 ટકાનો ઘટાડો.**

મૂકવામાં આવ્યો છે કે સિંગલ યુઝ પ્લાસ્ટિકનાં કચરાથી થતાં પ્રદૂષણને ઘટાડી શકાય. સિંગલ યુઝ પ્લાસ્ટિકથી બનેલી આવી ચીજોનો ઉપયોગ આપણે એક જ વાર કરીએ છીએ અને પછી તેને ફેંકી દઇએ છીએ. આનાથી પર્યાવરણને નુકસાન થાય છે. આમ, પ્લાસ્ટિક બેગને બદલે કોટન બેગનો ઉપયોગ કરી શકાય તેમ છે.

પરિવર્તનની આવી સંખ્યાબંધ કહાનીઓ આઝાદીના અમૃત મહોત્સવનો સારથી બની રહી છે. આઝાદીના આંદોલનમાં સામાન્ય લોકોની મોટી ભાગીદારી રહી છે અને ત્યારે ચરખા, મીઠા જેવા પ્રતીકોએ સામાન્ય માણસોને

आज़ादी का अमृत महोत्सव

# અમૃત વર્ષમાં નવા સંકલ્પોની સાથે નવી સફરની શરૂઆત

## પ્રધાનમંત્રી ગતિશક્તિ



સરકારી વિભાગોના સંકલન અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને યોજના બનાવવાનાં અભાવને કારણે વિકાસ પ્રોજેક્ટ્સમાં થતો વિલંબ હવે નહીં થાય. સંકલનને ધ્યાનમાં રાખીને 16 મંત્રાલયો અને વિભાગોને ડિજિટલ માધ્યમથી જોડીને ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનની શરૂઆત કરવામાં આવી છે. દેશમાં કોઇ પણ સ્થળે બનનાર દરેક ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ તેનાં દાયરામાં આવી જશે. આ યોજના સરકારનાં અનેક મહત્વાકાંક્ષી લક્ષ્યોને પૂરાં કરશે, જેને સરકાર 2024-25 સુધી પૂરા કરવા માગે છે. આ માસ્ટર પ્લાનમાં 100 લાખ કરોડ રૂપિયાથી વધુની નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન યોજનાનો પણ સમાવેશ થાય છે.

## પ્રથમ વાર સહકારિતા મંત્રાલયની રચના

આઝાદીના સ્વર્ણિમ વર્ષમાં સહકારિતાને શિખર પર લઈ જવાનું લક્ષ્ય સામે મૂકીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં પ્રથમ વાર સહકારિતા મંત્રાલયની રચના કરી. 'સહકાર સે સમૃદ્ધિ' ના મંત્રને ધ્યાનમાં રાખીને રચવામાં આવેલું આ મંત્રાલય જનભાગીદારી આધારિત આંદોલનને મદદ કરશે.

## આયુષ્યમાન ભારત ડિજિટલ હેલ્થ મિશન

દરેક નાગરિકનાં આરોગ્ય સાથે સંકળાયેલી માહિતી ડિજિટલ ફોર્મેટમાં ઉપલબ્ધ રહેશે. 27 સપ્ટેમ્બર, 2021થી શરૂ થયેલી યોજના દેશભરમાં લાગુ કરવામાં આવી છે. આધાર કાર્ડની જેમ આ કાર્ડમાં વ્યક્તિનાં આરોગ્ય સાથે સંકળાયેલી તમામ માહિતી હશે, જે એક ક્લિકમાં યુનિક આઈડી સાથે જોઈ શકાશે. આશરે 22 કરોડ આરોગ્ય ખાતા ખોલી દેવામાં આવ્યા છે.

## અગ્નિપથ યોજના

મજબૂત સેના અને મજબૂત રાષ્ટ્રની ભાવના સાથે આ યોજનાની જાહેરાત 16 જૂન, 2022નાં રોજ કરવામાં આવી. 18 ટકા યુવા વસ્તી ધરાવતા દેશની સેના પણ યુવાન હોય તે માટે યોજના અંતર્ગત ચાર વર્ષ માટે પ્રથમ વર્ષમાં 46,000 અગ્નિવીરોની ભર્તી કરવામાં આવશે, જેને ક્રમશઃ વધારવામાં આવશે. તેમાંથી 25 ટકા અગ્નિવીરોને કાયમી કરવામાં આવશે.

## પીએમ આયુષ્યમાન ભારત હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મિશન



દેશની હેલ્થકેર સિસ્ટમમાં બ્લોક સ્તરથી જિલ્લા-રાજ્ય અને કેન્દ્રીય સ્તર સુધી સુધારો કરવા માટે આ યોજનાની શરૂઆત 25 ઓક્ટોબર, 2021નાં રોજ પીએમ નરેન્દ્ર મોદીએ વારાણસીથી કરી હતી. પાંચ વર્ષમાં યોજના પર 64,000 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ યોજના અંતર્ગત યુપીના 75 જિલ્લામાં ક્રિટિકલ કેર બ્લોક બનશે.

સ્વતંત્રતા સંગ્રામ સાથે જોડી દીધા હતા. હવે આઝાદીના 75 વર્ષને અમૃત મહોત્સવ તરીકે મનાવવાનો ભારત સરકારનો વિચાર પણ આ પ્રકારનું જ પ્રતીક બની ગયું છે, જે હવે અમૃત યાત્રાથી રાષ્ટ્રને સ્વર્ણિમ વર્ષ સુધી નવું ભારત બનાવવાની દિશામાં અગ્રેસર છે. આઝાદીનો અમૃત મહોત્સવ હવે આઝાદીની ઊર્જાનું અમૃત, નવા વિચારોનું અમૃત, નવા સંકલ્પોનું અમૃત અને આત્મનિર્ભરતાનું અમૃત બની ગયું છે. ભારત અમૃત મહોત્સવ વર્ષમાં પાયો નાખીને એક ભવ્ય અને ગૌરવશાળી રાષ્ટ્રનાં નિર્માણની દિશામાં વિકાસ યાત્રા શરૂ કરી ચૂક્યો છે, જેથી અમૃત કાળની વિકાસ યાત્રા, આવતી

## સૈનિક સ્કુલોમાં છોકરીઓને પ્રવેશ



કેન્દ્ર સરકારે સૈનિક સ્કુલોમાં છોકરીઓનાં પ્રવેશની શરૂઆત શૈક્ષણિક વર્ષ 2021-22થી કરી દીધી છે. આ રીતે એનડીએની પરીક્ષામાં પ્રથમ વાર નવેમ્બર, 2021માં છોકરીઓ પણ બેઠી, જેની બેચમાં હરિયાણાની શનન પ્રથમ ક્રમે આવી હતી.

## પીએમ પોષણ યોજના

આ યોજનામાં 11.20 લાખ શાળાઓમાં 11.80 કરોડ બાળકો સામેલ થયા છે. 29 સપ્ટેમ્બર, 2021નાં રોજ શરૂ થયેલી આ યોજનામાં હવે પોષણયુક્ત ફોર્ટિફાઇડ ભાત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજનાનું બજેટ 1.30 લાખ કરોડ રૂપિયા છે.

## ડેમ સિક્યોરિટી એક્ટ

દેશમાં બંધ (ડેમ) સલામત રહે, મેઇન્ટેનન્સ થાય અને રાજ્યો વચ્ચે સર્જાતા વિવાદ અટકે તે માટે કેન્દ્ર સરકારે ડેમ સિક્યોરિટી એક્ટ, 2021 બનાવ્યો છે. આ કાયદો 30 ડિસેમ્બર, 2021થી દેશભરમાં અમલી કરી દેવામાં આવ્યો છે. દેશમાં 5334 મોટાં બંધ અને 411 નિર્માણાધીન બંધ છે.

## મિશન શક્તિ

મહિલાઓનાં સશક્તિકરણ માટેનાં આ કાર્યક્રમમાં મહિલાઓનાં જીવનચક્રની સાતત્યતાને અસર કરતા મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. આ અમ્બ્રેલા યોજનામાં 'સંબલ' અને 'સામર્થ્ય' નામની બે પેટા યોજનાઓ સામેલ છે. નાણાકીય વર્ષ 2021-22થી 2025-26 સુધી આ યોજના પર રૂ. 15,761 કરોડનો ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

## નદી જોડો પ્રોજેક્ટ

નદીઓને જોડવાથી દેશનાં દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પાણી મળશે અને પુરગ્રસ્ત વિસ્તારો પરની અસર ઓછી કરી શકાશે. આ માટે 30 લિન્કની ઓળખ કરવામાં આવી છે, જેમાં કેન બેતવા લિન્ક પ્રોજેક્ટનાં અમલ માટે કેબિનેટે બજેટ સાથે 8 ડિસેમ્બર, 2021નાં રોજ મંજૂરી આપી દીધી છે.

## પ્રધાનમંત્રી સ્વામિત્વ યોજના

ગ્રામીણ વિસ્તારોમાં જેમની પાસે જમીનનાં માલિકીપણાની કોઇ સાબિતી નથી તેમને 24 એપ્રિલ, 2021નાં રોજ શરૂ થયેલી આ યોજનામાં સ્વામિત્વ કાર્ડ બનાવીને આપવામાં આવી રહ્યા છે. યોજના અંતર્ગત 1.35 લાખથી વધુ ગામોમાં ડ્રોનની મદદથી સર્વેનું કામ પૂરું થઈ ચૂક્યું છે અને 36 લાખથી વધુ સંપત્તિ કાર્ડ વિતરીત કરી દેવામાં આવ્યા છે.

## પીએલઆઇ

આત્મનિર્ભર ભારતનાં લક્ષ્ય અંતર્ગત ભારતની ઉત્પાદન ક્ષમતા અને નિકાસને પ્રોત્સાહન આપવા માટે નાણાકીય વર્ષ 2021-22માં ઉત્પાદનનાં 13 મહત્વનાં સેક્ટર માટે પીએલઆઇ યોજનામાં રૂ. 1.97 લાખ કરોડનાં ખર્ચની જાહેરાત કરવામાં આવી. સપ્ટેમ્બર, 2021માં ડ્રોન અને ડ્રોનનાં પૂર્જા માટે પણ પીએલઆઇ યોજનાને મંજૂરી આપી. આ 14 સેક્ટરમાં પીએલઆઇમાં 60 લાખ નવા રોજગાર સર્જનની ક્ષમતા છે.

## નેનો યુરિયાનો વિકાસ

જૂન, 2021માં નેનો યુરિયાનાં વિકાસ પર કામ શરૂ થયું. પ્રથમ પ્લાન્ટ મે, 2022માં સ્થપાયો, તેમાં દરરોજ 1.5 લાખ બોટલનું ઉત્પાદન થશે, ભવિષ્યમાં આવા વધુ આઠ પ્લાન્ટ સ્થાપવામાં આવશે. યુરિયા અંગે વિદેશી અવલંબનમાં ઘટાડો થશે.

## ઇ-શ્રમ પોર્ટલ

દેશમાં અસંગઠિત મજૂરોનો ડેટાબેઝ તૈયાર કરવા માટે આ પોર્ટલની શરૂઆત 26 ઓગસ્ટ, 2021નાં રોજ થઈ. અત્યાર સુધી આ પ્રકારનો કોઇ ડિજિટલ ડેટા નથી. પોર્ટલ પર 14 જુલાઇ, 2022 સુધી 27.98 કરોડ અસંગઠિત કારીગરોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

કાલના ભારતની સમૃધ્ધ ગૌરવમયી વિરાસત બની શકે. બે વર્ષ એટલે કે 15 ઓગસ્ટ 2023 સુધી મનાવવામાં આવનારા આ અમૃત મહોત્સવની શરૂઆત આઝાદીનાં 75 વર્ષ પૂરા થવાના 75 સપ્તાહ પહેલાં દાંડી યાત્રાની વર્ષગાંઠ પર 12 માર્ચ, 2021નાં રોજ શરૂ થઈ ત્યારે તેનો હેતુ પણ અમૃત જેવો પવિત્ર હતો. આઝાદીના સંઘર્ષની જેમ લોક ભાગીદારીને તેનો આધાર બનાવવામાં આવ્યો, જેથી 130 કરોડ દેશવાસીઓ આઝાદીના અમૃત મહોત્સવમાં જોડાઈને લાખો સ્વતંત્રતા સેનાનીઓ પાસેથી પ્રેરણા લે અને મોટાંમાં મોટા લક્ષ્યો પૂરા કરવાનો નિર્ધાર મજબૂત થાય. આઝાદીનાં 75 વર્ષનો

Freedom struggle @75

### આઝાદીનો સંઘર્ષ

આઝાદીનું આંદોલન કઈ રીતે થયું? એવા ગુમનામ નાયકોની કહાની જેમને કાં તો ભુલાવી દેવામાં આવ્યા અથવા તેમને ઈતિહાસમાં એ સ્થાન ન મળી શક્યું, જેનાં તેઓ હકદાર હતા. એવા મહાનાયકોની કહાની અને પ્રેરક ગાથાને બહાર લાવીને તેનાં પરથી પ્રેરણા લેવી જોઈએ.

Resolve @75

### 75મા વર્ષમાં સંકલ્પ

નિર્ધારિત લક્ષ્યોની પ્રાપ્તિ માટે પ્રતિબધ્ધતા. આ લક્ષ્યો અંગે પ્રચાર-પ્રસાર કરવો. એ ક્ષેત્રો સાથે સંકળાયેલા કાર્યક્રમ આયોજિત કરવા. તેમાં તમામ સરકારો, બિન સરકારી સંગઠનોની સહભાગિતા દ્વારા સફળતાનાં માર્ગની રૂપરેખા બનાવવી.

Ideas @75

### 75મા વર્ષ પર વિચાર

વસુધૈવ કુટુમ્બકમ, રાષ્ટ્રીય સલામતી, ઈનોવેશન, શાંતિ-એકતા, ભારતની કલ્પના, વિકાસ, પર્યાવરણીય સાતત્યપૂર્ણ વિકાસ અને ન્યાય જેવા વિચાર અને વિષય પર કામ કરવું, જે ભારતને એક સૂત્રમાં બાંધી રાખે.

Achievements @75

### 75મા વર્ષ પર સફળતા

75મા વર્ષ સુધી મહિલા, યુવા, ગામ, પર્યાવરણ, પ્રવાસન, સંરક્ષણ અને અર્થતંત્ર જેવા ક્ષેત્રમાં થયેલા ક્રાંતિકારી પરિવર્તનને આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં ઉત્સવનું રૂપ આપવું, જેથી અમૃત કાળની યાત્રાને નવી ગતિ મળી શકે.

Actions @75

### 75મા વર્ષમાં પગલાં

સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત, આત્મનિર્ભર ભારત, એક દેશ-એક રેશન કાર્ડ, એક કૃષિ બજાર, સબકા સાથ-સબકા વિકાસ-સબકા વિશ્વાસ-કૌશલ વિકાસ, ડિજિટલ મીડિયા, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને જીએસટી જેવી પહેલને દિશા આપવી.

## અમૃત મહોત્સવ આઝાદીની નવી સવારનો અહેસાસ....

બે વર્ષ સુધી ચાલનારા અમૃત મહોત્સવની શરૂઆત આઝાદીના 75 વર્ષ પૂરા થવાના 75 સપ્તાહ પહેલાં શરૂ થઈ. આ દરમિયાન લગભગ 50,000થી વધુ આયોજન થયાં. તેમાં 150થી વધુ દેશો, તમામ રાજ્યોમાં 55 મંત્રાલય અને વિભાગ સામેલ થયા. સરેરાશ જોઈએ તો દર કલાકે અમૃત મહોત્સવ સાથે જોડાયેલા ચાર કાર્યક્રમ યોજાયા. આ તમામ આયોજન પાંચ થીમ પર કરવામાં આવ્યા..

આ પ્રસંગ અમૃત જેવો છે જે વર્તમાન પેઢીને પ્રાપ્ત થશે. આ એવું અમૃત છે જે દરેક વ્યક્તિને પળે પળે દેશ માટે જીવવા, દેશ માટે કંઈક કરવા પ્રેરિત કરી રહ્યું છે. આઝાદીનો અમૃત મહોત્સવ એક વર્ષથી વધુ યાત્રા પાર કરી ચૂક્યો છે. જેમ જેમ આ યાત્રા આગળ વધતી ગઈ તેમ તેમ આઝાદીનો સંઘર્ષ અને અસંખ્ય બલિદાનોની ઊર્જા સમગ્ર ભારતમાં ફેલાતી ગઈ. આ બધું લોકોની ભાગીદારીથી શક્ય બન્યું. આઝાદીનાં અમૃત મહોત્સવે લોક ભાગીદારી સાથે આત્મનિર્ભરતાને આંદોલન બનાવ્યું, તો કળા સંસ્કૃતિ, ગીત અને સંગીતનાં રંગ પણ ચઢ્યા. ઈનોવેશન ચેલેન્જ, રાષ્ટ્રગાન, આઝાદી કે સેનાની, રંગોલી સ્પર્ધામાં બાળકો, યુવાનોથી માંડીને મહિલાઓ સુધીની ભાગીદારી જોવા મળી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમૃત મહોત્સવ અને અમૃત કાળ અંગે અત્યંત સ્પષ્ટ દ્રષ્ટિકોણ ધરાવે છે. આ મહોત્સવના પ્રારંભમાં તેમણે એવું માળખું રજૂ કર્યું કે 15 ઓગસ્ટ, 2022નાં રોજ તેઓ લાલ કિલ્લા પરથી 9મી વાર તિરંગો ફરકાવે ત્યારે આ મહોત્સવ સમગ્ર ભારતને સમેટી લે. આ મહોત્સવ એટલો મોટો બની જાય કે જ્યાં દરેક નાગરિકનો સંકલ્પ દેશને આગળ લઈ

## આઝાદીના અમૃત મહોત્સવના આયોજન પાછળનો વિચાર અને વ્યૂહ

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી પાછળનો હેતુ અમૃત જેવો શુધ્ધ છે. તેમાં સરકારની સામૂહિક શક્તિ સાથે કોઈ પણ કામને પૂરું કરવા માટે જોડાઈ જવાની ભાવના સાથે જાહેર, ખાનગી ક્ષેત્ર, એનજીઓ-સંસ્થાઓ અને સમાજનાં તમામ વર્ગને સાથે લઈને સબકા પ્રયાસની ભાવનાને સાકાર કરવો હેતુ છે. તેની યોજના અને વ્યૂહ બનાવતા સમયે સ્વતંત્રતા સંઘર્ષ, સંસ્કૃતિ-આધ્યાત્મ, પોષણ, સ્પોર્ટસ-ફિટનેસ, પર્યાવરણ અને સાતત્યપૂર્ણ વિકાસ, કાનૂની મદદ, છેવાડાનાં માણસ સુધી લાભ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ, સુશાસન, ખાદ્ય અને કૃષિ ઈનોવેશન, વિજ્ઞાન-ટેકનોલોજી જેવા તમામ વિષયોને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે.

### અમૃત મહોત્સવમાં યોજાયેલાં કેટલાંક વિશેષ કાર્યક્રમ

- ઈન્ડિયા ગેટ પર નેતાજીનો હોલોગ્રામ
- ગ્રાહકોનું સશક્તિકરણ
- વિદ્યાર્થીઓ દ્વારા વડાપ્રધાનને પોસ્ટકાર્ડ લખવાં
- અક્ષય ઊર્જા
- પોષણ માહ-પોષણ બગીચા
- ઈનોવેશન-હેકાથોન
- વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે
- આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય સંમેલન
- રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ
- ઉમંગ ઉડાન- મકરસંક્રાતિ
- ભારતમ્
- ધારા-વૈદિક ગણિત
- લાલ કિલ્લા પર આયોજન



જવાનો હોય, જેથી ‘સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ’નો મંત્ર સાકાર થાય. આઝાદીના અમૃત મહોત્સવમાં દેશનાં દરેક વ્યક્તિનાં ઉત્સાહે લોકભાગીદારીનો રંગ ભરી દીધો.

### જ્યારે ઉત્સવ બન્યો અમૃત

ભારતીય સંસ્કૃતિમાં કહેવાય છે, “उत्सवेन बिना यस्मात् स्थापनम् निष्फलम् भवेत्” એટલે કે કોઈ પણ પ્રયાસ, કોઈ પણ સંકલ્પ વગર ઉત્સવ સફળ નથી થતો. એક સંકલ્પ જ્યારે ઉત્સવનું સ્વરૂપ લે છે ત્યારે તેમાં લાખો-કરોડો લોકોનો સંકલ્પ અને ઊર્જા જોડાતી હોય છે. આ ભાવનાએ 130 કરોડ દેશવાસીઓને સાથે લઈને તેમને સાથે જોડીને આઝાદીનો અમૃત મહોત્સવ મનાવવાનું શરૂ કર્યું. આ ઉત્સવની મૂળ ભાવના હતી લોક ભાગીદારી. આઝાદીનાં 75 વર્ષનું આ પર્વ એવો મહોત્સવ બની ગયું જેમાં સ્વતંત્રતા સંગ્રામની ભાવના, તેનાં ત્યાગ-સમર્પણનો સાક્ષાત અનુભવ આજની પેઢીને પણ થવા માંડ્યો છે. આ એક એવો મહોત્સવ બની ગયો છે જેમાં સનાતન ભારતનાં ગૌરવની ઝલક છે, આધુનિક ભારતની ચમક છે, ઋષિઓનાં આધ્યાત્મનો પ્રકાશ છે, ભારતનાં વૈજ્ઞાનિકોની પ્રતિભા અને સામર્થ્યનું દર્શન પણ છે..

આ આયોજનની ભવ્યતા અને સફળતાનું મૂલ્યાંકન એ બાબત પરથી પણ કરી શકાય કે આ 75 સપ્તાહમાં દેશભરમાં લગભગ 50,000થી વધુ કાર્યક્રમ યોજાઈ ચૂક્યા છે, જેમાં સંપૂર્ણ સરકાર એટલે કે સરકારની સામૂહિક શક્તિ સાથે 55 મંત્રાલયો/વિભાગોએ સંકલિત પ્રયાસ દ્વારા લોકોને તેમાં જોડ્યા છે. સરેરાશ જોઈએ તો અમૃત મહોત્સવ અંતર્ગત દર કલાકે 4-5 કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. અમૃત મહોત્સવને પાંચ સ્તંભમાં વહેંચવામાં આવ્યો હતો. તેમાં સ્વતંત્રતા સંઘર્ષ, (Freedom Struggle), 75મા વર્ષ પર વિચાર, (Ideas at 75), 75મા વર્ષ પર સફળતાઓ, (Achievements at 75), 75મા વર્ષ પર પગલાં (Actions at 75) અને 75મા વર્ષ પર

## કઈ રીતે આઝાદીનાં 75 વર્ષ અને તેને સંલગ્ન કાર્યક્રમોમાં પ્રતીક બન્યો 75નો આંકડો

- ઉત્તરપ્રદેશમાં 5 ઓક્ટોબર, 2021નાં રોજ શહેરોનાં વિકાસ સાથે સંકળાયેલા 75 પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ-લોકાર્પણ કરવામાં આવ્યું.
- યુપીના 75 જિલ્લામાં 75,000 લાભાર્થીઓને તેમનાં પાક્કા ઘરની ચાવી મળી. 75 ઇલેક્ટ્રિક બસોને લીલી ઝંડી દર્શાવવામાં આવી.
- ભારત સરકારે 75 દિવસો સુધી 18 વર્ષથી વધુ ઉંમરના લોકોને સરકારી હોસ્પિટલમાં કોવિડ-19 પ્રિકોશન ડોઝ મફતમાં લગાવવાનો નિર્ણય લીધો,

## વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ

આઝાદીના 75મા સ્વતંત્રતા દિવસ પર વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ મનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો, જે એ વિભીષિકાનો ભોગ બનેલા લોકોને દરેક ભારતવાસી તરફથી આદરપૂર્વક શ્રદ્ધાંજલિ છે.

### 75 વંદે ભારત ટ્રેનો

આઝાદીના અમૃત મહોત્સવમાં 75 વંદે ભારત ટ્રેનો દેશભરમાં દરેક ખૂણાને એકબીજા સાથે જોડશે.

### 75 યુવા લેખક

અમૃત મહોત્સવમાં સ્વંતત્રતા સેનાનીઓ પર પુસ્તક લખવા માટે દેશમાં 75 યુવા લેખકોની પસંદગી કરવામાં આવી.



**આજે 21મી સદીમાં દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. નવી જરૂરિયાતો પ્રમાણે ભારતનાં લોકોની અને આપણા યુવાનોની આશા-અપેક્ષા પણ વધી રહી છે. આપણી લોકશાહી વ્યવસ્થાઓએ તેનાં હિસાબે ઝડપી ગતિથી કામ કરવું પડશે. આજે જ્યારે આપણે આઝાદીના 75મા વર્ષમાં નવા ભારતના સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છીએ ત્યારે આ સંકલ્પોને આગળ વધારવાની જવાબદારી આપણી સંસદ અને વિધાનસભાઓ પર છે. આ માટે આપણે ઇમાનદારી અને નિષ્ઠાથી દિવસ રાત મહેનત કરવાની જરૂર છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

સંકલ્પ(Resolve at 75). આઝાદીના અમૃત મહોત્સવના આ સમયમાં કોવિડની બીજી અને ત્રીજી લહેરને કારણે મુશ્કેલ સમય પણ આવ્યો અને અનેક કાર્યક્રમો હાઇબ્રિડ મોડમાં કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓ દ્વારા વડાપ્રધાનને પોસ્ટકાર્ડ લખવામાં આવ્યા, સ્વતંત્રતા સ્વરમાં બ્રિટિશર્સ દ્વારા પ્રતિબંધિત કવિતાઓનુ સંકલન થયું, વંદે ભારત નૃત્ય ઉત્સવ, 1857નાં પ્રથમ સ્વતંત્રતા સંગ્રામના સ્મરણનો કાર્યક્રમ વગેરે થયાં. રાષ્ટ્રગાનનો કાર્યક્રમ હોય, રંગોલી બનાવવાનો કાર્યક્રમ હોય, સ્વતંત્રતા સંગ્રામના ગુમનામ નાયકો પર શોધ અને સંકલનનાં કાર્યક્રમ, મેરા ગાંવ, મેરી ધરોહર જેવા કાર્યક્રમ નાગરિકોનાં મનમાં નવી ઊર્જાનો સંચાર કરી રહ્યા છે, તો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, ડિજિટલ જિલ્લા રિપોઝીટરી, સ્વતંત્ર સ્વર જેવા કાર્યક્રમોએ જન ભાગીદારી

સુનિશ્ચિત કરી. હવે 11-17 ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' અભિયાન ચાલશે.

## આઝાદીના સંઘર્ષમાંથી પ્રેરણા, ભવિષ્યનું નિર્માણ

ભારતની આઝાદીનો ઇતિહાસ ગૌરવપૂર્ણ છે, પણ આઝાદીના આંદોલનમાં સામાન્ય માણસોની ભાગીદારીની કોઇ નોંધ લેવાઇ ન હતી. એ બધાં સેનાનીઓને એવી ઓળખ ન મળી, જેવી મળવી જોઇતી હતી. ગાંધીજીના ચરખા અને મીઠા જેવા પ્રતીકોનો ઉપયોગ અને અમૃત મહોત્સવની સાથે આઝાદીના ઇતિહાસના લોકશાહીકરણની શરૂઆત થઈ ચૂકી છે, જેથી દેશનો દરેક નાગરિક ઇતિહાસમાંથી પ્રેરણા લઈ શકે. અમૃત મહોત્સવ દ્વારા વિશેષ ઉપલક્ષ્યો અને મહાપુરુષોની જયંતીને લોક ભાગીદારીનો પ્રસંગ બનાવવામાં આવ્યો. સ્વચ્છતા આંદોલનને મહાત્મા ગાંધીની 150મી જયંતી સાથે જોડીને દેશને સ્વચ્છ બનાવવાનો સંકલ્પ લઈને લોક આંદોલન ઊભું કરવામાં આવ્યું. આઝાદીનાં 75 વર્ષને અમૃત મહોત્સવ નામ આપવામાં આવ્યું અને વિશેષ કમિટી બનાવીને તેનું આયોજન કરવામાં આવ્યું. દેશના યુવાનોને ગુમનામ નાયકોની કહાની લખવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. જનજાતીય ગૌરવ માટે ભગવાન બિરસા મુંડાની જયંતી 15 નવેમ્બરને દર વર્ષે જનજાતીય ગૌરવ દિવસ તરીકે મનાવવાનું શરૂ કરવામાં આવ્યું. નેતાજી સુભાષચંદ્ર બોઝની 125મી જયંતીને પ્રસંગ બનાવવામાં આવ્યો. રાજા સુહેલદેવ, રાજા મહેન્દ્ર પ્રતાપ જેવા અનેક મહાપુરુષોનાં યોગદાનનું સ્મરણ કરીને આઝાદીના આંદોલનને યાદ કરીને સાચી શ્રધ્ધાંજલિ આપવામાં આવી. તેની પાછળનો હેતુ એ છે કે 1857થી 1947ના સંઘર્ષને યુવા પેઢી યાદ કરે, તેમાંથી પ્રેરણા લે કારણ કે ઇતિહાસ યુવા પેઢીને તેની જાણકારી નથી આપી શકતું. અનેક ઘટનાઓ અને વીર નાયકોના ચરિત્ર તેમનાં માનસ પટલ પર જીવિત કરવાં પડશે, ત્યારે તેઓ ખુદને આઝાદીના સંઘર્ષ સાથે જોડી શકશે. એક બાળક જો પોતાની જાતને આઝાદીના સંઘર્ષ સાથે જોડી લે તો તે સમગ્ર જીવન માટે ભારતનાં વિકાસ પ્રત્યે સમર્પિત રહેશે. અમૃત મહોત્સવ ભારતની નવી પેઢીને આઝાદી અને દેશ સાથે જોડવાની સુવર્ણ તક છે.



### વિઝન દસ્તાવેજ

19 ફેબ્રુઆરી, 2021નાં રોજ વડાપ્રધાને વિશ્વ ભારતીના વિદ્યાર્થીઓને વિઝન દસ્તાવેજ બનાવવાની વાત કરી. વર્ષ 2047માં આઝાદીના 100 વર્ષ પૂરા થશે અને ભારત પોતાની આઝાદીના 100 વર્ષનો સમારોહ મનાવશે, ત્યારે વિશ્વ ભારતીના 25 સૌથી મોટાં લક્ષ્ય કયા હશે?

### 75 મોટાં ઇનોવેશન

23 ફેબ્રુઆરી, 2021નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઇઆઇટી, ખડગપુરના વિદ્યાર્થીઓને કહ્યું કે વીતેલા વર્ષોમાં જે 75 મોટાં ઇનોવેશન, મોટાં સમાધાન, આઇઆઇટી ખડગપુરમાં થયા છે, તેનું સંકલન કરીને દેશ-દુનિયા સુધી પહોંચાડવામાં આવે..

### બેન્કો 75 વર્ષનો રેકોર્ડ તોડે

વડાપ્રધાન મોદીએ 12 ડિસેમ્બર, 2021નાં રોજ જણાવ્યું કે, ભારતનું બેન્કિંગ સેક્ટર દેશનાં લક્ષ્યોને પ્રાપ્ત કરીને પહેલાંથી વધુ સક્રિયતાથી કામ કરે. આઝાદીના અમૃત મહોત્સવમાં દર બેન્ક બ્રાન્ચ, 75 વર્ષમાં તેમણે જે કર્યું છે તે તમામ રેકોર્ડને પાછળ છોડીને તેનાં દોઢથી બે ગણું કામ કરવાનું લક્ષ્ય નક્કી કરે.

### ખેલાડીઓ 75 શાળાઓમાં જાય

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટોક્યો ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ખેલાડીઓને અપીલ કરતા જણાવ્યું કે, તેઓ 15 ઓગસ્ટ, 2023 સુધી 75 શાળાઓની મુલાકાત કરીને કુપોષણ દૂર કરવા માટે સ્વસ્થ અને સ્વાદિષ્ટ ભોજન ખાવાની જરૂરિયાત પર વાત કરે. બાળકો સાથે રમે. આની શરૂઆત નીરજ ચોપડાએ કરી હતી.



## 75 ગામ દત્તક લે

તમામ શિક્ષણવિદો, તમામ કૃષિ વિજ્ઞાનીઓ, તમામ સંસ્થાઓને વડાપ્રધાને જણાવ્યું કે, આઝાદીનાં અમૃત મહોત્સવ માટે પોતાનું લક્ષ્ય નિર્ધારિત કરે. 75 ગામોને દત્તક લઈને તેનું પરિવર્તન કરવાનું બીડું ઝડપે. 75 શાળાઓમાં આવી ઝૂંબેશ ચલાવી શકાય છે. દેશનાં દરેક જિલ્લામાં સ્થાનિક સંસ્થાઓનાં સ્તર પર આવું અભિયાન ચલાવી શકાય છે.

## 75 વર્ષ અને મીડિયા

સંસદ ટીવીના શુભારંભ પર વડાપ્રધાને જણાવ્યું કે, આપણી સમક્ષ ભૂતકાળનું ગૌરવ પણ છે અને ભવિષ્યનો સંકલ્પ પણ છે. આ બંને ક્ષેત્રોમાં મીડિયાની બહુ મોટી ભૂમિકા છે. મીડિયા જ્યાર પણ કોઈ મુદ્દો ઉઠાવે છે ત્યારે તે બહુ ઝડપથી લોકો સુધી પહોંચી જાય છે. જેમ કે સ્વચ્છ ભારત અભિયાન. આઝાદીના અમૃત મહોત્સવમાં દેશવાસીઓનાં પ્રયત્નોનો પ્રચાર અને પ્રસાર કરવાનું કાર્ય મીડિયા ખૂબ સારી રીતે કરી રહ્યું છે. ઉદાહરણ તરીકે, ટીવી ચેનલ સ્વતંત્રતા સંગ્રામ સાથે સંકળાયેલા 75 એપિસોડનું પ્રસારણ કરી શકે છે, ડોક્યુમેન્ટ્રી બનાવી શકે છે. અખબાર અમૃત મહોત્સવ સાથે સંકળાયેલા પરિશિષ્ટ પ્રકાશિત કરી શકે છે. ડિજિટલ મીડિયા ક્વિઝ સ્પર્ધા જેવા વિચારોથી યુવાનો સીધા જોડાઈ શકે છે.

## 75 વર્ષ અને નિકાસ

વિદેશોમાં ભારતીય મિશનોના પ્રમુખ અને વેપાર વાણિજ્ય ક્ષેત્રનાં હિતધારકો સાથેની વાતચીતમાં વડાપ્રધાને જણાવ્યું કે, આપણે આપણી વર્તમાન નિકાસને વધારવાની છે. અને નવી પ્રોડક્ટ્સ માટે નવા બજાર તૈયાર કરવાનું પણ કામ કરવાનું છે. વિદેશોમાં જે મિશન છે તે આઝાદીના 75 વર્ષ નિમિત્તે નિકાસનાં પાંચ નવા ડેસ્ટીનેશન જોડવાનું કામ કરે.

વાસ્તવમાં, અમૃત મહોત્સવનું આયોજન 75 વર્ષની સફળતાઓને વિશ્વ સમક્ષ રજૂ કરવાનો અને આગામી 25 વર્ષ માટે રૂપરેખા અને સંકલ્પ આપી રહ્યો છે જેથી 2047માં જ્યારે દેશ આઝાદીની શતાબ્દિ મનાવે ત્યારે વિશ્વમાં ભારતનું શું સ્થાન હશે, ભારતને આપણે ક્યાં સુધી લઈ જઈશું તેની પ્રેરણા આપી રહ્યું છે. અમૃત મહોત્સવ એક પાયો તૈયાર કરી રહ્યો છે અને એ પાયાના આધારે 75 વર્ષનું પર્વ ભારતની આઝાદીની શતાબ્દિ માટે પથદર્શક, પ્રેરક સાબિત થશે.

### આજની વિકાસ યાત્રા, કાલનો વારસો

ભારતનો ઈતિહાસ સમય જેટલો જ પ્રાચીન, સૂર્ય જેટલો જ તેજસ્વી અને આકાશ જેટલો જ વિશાળ છે. જ્ઞાન-વિજ્ઞાન અને સમૃધ્ધિથી સજ્જ, શૌર્ય-આધ્યાત્મ અને કલાકારીથી છલકતા ગૌરવશાળી ભારતને અંગ્રેજી શાસને બેડીઓ પહેરાવી ત્યારે દેશ માટે મરી ફીટનાર સ્વંતંત્રતા સેનાનીઓએ આઝાદીની મશાલ પ્રજ્વલિત કરી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સત્યાગ્રહનો પ્રારંભ કર્યો. અનેક બલિદાનો બાદ અંગ્રેજોએ ભારત છોડ્યું. પછી લોખંડી પુરુષ સરદાર પટેલે દેશી રજવાડાંઓને એક કરીને અખંડ ભારત બનાવ્યું. એક સમયે ભારતને મદારીઓનો દેશ કહેવાતો હતો, પણ એ જ દેશ આજે પ્રથમ પ્રયાસમાં જ મંગળ સુધી પહોંચી ગયો છે. 'મેક ઈન ઈન્ડિયા'એ વિશ્વમાં ભારતનું નામ ઊંચું કરી દીધું. આજે દરેક ઘરમાં વીજળી છે, દરેક હાથમાં મોબાઈલ ફોન છે, દરેકનાં ખિસ્સામાં ડિજિટલ ઓળખ છે, દરેક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ, દરેક રસોડામાં સ્વચ્છ ઈંધણ અને દરેક ઘરમાં શૌચાલયની સુવિધા સન્માનપૂર્વક જીવન આપી રહ્યાં છે. સ્વચ્છતા અને યોગ નવા ભારતના સંસ્કાર બની ચૂક્યા છે. વસુધૈવ કુટુમ્બકમની ભાવનાથી સમગ્ર વિશ્વ આપણો પરિવાર બની ગયો છે. અંગ્રેજો કહી ગયા હતા કે અમારા ગયા પછી ભારત વિખરાઈ જશે પણ તેમણે કદાચ ખ્યાલ ન હતો કે એ જ ભારત વિશ્વનાં સૌથી વિશાળ લોકશાહી દેશ તરીકે સાબિત થશે. આજે ભારત એક છે, અખંડ છે અને ઝડપથી વૃધ્ધિ પામતું અર્થતંત્ર છે. આત્મનિર્ભર ભારત એક શબ્દ નહીં પણ 130

**વિશ્વ માટે 21મી સદી ભારતની સદી છે. આપણે સતત આ સાંભળતા આવ્યા છીએ, અનેક લોકોનાં મોઢે સાંભળીએ છીએ, વિશ્વનાં લોકો કહેતા રહ્યા છે પણ હું ભારતની વાત કરું તો હું એમ કહીશ કે ભારત માટે આ સદી કર્તવ્યોની સદી છે. આપણે આ સદીમાં આગામી 25 વર્ષમાં નવા ભારતનાં સ્વર્ણિમ લક્ષ્ય સુધી પહોંચવાનું છે. આ લક્ષ્યો સુધી આપણને આપણાં કર્તવ્ય જ લઈ જશે. એટલાં માટે, આ 25 વર્ષ દેશ માટે કર્તવ્ય પથ પર ચાલવાનું વર્ષ છે. આ 25 વર્ષ કર્તવ્ય ભાવનાથી સ્વયંને સમર્પિત કરવાનો સમયગાળો છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

કરોડ દેશવાસીઓનો મંત્ર બની ગયો છે.

માત્ર 8-10 વર્ષ પહેલાં દેશમાં જન્મ પ્રમાણપત્ર લેવા માટે, બિલ જમા કરાવવા માટે, રેશન લેવા માટે, નોમિનેશન ફાઈલ કરાવવા માટે, પરિણામ અને પ્રમાણપત્ર લેવા માટે, બેન્કોમાં લાઈનોને કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. પણ આજે તમામ સમસ્યાનો ઉકેલ આવી ગયો છે. ટેકનોલોજી દ્વારા સુગમતા લાવીને સુવિધાઓ માટે ઓનલાઈન વ્યવસ્થા અમલી છે. આજે જન્મ પ્રમાણપત્રથી માંડીને વરિષ્ઠ નાગરિકની ઓળખ આપતા હયાતીના સર્ટિફિકેટ સુધી, સરકારની મોટા ભાગની સેવાઓ ડિજિટલ છે. આજે, ડિજિટલ ગવર્નન્સનું ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભારતમાં છે. જનધન-મોબાઈલ અને આધાર (જેમ ટ્રિનિટી)ની ત્રિશક્તિથી દેશનાં ગરીબ અને



## 75 નવી પ્રોડક્ટ્સને ઉમેરો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, પ્રવાસી ભારતીયોનું રાજ્યવાર જૂથ બનાવીને એ રાજ્ય સાથે નિકાસ પર વર્ચ્યુઅલ સમિટ કરે. તેમાં નક્કી થાય કે આપણ રાજ્યની 5કે 10 સર્વોચ્ચ પ્રાથમિકતાની ચીજો વિશ્વનાં ઓછામાં ઓછા 75 દેશોમાં નિકાસ થાય. આપણે આઝાદીના 75 વર્ષ પર વિશ્વમાં પહોંચવા માટે નવી નવી પધ્ધતિઓ અપનાવીએ.

## સખી બહેનો અને 75 કલાક

'આત્મનિર્ભર ભારત નારી શક્તિથી સંવાદ' મા વડાપ્રધાને આહવાન કર્યું કે તમે તમારા ગામમાં નક્કી કરી શકો છો કે આઝાદીના 75 વર્ષ છે, ત્યારે આપણે એક વર્ષમાં 75 કલાક ગામડાંમાં સ્વચ્છતા અંગેનું કોઈને કોઈ કામ કરીશું. આ 15 ઓગસ્ટથી આવતા વર્ષે 15 ઓગસ્ટ સુધી સખી મંડળની તમામ બહેનો આવો સંકલ્પ લઈ શકે છે. જળ સંરક્ષણનું કામ કરી શકે છે, પોતાનાં ગામના કુવા, તળાવનું સમારકામ, જીર્ણોધ્ધાર અભિયાન પણ ચલાવી શકે છે.





## રમકડાંમાં આઝાદીની કહાની

24 જૂન, 2021નાં રોજ ટોયકાથોનને સંબોધિત કરતા વડાપ્રધાને આહવાન કર્યું કે અમૃત મહોત્સવમાં રમકડાં-રમતગમત ક્ષેત્રમાં ઈનોવેશન કરવું જોઈએ. આઝાદીના આંદોલન સાથે સંકળાયેલી કહાની, ક્રાંતિવીરોનું શૌર્ય, લીડરશીપની ઘટનાઓને રમતગમતનાં રૂપમાં તૈયાર કરવી જોઈએ.

## 75 ઘટનાઓ શોધવાનું ટાસ્ક

વિદ્યાર્થીઓ સાથેના સંવાદમાં વડાપ્રધાને જણાવ્યું કે, વિદ્યાર્થીઓ આઝાદીના 75 વર્ષના ઉપલક્ષ્યમાં દેશનાં સ્વતંત્રતા સેનાનીઓ અંગે પણ જાણે. આ માટે દેશે એક અભિયાન શરૂ કર્યું છે અને તમારે આ અભિયાન સાથે જોડાવાનું છે. વિદ્યાર્થીઓ પોતાનાં રાજ્યની આઝાદીની લડાઈ સાથે સંકળાયેલી 75 ઘટનાઓ શોધી કાઢે,. આ વ્યક્તિ કોઈ સંઘર્ષ સાથે સંકળાયેલી હોઈ શકે છે, કોઈ ક્રાંતિવીર સાથે સંકળાયેલી હોઈ શકે છે. આ ઘટનાઓને તમે તમારી માતૃભાષામાં વિગતવાર લખો. આ ઉપરાંત, હિન્દી-અંગ્રેજીમાં લખી શકો તો પણ સારું.




## 75 જિલ્લામાં 75થી વધુ જન ઔષધિ કેન્દ્ર

આઝાદીના 75 વર્ષનાં મહત્વપૂર્ણ પ્રસંગે દેશનાં ઓછામાં ઓછા 75 જિલ્લા એવા હશે જ્યાં 75થી વધુ જન ઔષધિ કેન્દ્ર હશે.

મધ્યમ વર્ગને સૌથી વધુ લાભ થયો છે. ઈન્ડસ્ટ્રી 4.0 માટે જરૂરી કૌશલ્ય તૈયાર કરવા માટે સ્કુલનાં સ્તર પર પણ ફોકસ છે. આશરે 10,000 અટલ ટિન્કરીંગ લેબમાં આજે 75 લાખથી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ઈનોવેશન પર કામ કરી રહ્યા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ ટેકનોલોજીને મહત્વ આપવમાં આવ્યું છે. અટલ ઈન્ક્યુબેશન સેન્ટર્સનું મોટું નેટવર્ક દેશમાં તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ જ રીતે, પીએમ ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન એટલે કે પીએમ-દિશા દેશમાં ડિજિટલ સશક્તિકરણને પ્રોત્સાહિત કરવાનું અભિયાન ચલાવી રહ્યું છે.

આઝાદીની લડાઈમાં આદિવાસી સમાજના યોગદાનને ઘેર ઘેર પહોંચાડવા માટે અમૃત મહોત્સવમાં કેટલાંક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. આઝાદી બાદ પ્રથમ વાર દેશમાં આદિવાસી ગૌરવ અને વારસાને પ્રદર્શિત કરવા માટે આદિવાસી સંગ્રહાલય બનાવવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે જ દેશમાં 15 નવેમ્બરને ભગવાન બિરસા મુંડા જયંતીને રાષ્ટ્રીય જનજાતીય ગોરવ દિવસ તરીકે મનાવવાની શરૂઆત કરવામાં આવી છે. આઝાદીનાં અમૃત મહોત્સવ વર્ષમાં દેશની દરેક વ્યક્તિને 75 વર્ષની ઉપલબ્ધિઓ જાણવા મળી. વીતેલાં કેટલાંક વર્ષમાં ભારતમાં આવેલા ક્રાંતિકારી પરિવર્તને ભારતને વૈશ્વિક મંચ પર પ્રથમ પંક્તિમાં બેસાડવામાં સફળતા મેળવી. વિકાસનાં તમામ ક્ષેત્રોમાં બધાંના પ્રયાસથી નવા રેકોર્ડ રચવામાં આવ્યા. ઈતિહાસ અને સંસ્કૃતિને જાળવવા અને તેનું સંવર્ધન કરવામાં સફળતા હાંસલ કરી. પણ આ માત્ર પડાવ છે., રાષ્ટ્રની મંઝીલ નહીં. આ કારણસર જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઝાદીનાં અમૃત મહોત્સવ વર્ષથી માંડીને આઝાદીના શતાબ્દિ વર્ષ સુધીનાં 25 વર્ષના સમયગાળાને અમૃત કાલ તરીકે મનાવવાનો પ્રયત્ન કર્યો અને દેશની જનતાને આહવાન કર્યું કે આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં આપણે વ્યક્તિગત રીતે કોઈને કોઈ સંકલ્પ લઈએ, જે ભારતને આગળ વધારે. ગ્રામ પંચાયતથી માંડીને સંસદ સુધી અને સરકારનો દરેક વિભાગ એક લક્ષ્ય નક્કી કરે અને સંકલ્પ લે જે દેશને આગળ

વધારે. આ સંકલ્પ લેવાનું વર્ષ છે અને 25 વર્ષનો અમૃત કાળ આ સંકલ્પોને સિધ્ધ કરવાનો સમય છે. ભારત આગામી 25 વર્ષમાં દીર્ઘદ્રષ્ટિ સાથે જે સંકલ્પોને સાકાર કરવા જઈ રહ્યો છે, તે શતાબ્દિ વર્ષનો વારસો બનશે. વડાપ્રધાન મોદીનો વિચાર અત્યંત સ્પષ્ટ છે કે આજના ભારતની વિકાસ યાત્રા, કાલના ભારતનો ગૌરવમયી સમૃધ્ધ વારસો બને.

## સબકા પ્રયાસ અને સ્વર્ણિમ ભારતની દિશામાં પગલું

આજનું ભારત 'હોતા હૈ, ચલતા હૈ, ઐસે હી ચલેગા' ની માનસિકતામાંથી બહાર આવી ચૂક્યું છે. આઈટી-ડિજિટલ ટેકનોલોજીમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે. ઈન્ટરનેટ ડેટા વપરાશમાં રેકોર્ડ કરી રહ્યું છે. વિશ્વભરમાં થઈ રહેલા ડિજિટલ વ્યવહારોમાં ભારતનો હિસ્સો 40 ટકા છે. 21મી સદીનાં નવા ભારતમાં લોકો જે ઝડપથી નવી ટેકનોલોજી અપનાવી રહ્યા છે તે કોઈને પણ હેરાન કરી શકે છે. વીતેલાં કેટલાંક વર્ષોમાં વિકાસની યાત્રાએ ભારતને નવી ઓળખ આપી છે. આજે ભારતની ઓળખ એવા દેશની છે જે નિર્ધાર પૂરો જ કરે છે. આ સંકલ્પ સાથે હિન્દુસ્તાન આગળ વધી રહ્યું છે. ભારત પ્રગતિ માટે, વિકાસ માટે, પોતાનાં સંકલ્પો પૂરા કરવા માટે, સપના પૂરા કરવા માટે અધીરું છે. ભારત આજે પોતાની તાકાતમાં ભરોસો કરે છે. ભારતે 2016માં નક્કી કર્યું હતું કે 2030 સુધી કુલ વીજળી ઉત્પાદન ક્ષમતાનો 40 ટકા હિસ્સો બિન-અશ્મિભૂત ઇંધણ દ્વારા પેદા કરવામાં આવશે. પણ ભારતે આઠ વર્ષ પહેલાં જ આ લક્ષ્ય હાંસલ કરી લીધું. પેટ્રોલમાં 10 ટકા ઈથેનોલ મિશ્રણનું લક્ષ્ય પણ નિર્ધારિત સમય કરતાં પાંચ મહિના પહેલાં પૂરું કરી લેવામા આવ્યું. કોવિડ જેવી મહામારીનો સામનો કરવા અને રસીકરણમાં 200 કરોડ ડોઝ સુધી પહોંચવાની યાત્રા સંશોધનનો વિષય બન્યો છે. મેડ ઇન ઇન્ડિયા રસીએ ભારત સહિત વિશ્વનાં કરોડો લોકોનો જીવ બચાવ્યો છે. કોવિડનાં સમયમાં ભારત છેલ્લાં બે વર્ષથી 80 કરોડ ગરીબોને મફતમાં અનાજ આપી રહ્યું છે.



## 75 મહાપુરુષ-75 સ્થળો

આઝાદીના આંદોલન સાથે સંકળાયેલા 75 મહાપુરુષોની યાદી બનાવો, તેમની વેશભૂષા શોધી કાઢો, તેમનાં એક એક વાક્ય બોલો, તેની સ્પર્ધા થાય, શાળામાં ભારતનાં નક્શા પર આઝાદીના આંદોલન સાથે સંકળાયેલા 75 સ્થળો ઓળખી કાઢવામાં આવે, બાળકોને કહેવામાં આવે કે બતાવો, બારડોલી ક્યાં આવ્યું? ચંપારણ્ય ક્યાં આવ્યું?

## 75 ઘટનાઓની કાનૂની લડાઇ

કાયદાનો અભ્યાસ કરાવતી શાળા-કોલેજ 75 એવી ઘટનાઓ શોધે, જેમાં આઝાદીની લડાઈનાં સમયે કાનૂની લડાઈ કેવી રીતે લડાઈ? કયા લોકો આ લડાઈ લડી રહ્યા હતા? આઝાદીનાં વીરોને બચાવવા માટે કેવા કેવા પ્રયત્ન થયા? અંગ્રેજ સલ્તનતની ન્યાયપાલિકાનો કેવો અભિગમ હતો? તેનાં પર નાટક પણ લખી શકાય. ફાઈન આર્ટ્સના વિદ્યાર્થી આ ઘટનાઓ પર પેઇન્ટિંગ બનાવે, જેની ઇચ્છા હોય તે ગીત લખે, કવિતાઓ લખે. આ બધું શરૂઆતમાં હસ્તલિખિત હોય. બાદમાં તેને ડિજિટલ સ્વરૂપ પણ આપી શકાય., કંઈક એવું હોય કે દરેક શાળા કોલેજનો આ પ્રયત્ન એ શાળા કોલેજની ધરોહર બની જાય. આનાથી સંપૂર્ણ રીતે વૈચારિક માળખું તૈયાર થઈ જશે. બાદમાં, તેનાં પર જિલ્લાવ્યાપી, રાજ્યવ્યાપી અને દેશવ્યાપી સ્પર્ધાઓનું પણ આયોજન થઈ શકે છે.





## 75 અમૃત સરોવર

આઝાદીનાં અમૃત મહોત્સવની યાદમાં ભાવિ પેઢીને કંઈક આપવાના સંકલ્પને પૂરો કરવા માટે દરેક જિલ્લામાં 75 અમૃત સરોવર બનાવવામાં આવી રહ્યા છે. દરેક જિલ્લામાં આ અમૃત સરોવર નવા હોય, મોટા હોય, તેનાં નિર્માણમાં સરકાર તરફથી મનરેગાના પૈસાની મદદ લઈ શકાય છે. આઝાદીના અમૃત મહોત્સવમાં દરેક જિલ્લામાં 75 અમૃત સરોવરોનું નિર્માણ, આગામી પેઢીઓ માટે બહુ ઉપયોગી સાબિત થશે. તેનો ઘણો મોટો લાભ આપણી ધરતી માતાને મળશે. આપણી ધરતી માતા તરસી છે. આપણે એટલું પાણી ખેંચી લીધું છે કે ધરતી માતાની તરસ છિપાવવી એ ધરતી માતાના સંતાન તરીકે આપણી ફરજ બને છે. અને તેનાં કારણે પ્રકૃતિનાં પ્રાણોમાં એક નવી ઊર્જાનો સંચાર થશે, એક નવી ચેતના આવશે. તેનાંથી નાના ખેડૂતોને લાભ થશે, મહિલાઓને લાભ થશે. એટલું જ નહીં, આ જીવ દયાનું પણ કામ થશે. પશુ-પક્ષીઓ માટે પણ બહુ મદદરૂપ સાબિત થશે. એટલે ક દરેક જિલ્લામાં 75 અમૃત સરોવરોનું નિર્માણ માનવતાનું મોટું કામ છે, જેને આપણે ચોક્કસ કરવું જોઈએ.

## 75 ગોબરધન બાયો સીએનજી પ્લાન્ટ

આગામી બે વર્ષમાં દેશનાં 75 મોટાં નગર એકમોમાં ગોબરધન બાયો સીએજી પ્લાન્ટ બનાવવા પર કામ કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન ભારતનાં શહેરોને સ્વચ્છ બનાવવામાં, પ્રદૂષણરહિત બનાવવામાં, ક્લીન એનર્જીની દિશામાં ઘણી મદદ કરશે.



**જો આપણે આઝાદીના 100 વર્ષ પર ભારતને નવી ઊંચાઈ પર લઈ જવું હોય, તો તેનાં માટે મહેનતની પરાકાષ્ઠા કરવી પડશે. અને પરિશ્રમનો કોઇ શોર્ટ-કટ નથી હોતો.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

આજે ભારતમાં દર મહિને સરેરાશ 5,000 પેટન્ટ ફાઈલ થાય છે. આજે ભારત દર મહિને સરેરાશ 500થી વધુ આધુનિક રેલવે કોચ બનાવી રહ્યું છે. આજે ભારત દર મહિને સરેરાશ 18 લાખ ઘરોમાં નળમાં પાણી પુરું પાડી રહ્યું છે.

સ્ટાર્ટઅપ ઈન્ડિયા અભિયાન આઈડિયાનાં સ્તરે હતું. આ શબ્દથી મોટાં ભાગનાં લોકો અજાણ હતા. પણ વીતેલાં કેટલાંક વર્ષોનાં પ્રયત્નોથી ભારત આજે વિશ્વની ત્રીજી સૌથી મોટી ઈકો સિસ્ટમ છે. આટલું જ નહીં, ભારતમાં આજે સરેરાશ 10 દિવસમાં એક યુનિકોર્ન બની રહ્યું છે. ભારત આજે વિશ્વનો બીજો મોટો મોબાઈલ ફોન ઉત્પાદક છે. ભારતની બાયોટેક ઈકોનોમી આઠ ગણી વધીને 6 લાખ કરોડ રૂપિયાને પાર થઈ ગઈ છે. પ્રાકૃતિક ખેતી જેવો શબ્દ વિશ્વમાં ચર્ચાનો જ વિષય છે, પણ ભારતમાં તેનો અમલ થઈ રહ્યો છે. જળવાયુ પરિવર્તનના પડકારોનો સામનો કરવાની દુનિયાની પહેલમાં ભારતનો પ્રયાસ માત્ર નીતિઓ સુધી મર્યાદિત નથી, પણ ભારતનો યુવાન ઈલેક્ટ્રિક વાહન, જળવાયુ સાથે સંકળાયેલી ટેકનોલોજીમાં રોકાણ કરી રહ્યો છે. પર્યાવરણ અનુકુળ વ્યવહાર અને જીવનશૈલી સામાન્ય લોકોનાં જીવનનો હિસ્સો બની રહી છે. આજે ભારતનું દરેક ગામ ખુલ્લામાં

# સ્વતંત્રતા સંગ્રામ: ગુમનામ નાયકોની જાણકારી મેળવવી અને DDR બનાવવી

**આ આપણા સ્વતંત્રતા આંદોલનના ગુમનામ નાયકોને યાદ કરવાનો અને યુવાનોને જાગૃત કરવાનો પ્રયાસ છે. આ એ નાયકો છે, જે આઝાદીના આંદોલનમાં બલિદાન આપવા છતાં આજની પેઢી માટે ગુમનામ રહી ગયા. તો ડીડીઆર (ડિજિટલ ડિસ્ટ્રીક્ટ રિપોઝીટરી) એવા લોકો અને સ્થળોની કહાની શોધવાનો અને તેમનું દસ્તાવેજીકરણ કરવાનો પ્રયાસ છે જેમણે સ્વતંત્રતા સંગ્રામ જોયો અને યોગદાન આપ્યું.**





**વંદે ભારતમ- નૃત્ય ઉત્સવ** સંસ્કૃતિ અને સંરક્ષણ મંત્રાલયનાં વિશેષ પ્રયત્નો અંતર્ગત રાષ્ટ્રીય સ્તર પર બે મહિના સુધી ચાલેલી સ્પર્ધામાં 480 નર્તકોની પસંદગી કરવામાં આવી, જેમણે 2022નાં પ્રજાસત્તાક દિવસ પર રજૂઆત કરી.

## આઝાદીના 75 વર્ષ પર 'હર ઘર તિરંગા'

આઝાદીના 75 વર્ષ પૂરા થઈ રહ્યા છે ત્યારે દેશમાં દરેક નાગરિકનાં મનમાં રાષ્ટ્ર પ્રેમ અને રાષ્ટ્રભિમાન જાગૃત કરવા માટે 13 ઓગસ્ટથી 15 ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' અભિયાન ચલાવવામાં આવશે. આ અભિયાન દ્વારા દરેક વ્યક્તિને પોતાની રાષ્ટ્ર પ્રેમની ભાવના પ્રદર્શિત કરવાની તક મળશે. સરકારે અમૃત મહોત્સવ વર્ષમાં 30 ડિસેમ્બર, 2021નાં રોજ ભારતીય ધ્વજ સંહિતા, 2002માં સુધારો કર્યો, જેમાં પોલિયેસ્ટર કે મશીનથી તૈયાર કપડાંમાંથી બનેલા ધ્વજને મંજૂરી આપવામાં આવી છે.

## આંદોલન પર પોડકાસ્ટ શ્રૃંખલા

આ પોડકાસ્ટ શ્રૃંખલા એ વ્યક્તિઓ અને આંદોલન પર છે જેમણે ભારતનાં સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું, જેમાંથી કેટલાંકને પરંપરાગત સ્વતંત્રતા આંદોલનની કહાનીમાં સ્થાન નથી મળ્યું.

## સ્વતંત્ર સ્વર

બ્રિટિશ સરકારે સ્વતંત્રતા માટે સંઘર્ષ અને અન્યાય વિરુધ્ધ મન અને હૃદયમાં દેશભક્તિની ભાવના જગાવતા ગીત અને કવિતાઓ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. આવી કવિતાઓ અને ગીતો https://amritmahotsav.nic.in/ swatantra-swar.htm પર વાંચી શકાશે.



## આત્મનિર્ભર ભારતનું લક્ષ્ય પૂરું થશે

જ્યારે ભારત આઝાદીનું સ્વર્ણિમ વર્ષ એટલે કે 100મું વર્ષ મનાવશે ત્યારે આત્મનિર્ભર ભારતનું લક્ષ્ય પૂરું થાય તે માટે મક્કમતાપૂર્વક કામ કરવું પડશે. જ્યારે ભારત ફરી એક વાર આત્મનિર્ભર બનશે ત્યારે તે વિશ્વને નવી દિશા દર્શાવશે. ભારતની સફળતાઓ માત્ર આપણી નથી, પણ સમગ્ર દુનિયા, સમગ્ર માનવતા માટે આશા જગાવનારી છે. આત્મનિર્ભરતાથી ઓતપ્રોત થઈને આપણી વિકાસ યાત્રા સમગ્ર દુનિયાની વિકાસ યાત્રાને ગતિ આપશે.

## ઊર્જા ક્ષેત્રમાં ભારત આત્મનિર્ભર બનશે

આઝાદીના 100 વર્ષ પૂરા થાય ત્યાં સુધીમાં ભારત ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભર બનશે. આ રોડ મેપ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. ઇલેક્ટ્રિક વાહનોની સંખ્યા વધારવી, ગેસ આધારિત અર્થતંત્ર, દેશભરમાં સીએનજી અને પીએનજીનું નેટવર્ક, પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ મિશ્રણ નિર્ધારિત લક્ષ્ય કરતાં પહેલાં હાંસલ કરવું, રેલવેનું 100 ટકા ઈલેક્ટ્રિફિકેશન સાથે 2030 સુધી નેટ ઝીરો કાર્બન ઉત્સર્જક બનવાનું લક્ષ્ય તેનો જ ભાગ છે. ભારતે અક્ષય ઊર્જામાં 450 ગિગાવોટનું લક્ષ્ય રાખ્યું છે, જેમાં 100 ગિગાવોટનું લક્ષ્ય સમય પહેલાં હાંસલ કરી લેવામાં આવ્યું છે. એક સન એક ગ્રિડનાં વિઝન સાથે ઈન્ટરનેશનલ સોલર એલાયન્સમાં ભારત વડપણ કરી રહ્યું છે. આ જ રીતે, ગ્રીન હાઇડ્રોજન નેશનલ મિશનની જાહેરાત કરવામા આવી એટલું જ નહીં પણ એ દિશામાં કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

## મેરા ગાંવ, મેરી ધરોહર

મેરા ગાંવ, મેરી ધરોહર (MGMD) વાસ્તવમાં, નેશનલ મિશન ઓન કલ્ચરલ મેપિંગ (NMOCM)નો એક ભાગ છે. તેનો હેતુ દેશભરમાં સાંસ્કૃતિક સંપત્તિ અને સંસાધનની શોધ કરીને તેને રેકોર્ડ કરવાનો છે. તેમાં 6.5 લાખ ગામોને આવરી લઈને આ પહેલ ભારતીય સાંસ્કૃતિક ટેકનોલોજી/પરંપરાઓનું જતન કરીને તેને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે. સ્થાનિક કલાકારો અને તેમનં કૌશલ્ય અને વારસાનું રક્ષણ કરશે. તેનું મૂળ લક્ષ્ય પ્રત્યેક પસંદિત ગામ માટે 'આભાસી સંગ્રહાલય' બનાવવાનું છે.

## ડિજિટલ જ્યોતિથી આશરે 27 લાખ લોકોને શ્રધ્ધાંજલિ આપી

અસંખ્ય સ્વતંત્રતા સેનાનીઓના બલિદાનથી આપણે સ્વતંત્રતા મળી છે, જેમણે આપણા ભવિષ્યનાં નિર્માણ માટે પોતાનું વર્તમાન દાવ પર લગાવી દીધું છે. આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન કૃતજ્ઞ રાષ્ટ્ર તેમનાં સાહસ અને બલિદાનને નમન કરે છે. આ માટે ડિજિટલ જ્યોતિથી શ્રધ્ધાંજલિ આપવાની વ્યવસ્થા કરવામાં આવી, જેમાં તમારી તસવીર, વર્ણન અને સંદેશ સાથે શ્રધ્ધાંજલિ આપી શકાય છે. આ ડિજિટલ જ્યોતિ સેન્ટ્રલ પાર્ક, કનોટ પ્લેસ ખાતે પ્રજ્વલિત થાય છે. તેનાં દ્વારા આશરે 27 લાખ લોકોએ શ્રધ્ધાંજલિ આપી છે.

## સૌથી વધુ રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો રેકોર્ડ ગિનીઝ બુકમાં નોંધાયો

23 એપ્રિલ, 2022નાં રોજ આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત બિહારના જગદીશપુર સ્થિત દુલૌર મેદાનમાં વીર કુંવરસિંહ વિજયોત્સવ કાર્યક્રમમાં 78,220 રાષ્ટ્રીય ધ્વજ એટલે કે તિરંગો એક સાથે લહેરાવીને ભારતે ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્ઝમાં પોતાનું નામ નોંધાવ્યું છે. આ અગાઉનો રેકોર્ડ પાકિસ્તાનનાં નામે હતો, જેણે 2004માં એક સાથે 56,000 પાકિસ્તાની ધ્વજ લહેરાવ્યા હતા.

શૌચથી મુક્ત છે, દરેક ગામમાં વીજળી પહોંચી ચૂકી છે, લગભગ દરેક ગામ રોડ માર્ગથી જોડાઈ ચૂક્યું છે, 99 ટકાથી વધુ ઘરોમાં રસોઈ બનાવવા માટે સ્વચ્છ ઇંધણ છે, દરેક પરિવાર બેન્કિંગ વ્યવસ્થા સાથે સંકળાયેલો છે, દરેક ગરીબને પાંચ લાખ રૂપિયાની સારવાર મફતમાં ઉપલબ્ધ છે.

અમૃત કાળમાં નવા ભારતનું લક્ષ્ય દેશનાં સ્વતંત્રતા સેનાનીઓના સપના પૂરા કરવાનું છે. નવા ભારતને તેમનાં સપનાનું ભારત બનાવવાનું છે. એક એવું ભારત જેમાં ગરીબ, ખેડૂત, મજૂર, પછાત, આદિવાસી બધાં માટે સમાન તકો હોય. છેલ્લાં આઠ વર્ષમાં ભારતે આ સંકલ્પને પૂરા કરવા માટે નીતિઓ પણ બનાવી અને સંપૂર્ણ નિષ્ઠા સાથે કામ પણ કર્યું છે. અમૃત કાળમાં ભારત સમાવેશી વિચારધારા ધરાવે છે અને કરોડો લોકોની આકાંક્ષાઓને પૂરી કરવામાં આવી રહી છે. ભારત આજે અભૂતપુર્વ સંભાવનાઓથી ભરેલો છે. એક મજબૂત, સ્થિર અને નિર્ણાયક સરકારનાં



## સોમનાથ મંદિર

પીએમ મોદીનાં વડપણ હેઠળનાં સોમનાથ ટ્રસ્ટે સોમનાથ મંદિરનો જીર્ણોધ્ધાર કર્યો. તેમાં એક પ્રદર્શન કેન્દ્ર, સમુદ્ર દર્શન પથ અને મા પાર્વતી મંદિરનાં નિર્માણનો સમાવેશ થાય છે.



## બાબા બૈધનાથ ધામ, દેવઘર

શ્રધ્ધાળુઓની સગવડ માટે અને સુવિધાઓ પૂરી પાડવા માટે એરપોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું, જેનુ લોકાર્પણ પીએમ મોદીએ 12 જુલાઈનાં રોજ કર્યું.

**આજે જ્યારે આપણે દેશનાં અમૃત સંકલ્પો લઇને આગળ વધી રહા છીએ ત્યારે આપણે આપણા કર્તવ્યમાં, આપણી મહેનતમાં, આપણા પરિશ્રમમાં કોઇ કસર છોડવાની નથી. એક રાષ્ટ્ર તરીકે આપણી એકતા આપણી પ્રાથમિકતા હોવી જોઇએ.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

નેતૃત્વમાં નવા સપના પણ જોઈ રહ્યું છે, નવા સંકલ્પ પણ લઈ રહ્યું છે અને સંકલ્પોને સિદ્ધિમાં પરિવર્તિત કરવા માટે વ્યસ્ત છે. સરકારની નીતિઓ સ્પષ્ટ છે અને આગામી 25 વર્ષ માટે આત્મનિર્ભરતાનો રોડમેપ પણ તૈયાર છે. વડાપ્રધાન મોદીના શબ્દોમાં કહીએ તો, “2047માં દેશની આઝાદીના 100 વર્ષ થશે ત્યારે આપણે દેશને જ્યાં લઈ જવા માંગીએ છીએ, એ સપનાને પૂરાં કરવા માટે સમગ્ર દેશ જોડાઈ જશે. દેશમાં લેવામાં આવી રહેલાં નવા નવા નિર્ણયો, નવી વિચારધારા, આત્મનિર્ભર

## કેદારનાથ ધામ

કુદરતી આપત્તિમાં ભારે અસરગ્રસ્ત થનાર કેદારનાથ ધામને પુનઃ ભવ્ય રૂપ આપવામાં આવી રહ્યું છે. આ દરમિયાન, કેદારનાથ ધામની સલામતી માટે ત્રિસ્તરીય સલામતી દિવાલ, મંદિર સુધી પહોંચવાનો સરળ રસ્તો, આસ્થા પથ, મંદાકિની પુલનું નિર્માણ, હેલિપેડનું નિર્માણ સહિત તમામ કામ પૂરાં કરી લેવામાં આવ્યા છે અને બીજાં અનેક કામ ચાલુ છે.

## સરળ ચાર ધામ રાજમાર્ગ

તમામ ઋતુ માટે સલામત અને સરળ નેશનલ હાઈવે પ્રોજેક્ટ, જે ગંગોત્રી, યમનોત્રી, કેદારનાથ અને બદ્રીનાથને જોડશે. આ હાઈવે ચારેય ધામનાં ભક્તો માટે સગવડદાયક બનાવવામાં આવ્યો છે.

## મહાકાલ કોરિડોર, ઉજ્જૈન

ઉજ્જૈન સ્થિત મહાકાલ મંદિરનાં વિસ્તરણ માટે રૂ. 750 કરોડનાં અંદાજિત ખર્ચનાં પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે. સૌંદર્યીકરણની સાથે સાથે મંદિર પરિસરનું ક્ષેત્રફળ પણ આશરે આઠ ગણું વધી જશે.

# વિક્સિત, સંરક્ષિત અને પુનઃસ્થાપિત થઈ રહ્યો છે દેશનો આધ્યાત્મિક વારસો



**રામ મંદિર અયોધ્યા**

વિવાદોથી ભરપૂર 492 વર્ષ બાદ અંતે રામ જન્મભૂમિ પર રામ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે, જેનો શિલાન્યાસ પીએમ મોદીએ કર્યો હતો.



**કાશી વિશ્વનાથ કોરિડોર**

કાશી વિશ્વનાથ કોરિડોર વિક્સાવવામાં આવી રહ્યો છે. 2017 સુધી મંદિરની આસપાસ અત્યંત સાંકડા રસ્તા હતા, પણ હવે દિવ્ય અને ભવ્ય કાશી બની ગઈ છે.

## સંપૂર્ણતા સુધી પહોંચશે યોજનાઓ

આઝાદીનાં સ્વર્ણિમ કાળમાં આપણે પૂર્ણતા સુધી જવું છે. તમામ ગામોમાં રોડ હોય, તમામ પરિવારોના બેન્ક એકાઉન્ટ હોય, તમામ પાત્ર લાભાર્થી પાસે આયુષ્યમાન ભારત કાર્ડ હોય, તમામ પાત્ર વ્યક્તિઓ પાસે ગેસ, વીજળીનું જોડાણ હોય તેવી સ્થિતિનું નિર્માણ કરવાનું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક કાર્યક્રમમાં કહ્યું હતું, અમૃત કાળનો આ સમય સૂતાં સૂતાં સપના જોવાનો નહીં પણ જાગૃત થઈને પોતાના સંકલ્પો પૂરા કરવાનો છે. આગામી 25 વર્ષ પરિશ્રમની પરાકાષ્ઠા, ત્યાગ, તપ-તપસ્યાનાં 25 વર્ષ છે. સેંકડો વર્ષોની ગુલામીમાં આપણા સમાજે જે ગુમાવ્યું છે, તે 25 વર્ષનાં સમયગાળામાં પુનઃ પ્રાપ્ત કરવાનું છે. આ માટે આઝાદીનાં અમૃત મહોત્સવમાં આપણું ધ્યાન ભવિષ્ય પર જ કેન્દ્રીત હોવું જોઈએ.

ભારત જેવા નવા સંકલ્પ આ પ્રયાસોનાં સાકાર રૂપ છે. આ એ સ્વતંત્રતા સેનાનીઓનાં સપનાને પણ પૂરા કરવાનો પ્રયાસ છે, ભારતને એ ઊંચાઈઓ પર પહોંચાડવાનો પ્રયાસ છે, જેની ઈચ્છા ધરાવતા અનેક વીરોએ ફાંસીના ગાળિયાને ચૂમી લીધો હતો, પોતાનું જીવન જેલમાં વીતાવી દીધું."

ચોક્કસપણે, જ્યારે કોઈ દેશનો નાગરિક સબકા પ્રયાસની ભાવના સાથે જનભાગીદારીની ભાવના સાથે રાષ્ટ્રીય સંકલ્પનોને સિધ્ધ કરવા માટે જોડાઈ જાય છે ત્યારે તેમને વિશ્વની મોટી મોટી શક્તિઓનો સાથ પણ મળવા લાગે છે. આજે વિશ્વની મોટી મોટી શક્તિઓ ભારત સાથે ખભે ખભો

## શ્રી મહાકાળી માતાજી મંદિર, પાવાગઢ

આશરે 500 વર્ષ પહેલાં આક્રમણખોરોએ મંદિરના શિખર અને ધ્વજને ધ્વસ્ત કરી દીધાં હતા. પાવાગઢ પહાડ પર સ્થિત આ મંદિરનાં શિખરને પૂર્વવત કરી દેવામાં આવ્યું છે. તાજેતરમાં જ, મંદિરનાં શિખર પર ઝંડો લહેરાવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, આઝાદીનાં 75 વર્ષમાં પણ પાંચ સદીઓ સુધી મહાકાળી મંદિર પર ધ્વજ ફરકાવવામાં આવ્યો ન હતો. મંદિર પર લહેરાવેલો ધ્વજ આપણી આધ્યાત્મિકતાનું પ્રતીક છે એટલું જ નહીં, એ દર્શાવે છે કે સદીઓ વીતી જાય છે, યુગો વીતી જાય છે, પણ આપણો વિશ્વાસ શાશ્વત છે.

## રાષ્ટ્રગાનના 1.5 કરોડ વીડિયો અપલોડ


આઝાદીના અમૃત મહોત્સવની પહેલમાં ભારત સહિત વિશ્વભરમાં રહેતા 1.5 કરોડ ભારતીયોએ રાષ્ટ્રગાન ગાઈને તેનો વીડિયો આઝાદી કા અમૃત મહોત્સવ વેબસાઈટ પર અપલોડ કર્યો. તો રંગોળી બનાવવાની, દેશભક્તિ ગીત અને લોરી લખવાની સ્પર્ધાઓમાં 5.5 લાખ એન્ટ્રી આવી.

## વિદેશોમાં 6,000થી વધુ અમૃત મહોત્સવ કાર્યક્રમ

વિદેશોમાં સ્થિત ભારતીય મિશનોએ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 6,000થી વધુ કાર્યક્રમ આયોજિત કર્યા.

## અમૃત મહોત્સવ પર 75 ઐતિહાસિક સ્થળો પર યોગ

8મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર દેશનાં 75 ઐતિહાસિક સ્થળો પર યોગ પ્રદર્શન આઝાદીનાં અમૃત મહોત્સવ વર્ષને જનભાગીદારી સાથે જોડવાની પહેલ છે. મૈસુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દેશનાં બાકીનાં સ્થળોએ કેન્દ્રીય મંત્રી આ યોગ પ્રદર્શનમાં સામેલ થયા.



મિલાવીને ચાલવા માંગે છે. ભારત આજે પોતાના દેશવાસીઓની સંકલ્પ શક્તિથી પ્રગતિનાં પથ પર સતત આગળ વધી રહ્યો છે. દરેક વ્યક્તિનાં સંકલ્પો અને તેમની ભાગીદારીથી ભારતનાં પ્રયાસ આજે જન આંદોલન બની રહ્યા છે. આવનારી પેઢીઓ માટે નવું ભારત નવો વારસો બનાવવા પર કામ કરી રહી છે. વીતેલા દાયકામાં દેશનાં દરેક વ્યક્તિએ પોતાનાં કામથી ભારતની મજબૂત છબી બનાવી છે. આ કારણસર આઝાદીનાં અમૃત કાળમાં એટલે કે આવનારાં 25 વર્ષમાં અપેક્ષાઓ વધી ગઈ છે. કારણ કે આજે ભારતનો દરેક નાગરિક પોતે જ સફળતાની કહાની છે. ●

# ઓગસ્ટ ક્રાંતિ.....

**ગુલામીના લાંબા સમયગાળામાં સંઘર્ષનાં માર્ગે ચાલીને ભારતને આઝાદી મળી છે. સંઘર્ષની આ સફરમાં ઓગસ્ટ મહિનો વિશેષ મહત્વ ધરાવે છે. કારણ કે ભારતની આઝાદીનો પાયો કહેવાતી ત્રણ મહત્વપૂર્ણ જન આંદોલનની વર્ષગાંઠ ઓગસ્ટ મહિનામાં આવે છે અને એટલાં માટે જ્યારે દેશની આઝાદીના 75 વર્ષ પૂરાં થઈ રહ્યા છે ત્યારે આપણે ક્રાંતિના મહિના ઓગસ્ટમાં આ ત્રણ આંદોલન અને તેની અસર અંગે પણ જાણવું જોઈએ.....**



## ભારત છોડો- કરો યા મરો... આંદોલનનાં 80 વર્ષ પૂરાં

આઝાદીના આંદોલનમાં 8 ઓગસ્ટની તારીખનું મોટું મહત્વ છે. આજનાં જ દિવસે 8-9 ઓગસ્ટ, 1942ની મધ્ય રાત્રિએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના વડપણમાં આઝાદી માટે વિરાટ જન આંદોલન શરૂ થયું હતું. 'અંગ્રેજો ભારત છોડો'ની સાથે સાથે 'કરો યા મરો'નાં નારા લાગ્યા હતા. હવે વર્તમાન નેતૃત્વ 'કરેંગે યા મરેંગે' અને 'કરકે રહેંગે' ના મંત્રને જન આંદોલનની મજબૂત કડી બનાવી રહ્યું છે. 'ભારત છોડો' આંદોલન ભારતને તરત સ્વતંત્રતા ન અપાવી શક્યા પણ તેનાં દુરોગામી પરિણામ સુખદાયી રહ્યા. એટલાં માટે જ આ આંદોલનને ભારતની સ્વતંત્રતા માટે કરવામાં આવેલો અંતિમ પ્રયાસ કહેવામાં આવ્યો. આ સૌથી તીવ્ર અને વિશાળ જન આંદોલન હતું.

## અસહકારની ચળવળ

સામ્રાજ્યવાદના વિરોધમાં મહાત્મા ગાંધીએ દેશવાસીઓને અપીલ કરતા અસહકારની ચળવળની માંગ કરી. ઔપચારિક રીતે 1 ઓગસ્ટ, 1920નાં રોજ આંદોલન શરૂ કરતા મહાત્મા ગાંધીએ કહ્યું હતું, સ્કુલ, કોલેજ અને અદાલતમાં ન જાવ અને કર પણ ન ચૂકવો. જો અસહકારનું બરાબર રીતે પાલન કરવામાં આવે તો ભારત એક વર્ષની અંદર સ્વરાજ મેળવી લેશે. આ સમગ્ર આંદોલનમાં અંગ્રેજોની ક્રુરતા વિરુધ્ધ માત્ર અહિંસક સાધનોને અપનાવવામાં આવ્યા હતા.

**અસહકારની ચળવળની સૌથી વધુ અસર સ્કુલ-કોલેજ અને અદાલતો પર પડી. કર્મચારીઓએ કામ કરવાનું બંધ કરી દીધું. એક સરકારી અહેવાલ પ્રમાણે 1921માં 396 હડતાળ થઈ, જેમાં 6 લાખ શ્રમિક જોડાયા અને 70 લાખ કાર્ય દિવસનું નુકસાન થયું.**

## સ્વદેશી આંદોલન

બંગાળનાં ભાગલાની જાહેરાત બાદ 7 ઓગસ્ટ, 1905નાં રોજ સ્વદેશી આંદોલનની શરૂઆત થઈ. ભારતીયોએ સરકારી સેવાઓ, શાળાઓ, અદાલતો અને વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરીને સ્વદેશી વસ્તુઓને પ્રોત્સાહન આપવાનો સંકલ્પ કર્યો. એટલે કે આ રાજકીય આંદોલનની સાથે સાથે અંગ્રેજો પર આર્થિક ફટકો કરનારું આંદોલન પણ હતું. સ્વદેશી આંદોલને મુખ્યતઃ ત્રણ નેતાઓને જન્મ આપ્યો. જેમાં બાળ ગંગાધર તિળક, બિપિનચંદ્ર પાલ અને લાલા લાજપતરાયનો સમાવેશ થાય છે. આ ત્રણેય લાલ, બાલ, પાલની ત્રિપુટી તરીકે જાણીતા હતા

**આંદોલનને પરિણામે વર્ષ 1905-08 દરમિયાન વિદેશી આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો. તેનાંથી દેશમાં સ્વદેશી કાપડ મિલો, સાબુ અને માચીસની ફેક્ટરીઓ, ચામડાંના કારખાના, બેન્કો, વીમા કંપનીઓ, દુકાનો વગેરેની સ્થાપના થઈ. તેનાંથી ભારતીય કુટિર ઉદ્યોગ પણ પુનર્જીવિત થયો.**

## કેબિનેટનાં નિર્ણયો

# ઇન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ, આરોગ્ય અંગે મહત્વનાં નિર્ણયો

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ અને દેશનાં નાગરિકોનાં સારા આરોગ્ય માટે કેન્દ્ર સરકાર પ્રતિબધ્ધ છે. આ પ્રતિબધ્ધતા અંતર્ગત કેન્દ્રીય મંત્રીમંડળે તારંગા હિલ-અંબાજી-આબુ રોડની નવી રેલવે લાઇન, રાષ્ટ્રીય રેલ અને પરિવહન સંસ્થાને ડીમ્ડ યુનિવર્સિટીથી અપગ્રેડ કરીને સેન્ટ્રલ યુનિવર્સિટી બનાવવાને મંજૂરી આપી છે. 18 વર્ષથી વધુ ઉંમરનાં તમામ લોકો માટે 15 જુલાઈથી 75 સપ્તાહ સુધી મફતમાં પ્રિકોશન ડોઝ લગાવવાનો નિર્ણય લીધો. તારંગા હિલ-અંબાજી-આબુ રોડની નવી રેલવે લાઇનનાં નિર્માણથી ગુજરાત અને રાજસ્થાનમાં પર્યટનને પ્રોત્સાહન મળવાની સાથે સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂતી મળશે.....**



- **નિર્ણયઃ મંત્રીમંડળે 18 વર્ષથી વધુ ઉંમરનાં તમામ નાગરિકોને કોવિડ રસીનાં પ્રિકોશન ડોઝ મફતમાં લગાવવાનો નિર્ણય લીધો.**
- અસરઃ આઝાદીનાં અમૃત કાળ અંતર્ગત સરકારે નિર્ણય લીધો છે કે 15 જુલાઈ, 2022થી આગામી 75 દિવસ સુધી દેશમાં 18થી વધુ વર્ષનાં તમામ નાગરિકોને સરકારી રસીકરણ કેન્દ્રોમાં કોવિડ રસીનાં પ્રિકોશન ડોઝ મફતમાં લગાવવામા આવશે. અત્યાર સુધી તે ફ્રન્ટલાઈન વર્કર્સ અને વરિષ્ઠ નાગરિકો માટે જ મફતમાં હતી. 75 દિવસ માટે પ્રિકોશન ડોઝ મફતમાં લગાવવાથી લોકો જલ્દી રસી લગાવશે.
- **નિર્ણયઃ વડોદરા સ્થિત રાષ્ટ્રીય રેલ અને પરિવહન સંસ્થાને ડીમ્ડ યુનિવર્સિટીથી અપગ્રેડ કરીને સેન્ટ્રલ યુનિવર્સિટી બનાવવાનાં પ્રસ્તાવને કેબિનેટે મંજૂરી આપી.**
- અસરઃ સેન્ટ્રલ યુનિવર્સિટીનો દરજ્જો મળવાથી આ યુનિવર્સિટીની ક્ષમતામાં વધારો થશે. પરિવહન ક્ષેત્રમાં શિક્ષણ, તાલીમ, કૌશલ્ય અને રિસર્ચની સાથે નવા અભ્યાસક્રમો શરૂ થશે. તેનો લાભ ગુજરાત ઉપરાંત દેશભરનાં યુવાનોને પણ મળશે.
- **નિર્ણયઃ મંત્રીમંડળે તારંગા હિલ-અંબાજી-આબુ રોડની નવી રેલવે લાઇનને મંજૂરી આપી છે. ચાર વર્ષમાં રૂપિયા 2798 કરોડનાં ખર્ચે તૈયાર થશે.**
- અસરઃ 116.65 કિલોમીટર લાંબી આ રેલવે લાઇન સ્થાનિક વેપાર, માલવહન, સ્વરોજગાર, પર્યટન અને સામાજિક-આર્થિક વિકાસને મજબૂતી આપશે. રાજસ્થાન અને ગુજરાતનાં લોકોને સારી રેલ કનેક્ટિવિટી મળશે, ધાર્મિક પર્યટનને પ્રોત્સાહન મળશે. 51 શક્તિપીઠોમાંનાં એક અંબાજી સુધી પહોંચવામાં સરળતા રહેશે.
- આ પ્રોજેક્ટ 2026-27 સુધી પૂરો થઈ જશે. આ પ્રોજેક્ટનાં નિર્માણ દરમિયાન લગભગ 40 લાખ માનવ દિન માટે સીધી રોજગારી મળશે. તારંગા હિલમાં અજીતનાથ જૈન મંદિર (24 જૈન તીર્થકરોમાંના એક)ના દર્શને જનાર ભક્તોને પણ આ યોજનાથી લાભ થશે.



## પ્રધાનમંત્રી સંગ્રહાલય...

# ભૂતકાળ અને ભવિષ્યને જોડતી કડી

**પોતાનાં વારસાને જાળવવો અને તેને ભાવિ પેઢી સુધી પહોંચાડવો એ દરેક રાષ્ટ્રની ફરજ હોય છે. પોતાનાં ભવિષ્યને વ્યાખ્યાયિત કરવા માટે ઈતિહાસને વાંચવાના અને સમૃધ્ધ વારસાને જાળવવાના મંત્રને નવું ભારત આત્મસાત કરી રહ્યું છે, જેથી ગૌરવશાળી 75 વર્ષને જોવાની તક વર્તમાન અને ભાવિ પેઢીને મળી શકે. વિકાસ અને વારસાને સાથે લઈને ચાલનારી વર્તમાન સરકારે છેલ્લાં આઠ વર્ષમાં 100થી વધુ સંગ્રહાલયોનું નિર્માણ કે પુનર્નિર્માણ કર્યું છે, તેમાંથી 50 સંગ્રહાલય રાષ્ટ્રને સમર્પિત કરી દેવામાં આવ્યા છે. આ શ્રૃંખલામાં 14 એપ્રિલ, 2022નાં રોજ શરૂ થયેલું પ્રધાનમંત્રી સંગ્રહાલય પ્રેરણા પૂરી પાડે છે અને મહત્વનાં જ્ઞાન કેન્દ્ર તરીકે સ્થાપિત થઈ રહ્યું છે.....**



છેલ્લાં 75 વર્ષમાં ભારત અનેક ગૌરવશાળી પળોનું સાક્ષી રહ્યું છે. ઈતિહાસમાં આ પળોનું અતુલનીય મહત્વ છે. આવી અનેક ઘટનાઓની ઝલક તમને પ્રધાનમંત્રી સંગ્રહાલયમાં જોવા મળશે. દેશ આજે જે ઊંચાઈઓ પર પહોંચ્યો છે, ત્યાં સુધી પહોંચવામાં સ્વતંત્ર ભારતની પ્રત્યેક સરકારનાં નેતૃત્વનું યોગદાન રહ્યું છે. દરેક સરકારનાં નેતૃત્વનું યોગદાન અને તેમનાં સમયમાં વિકાસ, તેમની વ્યક્તિગત કુશળતા અને પડકારોનો સામનો કરવાની કુશળતાને ટેક્નોલોજી સાથે જોડીને પ્રધાનમંત્રી સંગ્રહાલયમાં એવી રીતે પ્રસ્તુત કરવામાં આવ્યાં છે કે વર્તમાન અને ભાવિ પેઢી રાષ્ટ્રનાં સ્વર્ણિમ ભૂતકાળ સાથે રૂબરૂ થઈ રહી છે. સંગ્રહાલય શરૂ થયાંના બે મહિનામાં જ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ સહિત 50,000થી વધુ લોકો તેની મુલાકાત લઈ ચૂક્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 24 એપ્રિલ, 2022નાં રોજ મન કી બાત કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી સંગ્રહાલય આવી અનેક હકીકતો દર્શાવે છે, જેની મોટા ભાગનાં લોકોને ખબર જ નથી. આ દરમિયાન, સંગ્રહાલય દિવસ (18 મે) પર યુવાનોને મિત્ર મંડળી સાથે કોઇને કોઇ મ્યુઝીયમની મુલાકાત લેવાનો અને પોતાનો અનુભવ શેર કરવાનું આહવાન કરવામાં આવ્યું હતું. આ આહવાન અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલાં જ કહી ચૂક્યા છે કે આપણી નવયુવાન પેઢી આ જીવંત પ્રતીક જૂએ છે ત્યારે તેને તથ્યનો પણ બોધ થાય છે અને સત્યનો પણ બોધ થાય છે. પ્રધાનમંત્રી સંગ્રહાલયમાં એ અંગેનો વિગતવાર રેકોર્ડ છે કે આપણા વડાપ્રધાનોએ વિવિધ પડકારો છતાં કઈ રીતે દેશને નવો માર્ગ ચિંધ્યો અને દેશની સર્વાંગી પ્રગતિ સુનિશ્ચિત કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હંમેશા ભારતનો ભૂતકાળ, ભારતનો વારસો અને વર્તમાન અંગે સાચી તસવીર અંગે જાગૃતિ ફેલાવવા પર ભાર મૂકે છે. તેનાં પરિણામે, વર્તમાન સરકાર વારસાના સંરક્ષણ, વિદેશોમાંથી ધરોહર પાછી લાવવી, ગૌરવાશાળી વારસાને વૈશ્વિક મંચ પર મૂકવાનું કામ કરી રહી છે. તેનાં ભાગ રૂપે જ આ પ્રકારનાં સંગ્રહાલયો બનાવવામાં આવી રહ્યા છે. જલિયાંવાલા મેમોરિયલ, ડો. આંબેડકર રાષ્ટ્રીય સ્મારક, નેતાજી સુભાષચંદ્ર બોઝ સ્મારક, ઈન્ડિયન નેશનલ આર્મી સંગ્રહાલય અને જનજાતીય સ્વતંત્રતા સેનાનીઓના સંગ્રહાલય તેનો જ ભાગ છે. ભારતે લોકશાહી રાષ્ટ્ર તરીકે જે પ્રગતિ કરી અને જે રીતે દેશમાં વિવિધતા છે, તેનો અનુભવ પ્રધાનમંત્રી મ્યુઝીયમ સિવાય બીજે ક્યાંય ન થઈ શકે. એટલાં માટે જ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુ અને મોટી સંખ્યામાં પ્રસિધ્ધ હસ્તીઓ સહિત 50,000થી વધુ લોકો પ્રારંભના બે મહિનામાં આ મ્યુઝીયમની મુલાકાત લઈ ચૂક્યા છે. આ મ્યુઝીયમમાં ઓરિજિનલ તસવીરો અને વીડિયોનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે, જેથી સંગ્રહાલયમાં બતાવવામાં આવતી કહાનીઓની સત્યતા જળવાઈ છે. જો તમે પ્રધાનમંત્રી સંગ્રહાલય ન જોયું હોય તો પ્લાન બનાવો અને તમારા ગમતા વડાપ્રધાન સાથે ફોટો ખેંચાવો અને ચાહો તો તેમની સાથે ચાલતા હોય તેવો વીડિયો પણ લઈ શકો છો.

"પ્રધાનમંત્રી સંગ્રહાલય આપણને સતત પ્રેરણા આપશે. આ સંગ્રહાલય આપણી અંદર ભારત માટે મોટા સંકલ્પોનું બીજ વાવવાનું સામર્થ્ય ધરાવે છે. આ સંગ્રહાલય, ભારતનાં ભવિષ્યને ઘડનાર યુવાનોમાં કંઇક કરી બતાવવાની ભાવના પેદા કરશે.

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**




## અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ

- નવી દિલ્હીમાં તીન મૂર્તિ કોમ્પ્લેક્સની પ્રતિષ્ઠીત ઈમારતમાં બનેલું આંતરરાષ્ટ્રીય સ્તરનું આ મ્યુઝીયમ આધુનિક ટેકનોલોજીથી સજ્જ છે, અને ભારતના આધુનિક સંગ્રહાલયોમાંનું એક છે.
- પ્રધાનમંત્રી સંગ્રહાલય માટે તીન મૂર્તિ ભવનનાં 15,600 વર્ગ મીટરથી વધુ ક્ષેત્રફળ ધરાવતા બે બ્લોકને એક કરવામાં આવ્યા. 43 ગેલેરી છે, જેમાં પ્રત્યેક વડાપ્રધાનના યોગદાનનો વિગતવાર રેકોર્ડ છે. આશરે 4,000 લોકો જોઇ શકે તેવી વ્યવસ્થા છે.
- સંગ્રહાલયમાં સ્વતંત્રતા પહેલાંની મહત્વની ઘટનાઓ, 18મી સદીમાં દેશની સમૃધ્ધિ અને તે પછી બ્રિટિશ વારસો, બંધારણનું ઘડતર, પંડિત જવાહરલાલ નહેરુથી માંડીને ડો. મનમોહન સિંઘ સુધી 14 વડાપ્રધાનોનાં કાર્યકાળમાં આવેલા પડકારોનો સામનો તથા મેળવેલી

## પ્રધાનમંત્રી સંગ્રહાલયથી મળશે આ અનુભવ

**પ્રધાનમંત્રી સંગ્રહાલયને આધુનિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અત્યાધુનિક ટેકનોલોજીનાં મિશ્રણ દ્વારા બનાવવામાં આવ્યું છે. અહીં તમે સરસ અનુભવ પૂરો પાડનારાં કેટલાંક મહત્વપૂર્ણ મુદ્દા સમજી શકો છોઃ**



### પીએમ સાથે તસવીર ખેંચાવો

ઓગમેન્ટેડ રિયાલિટીમાં તમારા મનપસંદ વડાપ્રધાન સાથે બેસીને તસવીર ખેંચાવવાની તક મળશે



### સંસદની સામે વોક વીથ પીએમ

ઓગમેન્ટેડ રિયાલિટીમાં સંસદની સામે વડાપ્રધાનની સાથે ચાલવાની તક અહીં મળશે, જેને વીડિયો દ્વારા પણ જોઈ શકાશે.

### યુનિટી વોલ



અનેકતામાં એકતા જ આપણી તાકાત છે. તેને પ્રદર્શિત કરવા માટે લગાવવામાં આવેલી યુનિટી વોલ પાસે દેશવાસીઓ સાથે ખભે ખભો મિલાવીને ઊભા રહો અને આપણી એકતાને ઉજવો.



## તમે આ મ્યુઝીયમમાં જરાય કંટાળશો નહીં

બાળપણમાં તમે માતા-પિતા સાથે કે સ્કુલમાંથી સંગ્રહાલય જોવા ગયા હશો. સંગ્રહાલય સામાન્ય રીતે કંટાળાજનક હોય છે અને ક્યારે પાછા જઈએ તેવો વિચાર આવે છે. પણ પ્રધાનમંત્રી મ્યુઝીયમમાં કંઈક અલગ જ છે. તેમાં અસરકારક રીતે માહિતી પૂરી પાડવામાં આવી છે. આ સંગ્રહાલય જોનારા બાળકો અને યુવાનો મજા આવશે.

સિધ્ધિઓ ઈન્ટરએક્ટિવ રીતે રજૂ કરવામાં આવી છે.

- સંગ્રહાલયનું પ્રતીક એટલે કે લોગો રાષ્ટ્ર અને લોકશાહીનાં પ્રતીક ધર્મચક્રને ધારણ કરનાર ભારતનાં લોકોનાં હાથનું પ્રતિનિધિત્વ કરે છે. ઊર્જા સંરક્ષણની ટકાઉ પધ્ધતિઓનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલા સંગ્રહાલય માટે એક પણ ઝાડ કાપવામાં આવ્યું નથી અને હટાવવામાં પણ નથી આવ્યું.



### મનગમતા પીએમના હસ્તાક્ષરનો પત્ર

તમારી પસંદગીના વડાપ્રધાનના હસ્તાક્ષર સાથે તમારાં નામ વાળો પત્ર મેળવી શકો છો.



### જૂઓ ભવિષ્યનું ભારત

સિમ્યુલેટેડ હેલિકોપ્ટરનાં પોડમાં બેસીને દેશમાં બની રહેલા ઊંચા પુલ, સુરંગો અને સોલર પાર્કની સાથે દેશના રોમાંચક ભવિષ્યની વિકાસ યાત્રાને 180 ડિગ્રી પ્રોજેક્શનમાં અનુભવ કરી શકો છો.

### ટાઈમ મશીન

કસ્ટમ નિર્મિત ટાઈમ મશીન દ્વારા ભરીથી ભૂતકાળમાં જીવો

### પીએમનું યાદગાર ભાષણ સાંભળો

લાલ કિલ્લા પરથી જે ભાષણ આપ્યા છે, તેમાંથી યાદગાર ભાષણ સાંભળી શકો છો.

### કિડ્સ ઝોન

અહીં ઈસરોના મિશન મંગલયાનને ઈમર્સિવ સ્ક્રીન દ્વારા અનુભવ કરો. ડિજિટલ સ્ક્રીન પર તમારા ચિત્રને લાઈવ બનતા જૂઓ.

# વડાપ્રધાન અંગે તમારું જ્ઞાન વધારનારી હકીકતો

**પ્રધાનમંત્રી સંગ્રહાલયમાં સરકાર-વહીવટ, પડકારોનો સામનો કરવા અંગેની માહિતી છે, તો સાથે સાથે તેમનાં જીવન સાથે સંકળાયેલી માહિતી, વિશેષ પ્રસંગોની ચીજવસ્તુઓને પણ રજૂ કરવામાં આવી છે. જેમ કે...**

- લાલ બહાદુર શાસ્ત્રીએ તેમનાં લગ્નમાં સાસરા પક્ષમાંથી ભેટ તરીકે માત્ર એક ચરખો જ સ્વીકાર્યો હતો. આ ચરખો સંગ્રહાલયમાં રાખવામાં આવ્યો છે. તેમની મામૂલી બચત, ઈમાનદારી અને સાદગી દર્શાવતી પોસ્ટ ઓફિસની પાસ બુક પણ સંગ્રહાલયમાં રાખવામાં આવી છે.
- સ્વતંત્રતા આંદોલનમાં જોડાતા પહેલાં મોરારજી દેસાઈ વર્ષો સુધી ગુજરાતમાં ડેપ્યુટી કલેક્ટર હતા, તે અંગેના દસ્તાવેજો રાખવામાં આવ્યા છે.
- ચૌધરી ચરણસિંહને જમીનદાર પ્રથા નાબૂદીમાં ખૂબ રસ હતો. તેમણે જમીનદારી પ્રથા નાબૂદી પર મહત્વનું પુસ્તક પણ લખેલું, જે સંગ્રહાલયમાં મૂકવામાં આવ્યું છે.
- વડાપ્રધાન ચંદ્રશેખર અંગે બહુ લોકોને ખબર નહીં હોય કે તેમણે ‘ભારત યાત્રા’ નામે કન્યાકુમારીથી દિલ્હી સુધીની પગયાત્રા કરી હતી. 6 જાન્યુઆરીથી 25 જૂન, 1983 સુધી તેઓ લગભગ 4,260 કિલોમીટર પગે ચાલ્યા હતા.

# આ મ્યુઝીયમને પણ જૂઓ

- **ભારતીય સંગ્રહાલયઃ** કોલકતામાં છે. 1814માં શરૂ થયેલું આ સંગ્રહાલય ભારતમાં જ નહીં, પણ એશિયા પ્રશાંત વિસ્તારમાં સૌથી જૂનું અને સૌથી મોટું સંગ્રહાલય છે. અહીં પ્રાચીન વસ્તુઓ, શસ્ત્રો અને આભૂષણો, જીવાશ્મ, કંકાલ, જૂનાં સાચવેલાં શબ અને મુગલ ચિત્રોનાં સંગ્રહ સાથે સિક્કાઓનો પણ અનોખો સંગ્રહ છે.
- **રાષ્ટ્રીય રેલ સંગ્રહાલયઃ** નવી દિલ્હીમાં છે. અહીં ભારતીય રેલના 140 વર્ષનાં વારસાને જોવા અને સમજવાની તક મળે છે. અહીં ફેરી ક્વિન, વરાળનાં એન્જિન, કોલસાથી ચાલતી ગાડીઓનાં મોડલ ઉપરાંત મહારાજા રોલિંગ સલુન પણ જોવા મળી શકે છે. આ સંગ્રહાલયમાં વિશ્વની જૂની ચાલુ હાલતની ટ્રેન પણ છે, જેનું એન્જિન 1855માં બનાવવામાં આવ્યું હતું.
- **આરબીઆઈ મોનેટરી મ્યુઝીયમઃ** મુંબઈમાં છે. આ મ્યુઝીયમમાં સિક્કા અને રૂપિયાના વિકાસનો ક્રમ જોઈ શકાય છે. અહીં છઠ્ઠી શતાબ્દીના સિક્કાથી માંડીને ઈ-મની સુધી બધું જ ઉપલબ્ધ છે.
- **વિરાસત-એ-ખાલસાઃ** શીખ ધર્મનાં મ્યુઝીયમ સાથે સંકળાયેલું છે, પંજાબનાં આનંદપુર સાહિબમાં છે. આ સંગ્રહાલય શીખ ઈતિહાસનાં 500 વર્ષ અને ખાલસાની 300મી વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે બનાવવામાં આવ્યું હતું. તે 10મા અને અંતિમ ગુરુ ગોબિંદસિંહનાં શાસ્ત્રો પર આધારિત છે અને એશિયામાં સૌથી વધુ જોવાતા સંગ્રહાલય તરીકેનો વિક્રમ ધરાવે છે.
- **પતંગ સંગ્રહાલયઃ** અમદાવાદમાં છે. આ પતંગ સંગ્રહાલય દેશનું પ્રથમ અને એક માત્ર તથા વિશ્વનું બીજું પતંગ સંગ્રહાલય છે. 26 ફેબ્રુઆરી, 1975નાં રોજ શરૂ થયેલાં અને સંસ્કાર કેન્દ્રનાં નામે જાણીતાં આ સંગ્રહાલયમાં 22X16 ફુટના સૌથી ઊંચા પતંગ ઉપરાંત પતંગના ઈતિહાસની માહિતી ઉપરાંત વિશ્વભરમાં દુર્લભ પતંગ પણ જોવા મળે છે.
- **નેશનલ મ્યુઝીયમ ઓફ ઈન્ડિયન સિનેમાઃ** મુંબઈમાં ગુલશન મહલ ઈમારતમાં આ મ્યુઝીયમ આવેલું છે. તેની શરૂઆત 19 જાન્યુઆરી, 1919નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી. સંગ્રહાલયમાં વિવિધ ફિલ્મી હસ્તીઓના સંઘર્ષની ગાથાઓ અને ભારતીય મનોરંજન ઉદ્યોગનાં ઈતિહાસની માહીતી મળે છે.
- ભારતમા કાપડ ઉદ્યોગનો ઈતિહાસ અમદાવાદમાં કેલિકો ટેક્સટાઈલ મ્યુઝીયમમાં જાણવા મળે છે. 1949માં સ્થાપિત આ મ્યુઝીયમમાં મુગલ કાળમાં બનાવેલું કાપડ પ્રદર્શિત કરવામાં આવ્યું છે અને દેશનાં વિવિધ ભાગોમાં કાપડ ઉદ્યોગની પ્રગતિની પણ માહિતી મળે છે.

- નેશનલ વોર મેમોરિયલ નવી દિલ્હીમાં છે. સર્વોચ્ચ બલિદાન આપનારા સૈનિકોની યાદમાં તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. હવે અહીં અમર જવાન જ્યોતિ પણ પ્રજ્વલિત છે.
- રાષ્ટ્રીય પોલિસ સ્મારક નવી દિલ્હીમાં છે. પોલિસ અને અર્ધસૈનિક દળોને સમર્પિત આ રાષ્ટ્રીય સ્મારક વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 21 ઓક્ટોબર, 2018નાં રોજ રાષ્ટ્રને સમર્પિત કર્યું. આઝાદીનાં આટલા દાયકા બાદ દેશમાં કોઈ રાષ્ટ્રીય પોલિસ સ્મારક ન હતું.
- જલિયાંવાલા બાગ સ્માક પરિસરનું પુનર્નિર્માણ અને સ્મારક ગેલેરીઓની શરૂઆત સરકારે કરી છે.
- વિપ્લોવી ભારત ગેલેરી કોલકતામાં છે. અહીં ક્રાંતિનાં ચિહ્નોને આધુનિક ટેકનોલોજીનાં માધ્યમથી આકર્ષક બનાવવામાં આવ્યા છે. આ ગેલેરીમાં આઝાદ હિન્દ ફોજનાં યોગદાનને પણ ઈતિહાસનાં પાનામાથી બહાર લાવીને સામે મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.
- આદિવાસી સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયની શ્રૃંખલામાં ઝારખંડમાં ભગવાન બિરસા મુંડા આદિવાસી સ્વતંત્રતા સેનાની સંગ્રહાલય રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું છે. રાજપીપળા ખાતે રાષ્ટ્રીય આદિવાસી સ્વતંત્રતા સેનાનીઓનું સંગ્રહાલય બની રહ્યું છે, જેમાં 16 ગેલેરી સમગ્ર ભારતનાં આદિવાસી સ્વતંત્રતા આંદોલનોને સમર્પિત હશે. આ સંગ્રહાલય સ્ટેચ્યુ ઓફ યુનિટીથી લગભગ 6 કિ.મી.દૂર છે.

# નવું શિક્ષણ, નવી નીતિ નવા ભારતનું નિર્માણ



**જેવી રીતે એક નવજાતના જીવન માટે માતાનું દૂધ જ સંપૂર્ણ આહાર હોય છે એ જ રીતે વ્યક્તિનાં જન્મથી મૃત્યુ સુધી સાર્થક જીવન જીવવા માટે શિક્ષણ મહત્વનું પાસુ છે. પણ શિક્ષણનો હેતુ માત્ર ડિગ્રીધારક યુવકો તૈયાર કરવાનો જ નથી પણ દેશને આગળ ધપાવવા માટે જરૂરી માનવ સંસાધન નિર્માણ કરવા માટે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો આ જ મૂળ હેતુ છે. 29 જુલાઈનાં રોજ શિક્ષણ નીતિને બે વર્ષ પૂરાં થયા છે. આ બે વર્ષમાં શાળાકીય શિક્ષણથી માંડીને કૌશલ્ય વિકાસ સુધીની અનેક પહેલ કરવામાં આવી, તો હવે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં મંથન સાથે આગળ વધવાનો વારો છે. આ લક્ષ્ય કઈ રીતે હાંસલ થાય તેનાં પર મંથન કરવા દેશનાં શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલી 300 હસ્તીઓએ 7થી 9 જુલાઈ સુધી ધર્મ, આધ્યાત્મ અને જ્ઞાનની નગરી વારાણસીમાં અખિલ ભારતીય શિક્ષા સમાગમ અતંર્ગત મંથન કર્યું. 7 જુલાઈનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંથનની શરૂઆત કરી....**

આપણા દેશમાં પ્રતિભાઓની કમી નથી પણ ગુલામીના સમયગાળામાં એવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી, જેમાં અભ્યાસનો અર્થ માત્ર અને માત્ર નોકરી જ ગણવામાં આવતો હતો. એ વખતે અંગ્રેજોનું લક્ષ્ય હતું પોતાનાં માટે નોકરો તૈયાર કરવા. સ્વતંત્રતા બાદ તેમાં થોડું પરિવર્તન આવ્યું પણ બહુ મોટાં ફેરફાર કરવાનાં રહી ગયા એટલે ધાર્યા પરિણામ ન મળી શક્યા. 2020માં નવી શિક્ષણ નીતિ ઘડીને આ વ્યવસ્થા બદલવાની શરૂઆત કરવામાં આવી. આ એવી નીતિ છે જેમાં શિક્ષણ માત્ર નોકરી મેળવવામાં નહીં પણ યુવાનોનાં ભવિષ્યનાં નિર્માણમાં મદદરૂપ સાબિત થઈ શકે. 7 જુલાઈનાં રોજ અખિલ ભારતીય શિક્ષા સમાગમમાં આ બાબતનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું," રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મૂળ આધાર, શિક્ષણને સંકુચિત વિચારધારામાંથી બહાર લાવવાનો અને તેને 21મી સદીના આધુનિક વિચારો સાથે જોડવાનો છે."

**વડાપ્રધાન મોદીનાં ભાષણની છ મુખ્ય વાતો...**

1. આપણે માત્ર ડિગ્રી ધારક યુવાનો તૈયાર ન કરીએ, પણ દેશને આગળ વધારવા માટે જેટલાં પણ માનવ સંસાધનની જરૂર હોય તે આપણી શિક્ષણ વ્યવસ્થા દેશને આપે. આ સંકલ્પનું નેતૃત્વ આપણા શિક્ષકો અને શિક્ષણ સંસ્થાઓએ કરવાનું છે.
2. આજે ભારત વિશ્વની સૌથી ઝડપથી આગળ વધી રહેલાં અર્થતંત્રોમાંનુ એક છે. આજે આપણે દુનિયાની સૌથી મોટી ઈકો સિસ્ટમ છીએ. સ્પેસ ટેકનોલોજી જેવાં ક્ષેત્રમાં જ્યાં પહેલાં માત્ર સરકાર જ બધું કરતી હતી ત્યાં હવે ખાનગી ક્ષેત્ર દ્વારા યુવાનો માટે નવી દુનિયા બની રહી છે. દેશની દીકરીઓ માટે મહિલાઓ માટે જે સેક્ટર પહેલાં બંધ હતા તે સેક્ટર હવે દીકરીઓની પ્રતિભાના ઉદાહરણ રજૂ કરી રહ્યા છે.
3. નવી નીતિમાં સંપૂર્ણ ફોકસ બાળકોની પ્રતિભા અને ચોઈસનાં હિસાબે તેમને સ્કિલ્ડ બનાવવા પર છે. આપણા યુવાનો

# દિવ્ય, ભવ્ય અને સુંદર કાશી

***વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે પ્રથમ વાર લોકસભાની ચૂંટણી લડવા કાશી પહોંચ્યા ત્યારે પોતાની સાથે ગુજરાતનું વિકાસ મોડલ લઈને આવ્યા હતા. પણ તેમણે, આધ્યાત્મ, ધર્મ અને સાંસ્કૃતિક નગરી કાશીમાં વિકાસનું નવું મોડલ રજૂ કર્યું, જેને 'કાશી મોડલ' તરીકે ઓળખવામાં આવે છે. આ મોડલમાં પરંપરા અને આધુનિકતાનું સુંદર સંતુલન જોવા મળે છે. દેશનું સુકાન સંભાળ્યા બાદ વડાપ્રધાન મોદી પોતાના સંસદીય વિસ્તારમાં ગયા ત્યારે કરોડો રૂપિયાની ભેટ આપીને ગયા. 7 જુલાઈનાં રોજ ફરી એક વાર તેમણે કાશીને રૂ. 1800 કરોડની ભેટ આપી.***

કાશીએ સમગ્ર દેશને એવી તસવીર બતાવી જેમાં વારસો પણ છે અને વિકાસ પણ. હજારો કરોડ રૂપિયાની યોજનાઓ પૂરી થઈ ચૂકી છે અને અનેક અમલીકરણનાં વિવિધ તબક્કા હેઠળ છે. 7 જુલાઈનાં રોજ આશરે 1800 કરોડ રૂપિયાનાં પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "કાશીનું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગતિશીલતાને પ્રોત્સાહન આપી રહ્યું છે. શિક્ષણ, કૌશલ્ય, પર્યાવરણ, સ્વચ્છતા, વેપાર માટે જ્યારે પ્રોત્સાહન મળે છે ત્યારે નવી સંસ્થાઓ બને છે. આસ્થા અને આધ્યાત્મ સાથે સંકળાયેલા પવિત્ર સ્થળોની દિવ્યતાને આધુનિક ભવ્યતા સાથે જોડવામાં આવે છે ત્યારે વિકાસ પ્રગતિશીલ બને છે. જ્યાર ગરીબોને ઘર, વીજળી, પાણી, ગેસ, શૌચાલય જેવી સુવિધાઓ મળે છે, ખલાસીઓ, વણકરો-હસ્તશિલ્પીઓ, લારી ગલ્લા વાળાથી માંડીને બેઘર લોકો સુધી તમામ લાભ મળે છે ત્યારે વિકાસ સંવેદનશીલ બને છે."

## 1800 કરોડ રૂપિયાનાં પ્રોજેક્ટ્સ

- 590 કરોડ રૂપિયાથી વધુનાં પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરવામાં આવ્યું. તેમાં વારાણસી સ્માર્ટ સિટી અને શહેરી પ્રોજેક્ટ્સ અંતર્ગત આવનારી અનેક પહેલ સામેલ છે.
- બાબતપુર-કપસેઠી-ભદોહી રોડ પર ચાર લેન વાળા રોડ ઓવર બ્રિજ, 7 પીએમજીએસવાય રોડનું નિર્માણ અને ઘરસૌના-સિંઘૌરા રોડને પહોળો કરવા સહિતનાં વિવિધ પ્રોજેક્ટ્સનું પણ ઉદઘાટન કરવામાં આવ્યું.
- ગટર અને જળ પુરવઠાની વ્યવસ્થાને સારી બનાવવા સંબંધિત વિવિધ પ્રોજેક્ટસનું પણ ઉદઘાટન કરવામાં આવ્યું.
- વડાપ્રધાને 1200 કરોડ રૂપિયાથી વધુનાં પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કર્યો. તેમાં અનેક રોડ પ્રોજેક્ટ્સ, રોડ પહોળા કરવાનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સથી શહેર અને ગ્રામીણ રસ્તા પર વાહનવ્યવહારને ઘટાડવામાં ઘણી મદદ મળશે.
- આ વિસ્તારમાં પર્યટનને પ્રોત્સાહન આપવાના હેતુથી વડાપ્રધાને વિશ્વ બેન્કની આર્થિક મદદથી ઉત્તર પ્રદેશ ગરીબ સમર્થક પર્યટન વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત અનેક પ્રોજેક્ટ્સનો શિલાન્યસ પણ કર્યો.
- વડાપ્રધાન મોદીએ સિગરામાં સ્પોર્ટ્સ સ્ટેડિયમના પુનર્વિકાસ કાર્યોનાં પ્રથમ તબક્કાનો પણ શિલાન્યાસ કર્યો.



### વારાણસને મળી અક્ષય પાત્ર રસોડાની ભેટ

વડાપ્રધાન મોદીએ પોતાની વારાણસીની યાત્રામાં અક્ષય પાત્ર રસોડાનું પણ ઉદઘાટન કર્યું. દેશમાં આ 62મું અને ઉત્તરપ્રદેશમાં ચોથું અક્ષય પાત્ર રસોડું છે. અક્ષય પાત્ર સેવાભાવી સંસ્થા છે. તે યુપી સહિત દેશનાં 12 રાજ્યોમાં શાળાના બાળકો માટે મધ્યાહન ભોજન ઉપલબ્ધ કરાવે છે. ભારતમાં સરકારી શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાને લાગુ કરવામાં અક્ષય પાત્ર કેન્દ્ર સરકારની સૌથી મોટી ભાગીદાર છે. આ સંસ્થા દેશનાં 14,702 શાળામાં આશરે 17 લાખ વિદ્યાર્થીઓને મફતમાં ભોજન પૂરું પાડે છે. વારાણસીમાં અક્ષય પાત્ર રસોડાનું 62મું કેન્દ્ર ખુલ્યું છે. આ અક્ષય પાત્ર રસોડામાં એક લાખ વિદ્યાર્થીઓ માટે બપોરનુ ભોજન બનાવવામાં આવશે.

સ્કિલ્ડ હોય, આત્મવિશ્વાસથી સભર બને તેનાં માટે શિક્ષણ નીતિ આધાર તૈયાર કરી રહી છે

4. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માટે દેશનાં એજ્યુકેશન સેક્ટરમાં એક મોટાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કામ થયું છે. આજે દેશમાં મોટી સંખ્યામાં કોલેજો ખુલી રહી છે, નવી યુનિવર્સિટીઓ ખુલી રહી છે, નવી આઈઆઈટી અને આઈઆઈએમની સ્થાપના થઈ રહી છે.
5. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હવે માતૃભાષામાં અભ્યાસનો માર્ગ મોકળો કરી રહી છે. તેનાં ભાગ રૂપે સંસ્કૃત જેવી પ્રાચીન ભારતીય ભાષાઓને પણ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.
6. આગામી સમયમાં ભારત વૈશ્વિક શિક્ષણનાં મોટા કેન્દ્ર તરીકે ઉપસી શકે છે. તેનાં માટે આપણે એજ્યુકેશન સિસ્ટમને આંતરરાષ્ટ્રીય માપદંડો પર તૈયાર કરવાનું રહેશે. આ દિશામાં દેશ સતત પ્રયાસ પણ કરી રહ્યો છે. ●

# સમાવેશી સમાજના અંતિમ છેડા સુધી વિકાસનો માર્ગ




**ભારતીય સંદર્ભમાં સમાવેશી વિકાસની પરિકલ્પના કોઈ નવી વાત નથી. પ્રાચીન ધર્મગ્રંથોની સમીક્ષા કરીએ તો તેમાં પણ બધાં લોકોને સાથે લઈને ચાલવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'सर्वे भवन्तुसुखिन' માં આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે. ભારતમાં આ અગાઉ પણ આર્થિકથી માંડીને સામાજિક સ્તરો પર અનેક વાર સુધારાની પહેલ કરવામાં આવી છે, પણ તેમાં એક અંતર હતું. એ છે દ્રષ્ટિકોણનું. અગાઉ ભારતમાં મોટા સુધારા ત્યારે જ થતા હતા જ્યારે સરકાર પાસે બીજો કોઈ ઉપાય ન હતો બચતો. પણ હવે સરકાર સુધારાઓને સફળતાની સીડી માને છે, જેમાં રાષ્ટ્રહિત છે અને જેમાં જનહિત સમાયેલું છે. સર્વસમાવેશિતા સાથે નવા ભારતમાં વિકાસ માટે આ પરિવર્તનનો ઉલ્લેખ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 8 જુલાઈનાં રોજ ભૂતપુર્વ નાણા મંત્રી અરૂણ જેટલીની સ્મૃતિમાં આયોજિત વ્યાખ્યાનમાં કર્યો.**

સમાવેશી વિકાસનો અર્થ એવો વિકાસ છે, જ્યાં તમામ માટે સમાન તકો હોય અને સરકારી યોજનાઓના લાભ સમાજના અંતિમ વર્ગ સુધી પહોંચે. સમાવેશી વિકાસમાં તમામ વર્ગો માટે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરવા પર ભાર મૂકવામાં આવે છે. એટલે કે રહેણાંક, ભોજન, પીવાનું પાણી, શિક્ષણ, આરોગ્યની સાથે સાથે ગરિમાપૂર્ણ જીવન જીવવા માટે આજીવિકાનાં સાધનો ઉત્પન્ન કરવા. આ બધાં સાથે સમાવેશી વિકાસ માટે પર્યાવરણ સંરક્ષણનું પણ ધ્યાન રાખવું જરૂરી છે, કારણ કે પર્યાવરણનાં ભોગે કરવામાં આવેલા વિકાસને ન તો ટકાઉ કહેવામાં આવે ન સમાવેશી.

સમાવેશ વગર વાસ્તવિક વિકાસ શક્ય જ નથી અને વિકાસ વગર સમાવેશનું લક્ષ્ય પૂરું ન થઈ શકે. અમૃત કાળમાં એ સમયે જ્યારે ભારત આઝાદીનાં 100મા વર્ષમાં ભારત કેવું હોય, તેની તૈયારી કરી રહ્યું છે ત્યારે સમાવેશનનો વિષય વધુ મહત્વનો બની રહે છે. અરૂણ જેટલી સ્મૃતિ વ્યાખ્યાનમાં 'સમાવેશિતાનાં માધ્યમથી વિકાસ, વિકાસનાં માધ્યમથી સમાવેશિતા' વિષય પર બોલતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીતેલાં આઠ વર્ષમાં

# સમાવેશિતા સાથે વિકાસનાં માર્ગે આગળ વધ્યું ભારત

## 45 કરોડથી વધુ જનધન ખાતા

વીતેલાં આઠ વર્ષમાં ભારતે 45 કરોડથી વધુ જનધન બેન્ક ખાતા ખોલાવ્યા છે. આ સંખ્યા જાપાન, જર્મની, બ્રિટન, ઇટલી, મેક્સિકોની કુલ વસતિની સમકક્ષ છે.

## 209 નવી મેડિકલ કોલેજ બનાવવામાં આવી

મોટાં ભાગનાં લોકોને આયુષ્યમાન ભારત જેવું આરોગ્ય કવર મળ્યું તેને પરિણામે હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં મજબૂત સુધારા થયા. ભારતમાં છેલ્લાં 7-8 વર્ષમાં અગાઉની તુલનાએ ચાર ગણો વધારો થયો એટલે કે આશરે 209 નવી મેડિકલ કોલેજ બનાવવામાં આવી. મેડિકલ કોલેજોમાં સીટોની સંખ્યા બમણી થઈ ગઈ છે.

## 5 લાખ રુપિયા સુધીની મફત સારવાર

આયુષ્યમાન ભારત અંતર્ગત 50 કરોડથી વધુ વસતિને દર વર્ષે પાંચ લાખ રુપિયા સુધીનાં મફત સારવારની સુવિધા મળી છે. વીતેલાં ચાર વર્ષમાં સાડા ત્રણ કરોડથી વધુ લોકોએ આ યોજનામાં મફત સારવાર કરાવી છે. આ એ લોકો છે જેઓ લાંબા સમય સુધી આરોગ્ય સુવિધાથી દૂર હતા.

## ત્રણ કરોડ પાકા ઘરો બન્યા દેશભરમાં

વીતેલાં આઠ વર્ષમાં ભારતે ગરીબોને ત્રણ કરોડ પાકા ઘરો બનાવી આપ્યા છે. વિશ્વનાં અનેક દેશોની વસતિ પણ આનાથી ઓછી છે. રસ્તામાં સડી જતા પાક અને ફળો હવે કિસાન રેલ અને કૃષિ ઉડાન જેવી યોજનાઓ દ્વારા એ વિસ્તારો સુધી પહોંચી રહ્યા છે, જેના અંગે ખેડૂતો ક્યારેય વિચારી શકતા ન હતા.

- વીતેલાં આઠ વર્ષમાં ભારતે નવ કરોડથી વધુ મહિલાઓને મફત ગેસ કનેક્શન આપ્યા છે. આ સંખ્યા, સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, ન્યૂઝીલેન્ડની કુલ વસતિથી વધુ છે.
- ભારતના ડિજિટલ ઇન્ડિયા અભિયાને લગભગ પાંચ લાખ કોમન સર્વિસ સેન્ટર્સ દ્વારા ગામમાં રહેતા ગરીબો સુધી ઇન્ટરનેટની તાકાત પહોંચાડી છે. ભારતની ભીમ UPIએ કરોડો ગરીબોને ડિજિટલ પેમેન્ટની સુવિધાથી જોડ્યા છે.
- ભારતની સ્વનિધિ યોજનાએ લારી ગલ્લાવાળાઓને બેન્કિંગ વ્યવસ્થા સાથે જોડવાની તક આપી છે. આ સમાજનો એ વર્ગ છે જેમને ગેરન્ટીનાં અભાવમાં પહેલા આવી સુવિધા ન હતી મળી.
- વિકાસમાં પાછળ રહી ગયેલા 100 જિલ્લાને પસંદ કરીને તેમને આકાંક્ષી જિલ્લા તરીકે વિકાસના મુદ્દે બીજા જિલ્લાઓની સમકક્ષ ઊભા કરવાની ઝૂંબેશ શરૂ કરવામાં આવી.
- ઉડાન યોજનાએ અનેક એરસ્ટ્રીપને જીવંત કરી, નવાં એરપોર્ટ બનાવ્યા, અંતરિયાળ ટિયર-ટુ અને ટિયર-થ્રી શહેરો સુધી પહોંચ્યા. નિર્ધારિત ભાડાંમાં વિમાન પ્રવાસની સગવડ આપી. હવાઇ ચપ્પલ પહેરનાર પણ હવે હવાઈ પ્રવાસ કરી શકે છે.
- ભારતની નવી શિક્ષણ નીતિ માતૃભાષામાં અભ્યાસ પર ભાર મૂકી રહી છે. જે અંગ્રેજી નથી જાણતા તેને હવે માતૃભાષામાં ભણીને આગળ વધવાની તક મળશે.
- જલ જીવન મિશન દેશનાં દરેક ઘરને પાણી પુરવઠા દ્વારા જોડી રહ્યું છે. માત્ર ત્રણ વર્ષમાં જ આ મિશને 6 કરોડથી વધુ ઘરોને પાણીનાં જોડાણથી જોડ્યા છે. આ સમાવેશિતાથી દેશનાં સામાન્ય માણસનું જીવન સરળ થયું છે.
- સ્વામિત્વ યોજના દ્વારા દેશનાં ગ્રામીણ વિસ્તારોમાં ઘરો અને ઇમારતોનાં મેપિંગનું કામ મોટા પાયે ચાલી રહ્યું છે. અત્યાર સુધી ભારતના દોઢ લાખ ગામોમાં આ કામ અમે ડ્રોનની મદદથી કરી ચૂક્યા છીએ. 80 લાખથી વધુ લોકો પ્રોપર્ટી કાર્ડ બનાવી ચૂક્યા છે.
- અમારી સરકારે એવા 1500 કાયદાઓને નાબૂદ કર્યા છે જે લોકોનાં જીવનમાં બિનજરૂરી રીતે નડતા હતા. 30,000થી વધુ કોમ્પ્લાયન્સને પણ દૂર કરવામાં આવ્યા છે, જે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અને ઇઝ ઓફ લિવિંગમાં નડતરરૂપ હતા.

કેન્દ્ર સરકારનાં આ સંકલ્પની તસવીર લોકો સામે રજૂ કરી. તેમણે જણાવ્યું કે, "છેલ્લાં આઠ વર્ષમાં ભારતે સમાવેશી વિકાસ માટે જે ગતિ સાથે જે સ્તરે કામ કર્યું છે, તેનું ઉદાહરણ વિશ્વમાં ક્યાંય નથી મળતું, આજનું ભારત સુધારાનાં પગલાં લેવાને બદલે દ્રઢ વિશ્વાસ સાથે સુધારાનાં પગલા લઈ રહ્યું છે અને આગામી 25 વર્ષની રૂપરેખા તૈયાર કરી રહ્યું છે. અમારું નીતિ-ઘડતર જનતાની નસ પર આધારિત છે. અમે વધુને વધુ લોકોને સાંભળીએ છીએ. તેમની જરૂરિયાત અને તેમની આકાંક્ષાઓને સમજીએ છીએ. એટલાં માટે અમે નીતિને લોકપ્રિય ભાવનાઓના દબાણમાં નથી આવી દીધી."



બુંદેલખંડ એક્સપ્રેસ વે

# વિકાસના એક્સપ્રેસ વેમાં નવું પરિમાણ જોડાયું



**કોઈ પણ એક્સપ્રેસ વેથી માત્ર બે જગ્યા વચ્ચેનું અંતર ઓછું નથી થતું, પણ તેનાં પરથી વિકાસની નવી કહાની પસાર થાય છે. એટલાં માટે કોઈ એક્સપ્રેસ વે માત્ર વાહનોના પૈડાંને નવી ગતિ જ નથી આપતો, પણ પોતાની સાથે સાથે એ વિસ્તારનાં આર્થિક વિકાસને પણ નવી ઝડપ આપે છે. એક સમયે બુંદેલખંડ વેરાન ખેતર, તળાવ અને કાચા રસ્તા માટે જાણીતું હતું. પણ હવે આ ધરતીને વિકાસની ઝડપ મળી છે. કેન-બેતવા લિન્ક પ્રોજેક્ટનું સપનું હોય કે પછી 16 જુલાઈનાં રોજ એક્સપ્રેસ વેથી આર્થિક વિકાસને મળેલી ગતિ હોય, બુંદેલખંડ પણ હવે વિકાસનાં નકશા પર આવી જશે અને દેશનાં વિકાસની સાથે કદમ મિલાવી રહ્યું છે...**

કહેવાય છે કે ભગવાન શ્રી રામે બુંદેલખંડ થઈને વન પ્રવેશ કર્યો હતો. આ ધરતીએ સંખ્યાબંધ શૂરવીર આપ્યા. આલ્હા-ઉદલ, મહારાજ છત્રસાલ, લક્ષ્મીબાઈ આ ધરતી પર થઈ ગયા. અહીં ઈસુરી થઈ ગયા, કવિ પદ્માકર થયા, તુલસીદાસ થયા, મૈથિલીશરણ ગુપ્ત થયા, ડો. હરિસિંહ ગૌર થયા તો બુંદેલખંડે આ દેશને મેજર ધ્યાનચંદ જેવા હોકીના જાદુગર પણ આપ્યા. આ બુંદેલખંડને દેશમાં લાંબા સમય સુધી પછાતપણાના પ્રતીક તરીકે ઓળખવામાં આવ્યું. પણ આ ઓળખ હવે બદલાઈ રહી છે અને તેનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રતિબધ્ધતાને જાય છે. સિંચાઈ પ્રોજેક્ટ્સ, દરેક ઘરમાં નળમાંથી પાણી, ડિફેન્સ કોરિડોર અને કેન-બેતવા લિન્કને મંજૂરી બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 16 જુલાઈનાં રોજ જાલૌનના કૈથેરી ગામમાં બુંદેલખંડ એક્સપ્રેસ વેનાં રૂપમાં વિકાસની નવી ભેટ આપી. બુંદેલખંડની અપેક્ષાઓ પૂરી કરનાર આ ફોર લેન રોડ ચિત્રકુટ (NH-35), બાંદા, મહોબા, હમીરપુર, જાલૌન, ઔરેયા અને ઈટાવા થઈને પસાર થઈ રહ્યો છે. ઈટાવામાં એક્સપ્રેસ વે કુદરૈલ પાસે લખનઉ-આગ્રા એક્સપ્રેસ વે સાથે જોડાઈ જાય છે. 29 ફેબ્રુઆરી, 2020નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ એક્સપ્રેસ વેનુ શિલારોપણ કર્યુ હતું. માત્ર 28 મહિનાનાં વિક્રમ સમયમાં પૂરા થયેલા આ એક્સપ્રેસ વેનું ઉદઘાટન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, “બુંદેલખંડ એક્સપ્રેસ વેને કારણે ચિત્રકુટથી દિલ્હી સુધીનું અંતર આશરે 3-4 કલાક ઘટી ગયું છે, પણ તેનો લાભ તેનાંથી અનેક ગણો વધુ છે. આ એક્સપ્રેસ વે માત્ર વાહનોને જ ગતિ નહીં આપે, પણ સમગ્ર બુંદેલખંડની ઔદ્યોગિક પ્રગતિને ગતિ આપશે. આ એક્સપ્રેસ વેનાં

# દેશમાં સૌથી વધુ 13 એક્સપ્રેસ વે ધરાવતું રાજ્ય બન્યું ઉત્તરપ્રદેશ




## સંપર્ક સુવિધાઓમાં સુધારા સાથે આર્થિક વિકાસને પણ પ્રોત્સાહન

- લગભગ રૂ. 14,850 કરોડનાં ખર્ચે 296 કિલોમીટરમાં ચાર લેન બુંદેલખંડ એક્સપ્રેસ વેનું નિર્માણ કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ ફેબ્રુઆરી, 2020માં તેનું શિલારોપણ કર્યું હતું. બાદમાં તેને સિક્સ લેન વિસ્તરણ પણ કરી શકાય તેમ છે.
- 36 મહિનાના નિર્ધારિત લક્ષ્ય પહેલાં એટલે કે 28 મહિનામાં જ એક્સપ્રેસ વેનું નિર્માણ કાર્ય પૂરું થયું. એક્સપ્રેસ વેની બાજુમાં બાંદા અને જાલૌન જિલ્લામાં ઔદ્યોગિક કોરિડોર બનાવવાનું કાર્ય પણ શરૂ થઈ ગયું છે.

## આધુનિક સુવિધાથી સજ્જ છે બુંદેલખંડ એક્સપ્રેસ વે

- આ એક્સપ્રેસ વેની બંને બાજુ 110 મીટર પહોળો રાઇટ ઓફ વે બનાવવામાં આવ્યો છે, જ્યાં સોલર એનર્જીથી ઊર્જા મળશે. સાથે સાથે આ એક્સપ્રેસ વે પર એન્ટ્રી અને એક્ઝિટ માટે 13 સ્થળો પર ઇન્ટરચેઇન્જ બનાવ્યા છે.
- એક્સપ્રેસ વેની જરૂરી જગ્યાઓ પર 4 રેલવે ઓવરબ્રિજ, 19 ફ્લાયઓવર, 224 અંડરપાસનું નિર્માણ કરવામાં આવ્યું છે. 4 જગ્યા પર પેટ્રોલ પંપ અને 4 જગ્યા પર જનસુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. સાથે સાથે સ્થાનિક લોકો માટે સર્વિસ રોડ પણ બનાવવામાં આવ્યા છે.
- એક્સપ્રેસ વેની આસપાસ વૃક્ષારોપણ કરવામાં આવશે અને ઇન્વેસ્ટમેન્ટ પાર્ક અને કારખાના બનાવવામાં આવશે. બુંદેલખંડ એક્સપ્રેસ વે સમગ્ર યુપી અને સમગ્ર દેશની આકાંક્ષાઓને ઝડપ આપશે. એક્સપ્રેસ વે પર મુસાફરી કરનારા પ્રવાસીઓની સલામતી માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

## સંચાલિત એક્સપ્રેસ વે 1225 કિલોમીટર

- પૂર્વાંચલની તસવીર બદલનાર પૂર્વાંચલ એક્સપ્રેસ વે રાજ્યનો સૌથી લાંબો એક્સપ્રેસ વે છે, જેની લંબાઈ 341 કિ.મી છે. • આગ્રા-લખનઉ એક્સપ્રેસ વે 302 કિ.મી. • યમુના એક્સપ્રેસ વે 165 કિ.મી. • દિલ્હી-મેરઠ એક્સપ્રેસ વે 96 કિ.મી • નોઇડા-ગ્રેટર નોઇડા એક્સપ્રેસ વે 25 કિ.મી,

## નિર્માણાધીન એક્સપ્રેસ વે 1974 કિલોમીટર

- ગોરખપુર લિન્ક એક્સપ્રેસ વે 91 કિ.મી. • ગંગા એક્સપ્રેસ વે 594 કિ.મી • લખનઉ-કાનપુર એક્સપ્રેસ વે 63 કિ.મી • ગાઝિયાબાદ-કાનપુર એક્સપ્રેસ વે 380 કિ.મી. • ગોરખપુર-સિલીગુડી એક્સપ્રેસ વે 519 કિ.મી. • દિલ્હી-દહેરાદુન એક્સપ્રેસ વે 210 કિ.મી, • ગાઝીપુર-માંઝીઘાટ એક્સપ્રેસ વે 117 કિ.મી

## સગવડદાયક મુસાફરી શહેરો માટે જ હોય તેવો અભિગમ બદલાયો

એક સમય હતો જ્યારે માનવમાં આવતું હતું કે, અવરજવરનાં સાધનો પર પ્રથમ અધિકાર માત્ર મોટાં-મોટા શહેરોનો જ છે. મુંબઇ, કોલકાતા, બેંગલુરુ, હૈદરાબાદ કે દિલ્હી જેવા શહેરોને ઘણી બધી સુવિધા મળી હતી પણ છેલ્લાં આઠ વર્ષમાં સરકારનો અભિગમ બદલાયો છે. ઉત્તરપ્રદેશ તેનું મહત્વપૂર્ણ ઉદાહરણ છે અહીં બુંદેલખંડ એક્સપ્રેસ વે ચિત્રકુટ, બાંદા, હમીરપુર, મહોબા, જાલૌન ઓરૈયા અને ઇટાવા થઇને પસાર થઈ રહ્યો છે, તો પૂર્વાંચલ એક્સપ્રેસ વે લખનઉની સાથે સાથે બારાબંકી, અમેઠી, સુલ્તાનપુર, અયોધ્યા, આંબેડકરનગર, આઝમગઢ, મઉ અને ગાઝીપુરથી પસાર થઈ રહ્યો છે. ગોરખપુર લિન્ક એક્સપ્રેસ વે આંબેડકર, સંત કબીરનગર અને આઝમગઢને જોડે છે. નવા બની રહેલો ગંગા એક્સપ્રેસ વે મેરઠ, હાપુડ, બુલંદશહર, અમરોહા, બદાયુ, શાહજહાંપુર, હરદોઇ, ઉન્નાવ, રાયબરેલી, પ્રતાપગઢ અને પ્રયાગરાજને જોડવાનું કામ કરશે.

બંને તરફ અનેક ઉદ્યોગ સ્થપાવાના છે. અહીં સ્ટોરેજની સુવિધા, કોલ્ડ સ્ટોરેજ સુવિધા ઊભી થવાની છે. બુંદેલખંડ એક્સપ્રેસ વેને કારણે આ વિસ્તારમાં કૃષિ આધારિત ઉદ્યોગ સ્થાપવા ખૂબ સરળ બની જશે. ખેતરમાં પેદા થનારી ઉપજને નવા બજારો સુધી પહોંચાડવામાં સરળતા રહેશે બુંદેલખંડમાં બની રહેલા ડિફેન્સ કોરિડોરને પણ તેનાથી બહુ મદદ મળશે. એટલે કે એક્સપ્રેસ વે બુંદેલખંડનાં ખૂણે ખૂણાનો વિકાસ કરશે, સ્વરોજગારની નવી તકો આપશે."




# કૌશલ્યથી રોજગાર તરફ...

**સમાનતા એક મૂલ્ય પણ છે અને અધિકાર પણ. તેમ છતાં સમાજનો એક વર્ગ એવો છે જે આઝાદી મળ્યા પછી સમાનતાના આ લાભથી વંચિત રહ્યો છે. કેન્દ્ર સરકારની તમામ યોજનાઓ જેનો લાભ આ વર્ગ સુધી પહોંચવો જોઈતો હતો તે નથી પહોંચી શક્યો. 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનું સુકાન સંભાળ્યું ત્યારે અંત્યોદયના સિધ્ધાંત પર ચાલીને દરેક યોજનાનો લાભ સમાજના છેવાડાના માણસ સુધી પહોંચાડવાની શરૂઆત થઈ. પ્રધાનમંત્રી દક્ષ યોજના સાથે 7 ઓગસ્ટ, 2021નાં રોજ આવી શરૂઆત થઈ. તેનો હેતુ કચરો વીણનારા, પછાત વર્ગ, અનુસૂચિત જાતિઓ, વિચરતી જાતિઓ અને આર્થિક રીતે પછાત જૂથોને કૌશલ્ય વિકાસની તાલીમ આપીને તેમને આત્મનિર્ભર અને મજબૂત બનાવવાનો હતો. આ યોજના દ્વારા 5 વર્ષમાં 2.7 લાખ યુવાનોને લાભ આપવામાં આવશે...**

કૌશલ્ય વિકાસ એક એવો વિષય છે જે આજે સમયની સૌથી મોટી જરૂરિયાત છે. યુવાનો માટે શિક્ષણની સાથે સાથે કૌશલ્ય વિકાસને ધ્યાનમાં રાખીને કૌશલ્ય વિકાસ મિશન અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની શરૂઆત થઈ. પણ સમાજનો એક વર્ગ હજુ પણ એવો હતો જેમનાં કૌશલ્ય વિકાસ પર ક્યારેય ધ્યાન આપવામાં આવ્યું ન હતું. પ્રધાનમંત્રી દક્ષ યોજના આ વર્ગનાં આર્થિક ઉત્થાનનાં સપનાને પૂરું કરવા માટે શરૂ કરવામાં આવી હતી. આ અંતર્ગત આ વર્ગોનાં કૌશલ્ય વિકાસ કાર્યક્રમને ચાર ક્ષેત્રોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

**પ્રથમઃ** અપ સ્કિલિંગ/રી સ્કિલિંગ દ્વારા ગ્રામીણ કારીગર, સફાઇ કર્મચારી વગેરેને નાણાકીય અને ડિજિટલ સાક્ષરતા પૂરી પાડવી. આ ઉપરાંત, તેમને માટીનાં વાસણ, વણાટકામ, સુથારકામ, ઘરેલુ કામ વગેરેમાં પણ તાલીમ આપવામાં આવે છે. આ તાલીમ કાર્યક્રમ 32થી 80 કલાકનો છે.

**બીજુંઃ** ટૂંકા ગાળાની તાલીમ અંતર્ગત દરજીકામ, ફર્નિચર, ફુડ પ્રોસેસિંગ જેવા સ્વરોજગારનાં ક્ષેત્રોમાં 200 કલાકથી 600 કલાક અને છ મહિનાની તાલીમ આપવામાં આવે છે.

**ત્રીજુંઃ** ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ દ્વારા અનુસૂચિત જાતિ

# પ્રધાનમંત્રી દક્ષ યોજના અંતર્ગત કરવામાં આવેલી પહેલ

- સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે પ્રધાનમંત્રી દક્ષ પોર્ટલ અને પ્રધાનમંત્રી-દક્ષ મોબાઇલ એપ લોંચ કરી છે. યોજના સાથે સંકળાયેલી તમામ માહિતી માટે ઇચ્છુક ઉમેદવાર pmdaksh.dosje.gov.in અથવા મોબાઇલ એપ પીએમ-દક્ષને ગુગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરીને તેનાં પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે.
- અરજકર્તા ભારતનો કાયમી નાગરિક હોવો જોઇએ. તેની ઉંમર 18થી 45 વર્ષની વચ્ચે હોવી જોઇએ.
- અરજકર્તા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, સફાઇ કર્મચારી, વિચરતી, અર્ધ વિચરતી જાતિનો હોવો જોઇએ.
- અરજર્તા અન્ય પછાત વર્ગમાંથી હોય તો તેનાં પરિવારની વાર્ષિક આવક ત્રણ લાખ અથવા તેનાથી ઓછી હોવી જોઇએ.
- અરજર્તા આર્થિક રીતે પછાત વર્ગમાંથી હોય તો તેનાં પરિવારની વાર્ષિક આવક એક લાખ અથવા તેનાથી ઓછી હોવી જોઇએ.
- આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીએ કોઇ પ્રકારની રકમ ચૂકવવાની જરૂર નથી. માત્ર એક વાર જ આ યોજનાનો લાભ લઈ શકાય છે.
- તાલીમની મુદત પૂરી થયા બાદ તાલીમ મેળવી રહેલા લોકોને સર્ટિફિકેટ સાથે રોજગારની તક ઉપલબ્ધ કરવામાં મદદ કરવામાં આવે છે.

## પીએમ દક્ષ પોર્ટલઃ માહિતી અને મોનિટરીંગ બંને એક સાથે

- પીએમ-દક્ષ પોર્ટલનાં માધ્યમથી અનુસૂચિત જાતિ, પછાત વર્ગ અને સફાઇ કર્મચારી માટે કૌશલ્ય વિકાસ સંબંધિત તમામ માહિતી એક જ સ્થળ પર ઉપલબ્ધ કરવામાં આવી છે.
- આટલું જ નહીં, પણ માત્ર એક ક્લિક કરવાથી કોઇ પણ લાભાર્થી પોતાની આસપાસ ચાલી રહેલી કૌશલ્ય વિકાસ તાલીમ અંગે માહિતી મેળવી શકે છે અને સરળતાથી કૌશલ્ય તાલીમ માટે પોતાનું નામ નોંધાવી શકે છે. વ્યક્તિગત માહિતી સંબંધિત જરૂરી દસ્તાવેજ અપલોડ કરવાની સુવિધા પણ છે.
- તાલીમ મુદત દરમિયાન ચહેરા અને આંખોનાં સ્કેનિંગ દ્વારા તાલીમાર્થીની ઉપસ્થિતિ નોંધાવવાની સગવડતા છે.
- તાલીમ કાર્યક્રમ દરમિયાન ફોટો અને વિડિયો ક્લિપનાં માધ્યમથી મોનિટરીંગની સુવિધા છે.
- આ યોજના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય અંતર્ગત ત્રણ નિગમો દ્વારા કાર્યાન્વિત કરવામાં આવી રહી છે. જેનાં નામ છે, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ નાણાકીય અને વિકાસ નિગમ, રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાકીય અને વિકાસ નિગમ, રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાકીય અને વિકાસ નિગમ.

## પીએમ દક્ષ યોજનાથી મળનારા લાભ



**કારીગરઃ** પોતાના વ્યવસાયમાં તાલીમ મેળવીને વધુ આવક મેળવી શકે છો.



**મહિલાઓઃ** સ્વરોજગારના ક્ષેત્રમાં જઈ શકે છે. તેનાથી તે આર્થિક રીતે મજબૂત બની શકે છે.



**લક્ષિત સમૂહોના યુવાઃ** રોજગાર યોગ્ય વ્યવસાયોમાં લાંબા ગાળાની તાલીમ અને વિશેષતા પ્રાપ્ત કરી શકે છે, જેનાંથી તેમને સારી નોકરી મળી શકે છે.

અને અન્ય પછાત વર્ગના એવા યુવાનોને તાલીમ આપવામાં આવે છે જેઓ ઉદ્યોગ શરૂ કરવા માંગે છે. આ કાર્યક્રમની મુદત 80થી 90 કલાક અથવા 10થી 15 દિવસની રહેશે.

**ચોથુંઃ** લાંબા ગાળાના કાર્યક્રમ દ્વારા એ ક્ષેત્રોમાં તાલીમ આપવામાં આવે છે, જેની બજારમાં સારી માંગ છે, જેમ કે પ્રોડક્શન ટેકનોલોજી, પ્લાસ્ટીક પ્રોસેસિંગ, ટેક્સટાઇલ ટેકનોલોજી, હેલ્થકેર વગેરે. આ કાર્યક્રમની મુદત પાંચ મહિના અથવા તેનાથી વધુ અથવા એક વર્ષ (1000 કલાક)ની હશે.

યોજના અંતર્ગત તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ પણ આપવામાં આવે છે. આ અંતર્ગત રીસ્કિલિંગ અને અપ સ્કિલગ ટ્રેઇનિંગ પ્રોગ્રામ અંતર્ગત તાલીમાર્થીની હાજરી 80 ટકા હોય તો આ સ્થિતિમાં તાલીમાર્થીને રૂ. 2500 આપવામાં આવે છે. આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત તાલીમાર્થીની હાજરી 80 ટકા હોય તો તાલીમાર્થીને દૈનિક 100 રૂપિયા આપવામાં આવે છે. શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ ટ્રેઇનિંગ પ્રોગ્રામ અંતર્ગત અનુસૂચિત જાતિના તાલીમાર્થીને દર મહિને 1500 રૂપિયા આપવામાં આવે છે.



# મારા માત્ર શિન્ઝો આબે

**ભારતના નાગરિક સન્માન 'પદ્મવિભૂષણ'થી સન્માનિત જાપાનના ભૂતુપુર્વ વડાપ્રધાન શિન્ઝો આબેનાં આકસ્મિક નિધનથી વિશ્વએ રાજનીતિજ્ઞ, ઉત્કૃષ્ટ નેતા અને કાબેલ વહીવટકર્તા ગુમાવ્યા, જેમણે જાપાન અને દુનિયાનાં વિકાસ માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું. ભારત સરકારે આબે પ્રત્યે સન્માન દર્શાવવા માટે તેમનાં અવસાનના બીજા દિવસે 9 જુલાઈનાં રોજ એક દિવસનો રાષ્ટ્રીય શોક પણ રાખ્યો. શિન્ઝો આબે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દોસ્તી તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયથી હતી. આ મિત્રતા સમયની સાથે ઘેરી બનતી ગઈ. પોતાના મિત્ર શિન્ઝો આબેના દુઃખદ અવસાન પર વડાપ્રધાન મોદીએ ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરતો બ્લોગ લખ્યો હતો...**

શિન્ઝો આબે માત્ર જાપાન જ નહીં, પણ વૈશ્વિક સ્તરના રાજનેતા હતા. તેઓ ભારત-જાપાનની મિત્રતાના હિમાયતી હતા. બહુ દુઃખની વાત છે કે તેઓ હવે આપણી વચ્ચે નથી રહ્યા. તેમનાં કસમયે જવાથી જાપાનની સાથે સાથે સમગ્ર વિશ્વએ બહુ મોટા વિઝનરી લીડર ગુમાવી દીધા છે, તો મેં મારો પ્રિય દોસ્ત.

આજે મને તેમની સાથે વીતાવેલી દરેક ક્ષણ યાદ આવી રહી છે. પછી એ ક્યોટોમાં 'તોજી ટેમ્પલ'ની યાત્રા હોય, શિંકાસેનમાં સાથે ફરવાનો આનંદ હોય, અમદાવાદમાં સાબરમતી આશ્રમમાં જવાનું હોય, કાશીમાં ગંગા આરતીમાં ભાગ લેવાની આધ્યાત્મિક તક હોય કે પછી ટોક્યોની 'ટી સેરેમની'ની યાદગાર પળો. યાદી બહુ લાંબી છે. હું એ ક્ષણને ક્યારેય ભૂલી શકતો નથી જ્યારે મને માઉન્ટ ફ્યુજીની તળેટીમાં બનેલા અત્યંત સુંદર યામાનાશી પ્રીફેક્ચરમાં તેમનાં ઘરે જવાની તક મળી હતી. હું આ સન્માનને હંમેશા મારા હૃદયમાં સાચવી રાખીશ.

શિન્ઝો આબે અને મારી વચ્ચે માત્ર ઔપચારિક સંબધ નહોતો.

2007 અને 2012 દરમિયાન અને પછી 2020 બાદ જ્યારે તેઓ વડાપ્રધાન ન હતા, ત્યારે પણ અમારું વ્યક્તિગત જોડાણ હંમેશાની જેમ એટલું જ મજબૂત હતું. આબે સાનને મળવું હંમેશા મારા માટે જ્ઞાનવર્ધક, બહુ જ ઉત્સાહિત કરનારું રહેતું હતું. તેમની પાસે હંમેશા નવા વિચારોનો ભંડાર રહેતો હતો. તેનો દાયરો ગવર્નન્સ અને ઇકોનોમીથી માંડીને કલ્ચર અને વિદેશ નીતિ સુધી વ્યાપક હતો. તેઓ આ બધાં મુદ્દે ઊંડી સમજ ધરાવતા હતા. તેમની વાતોએ મને ગુજરાતના આર્થિક વિકાસ અંગે નવા વિચાર માટે પ્રેરિત કર્યા હતા. એટલું જ નહીં, તેમનાં સતત સહયોગથી ગુજરાત અને જાપાન વચ્ચે વાઇબ્રન્ટ પાર્ટનરશીપનાં નિર્માણને મોટી તાકાત મળી.

ભારત અને જાપાન વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીથી માંડીને તેમની સાથે કામ કરવું પણ મારા માટે સૌભાગ્યની વાત હતી. તેનાં દ્વારા આ દિશામાં અભૂતપુર્વ પરિવર્તન જોવા મળ્યું. પહેલાં બંને દેશોના પરસ્પર સંબંધો માત્ર આર્થિક સંબંધ પૂરતા સીમિત હતા, પણ આબે સાન તેને વ્યાપક વિસ્તાર આપવા માટે આગળ આવ્યા. આનાથી બંને દેશો વચ્ચે રાષ્ટ્રીય મહત્વનાં મુદ્દાઓ પર તાલમેલ વધ્યો અને સમગ્ર વિસ્તારની સલામતીને પણ નવું બળ મળ્યું. તેઓ માનતા હતા કે ભારત અને જાપાનના પરસ્પર સંબંધોની મજબૂતી, બંને દેશોનાં લોકો જ નહીં, પણ સમગ્ર વિશ્વનાં હિતમાં છે. તેઓ ભારત સાથે સિવિલ ન્યુક્લિયર એગ્રીમેન્ટ માટે મક્કમ હતા, જ્યારે કે તેમનાં દેશ માટે એ ઘણું મુશ્કેલ કામ હતું. ભારતમાં હાઇ સ્પીડ રેલ માટે થયેલી સમજૂતિને અત્યંત ઉદાર રાખવામાં પણ તેમણે નિર્ણાયક ભૂમિકા ભજવી. ન્યૂ ઇન્ડિયા ઝડપથી વિકાસનાં માર્ગે આગળ વધી રહ્યું છે તો તેમણે એ સુનિશ્ચિત કર્યું કે જાપાન ખભેથી ખભો મિલાવીને ડગલે ને પગલે ભારતની સાથે રહેશે. ભારતની આઝાદી બાદ આ સૌથી મહત્વનાં સમયગાળામાં તેમનું યોગદાન અત્યંત વિશેષ છે.

ભારત-જાપાનના સંબંધોને મજબૂતી આપવામાં તેમણે ઐતિહાસિક યોગદાન આપ્યું, જેનાં માટે તેમને 2021માં પ્રતિષ્ઠિત પદ્મ વિભૂષણ એનાયત કરીને તેમનું ભવ્ય રીતે સન્માન કરવામાં આવ્યું હતું. આબે સાન દુનિયામાં થઇ રહેલા જટિલ અને બહુવિધ પરિવર્તનોની ઊંડી સમજ ધરાવતા હતા, રાજનીતિ, સમાજ, અર્થતંત્ર અને આંતરરાષ્ટ્રીય સંબંધો પર સમય કરતાં પહેલા તેનો પ્રભાવ જોવાની તેમની પાસે દીર્ઘદ્રષ્ટિ હતી, જે પસંદગીઓ થવાની હતી તે જાણવાનું શાણપણ ધરાવતા હતા, પ્રસ્થાપિત પ્રણાલીઓનો સામનો કરીને પણ સ્પષ્ટ અને હિંમતપૂર્ણ નિર્ણયો લેવાની તેમનામાં ક્ષમતા હતી અને પોતાના લોકો તેમજ દુનિયાને પોતાની સાથે રાખીને આગળ વધવાનું દુર્લભ સામર્થ્ય હતું. તેમની દૂરોગામી નીતિઓ 'એબેનોમિક્સ'ના કારણે જાપાનનું અર્થતંત્ર પુનર્જીવિત થયું અને તેમના લોકોમાં આવિષ્કાર તેમજ ઉદ્યોગસાહસિકતાની ભાવના ફરીથી પ્રજ્વલિત થઇ હતી.

તેમણે આપણને આપેલી સૌથી મહાન ભેટો અને તેમનો સૌથી સ્થાયી વારસો, અને જેના માટે વિશ્વ હંમેશા ઋણી રહેશે, તે છે બદલાતી ભરતીના મોજાંઓને ઓળખવામાં અને આપણાં સમયના તોફાનને એકત્ર કરવામાં તેમની દૂરંદેશી અને તેની સામે પ્રતિક્રિયા આપવામાં તેમનું નેતૃત્વ. અન્ય લોકોની સરખામણીએ ઘણાં પહેલાં, 2007માં તેમણે ભારતીય સંસદમાં પોતાના મુખ્ય ભાષણમાં, સમકાલીન રાજકીય, વ્યૂહાત્મક અને આર્થિક વાસ્તવિકતા તરીકે ઇન્ડો પેસિફિક ક્ષેત્રના ઉદય માટેનો આધાર મૂક્યો હતો – આ એક ક્ષેત્ર છે જે આ સદીમાં વિશ્વને પણ આકાર આપશે. અને, તેના સ્થિર અને સુરક્ષિત, શાંતિપૂર્ણ અને સમૃદ્ધ ભવિષ્ય માટે એક માળખા અને આર્કિટેક્ચરનું નિર્માણ કરવામાં તેમણે અગ્રીમ મોરચેથી નેતૃત્વ સંભાળ્યું હતું, જે સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે આદર, આંતરરાષ્ટ્રીય કાયદા અને નિયમોનું પાલન, ઊંડા આર્થિક જોડાણ દ્વારા સમાનતા અને સહિયારી સમૃદ્ધિની ભાવનામાં આંતરરાષ્ટ્રીય સંબંધોના શાંતિપૂર્ણ આચરણ જેવા મૂલ્યોની તેઓ જે ખૂબ જ કદર કરતા હતા તેના પર આધારિત હતું.

ક્વાડ, ASEANની આગેવાની હેઠળની ફોરમ, ઇન્ડો પેસિફિક મહાસાગરોની પહેલ, એશિયા-આફ્રિકા વિકાસ કોરિડોર અને આપદા પ્રતિરોધક ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગઠબંધન, આ બધાને તેમના યોગદાનથી ફાયદો થયો છે. શાંતિથી અને મોટા દેખાડા કર્યા વગર અને વિદેશમાં ખચકાટ અને સંશયને દૂર કરીને તેમણે સમગ્ર ઇન્ડો પેસિફિક ક્ષેત્રમાં સંરક્ષણ, કનેક્ટિવિટી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ટકાઉ ક્ષમતા સહિત જાપાનના વ્યૂહાત્મક જોડાણમાં પરિવર્તન લાવ્યું હતું. તેના માટે, પ્રદેશ તેના ભાગ્ય વિશે વધુ આશાવાદી છે અને વિશ્વ તેના ભવિષ્ય વિશે વધુ વિશ્વાસ ધરાવે છે.

આ વર્ષે મે મહિનામાં મારી જાપાનની મુલાકાત દરમિયાન, મને આબે સાનને મળવાની તક પ્રાપ્ત થઇ હતી, તેમણે એ સમયમાં જ જાપાન-ભારત એસોસિએશનના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. તેઓ હંમેશની જેમ તેમના સ્વ-ઉર્જાવાન, મનમોહક, પ્રભાવશાળી અને ખૂબ જ વિનોદી મૂડમાં હતા. ભારત અને જાપાનની મિત્રતાને કેવી રીતે વધુ મજબૂત કરવી તે અંગે તેમની પાસે નવીન વિચારો હતા. તે દિવસે જ્યારે મેં તેને અલવિદા કહ્યું, ત્યારે મને જરાય કલ્પના પણ નહોતી કે તે અમારી અંતિમ મુલાકાત હશે. હું તેમની હૂંફ અને ચતુરાઇ, કૃપા અને ઉદારતા, મિત્રતા અને માર્ગદર્શન માટે હંમેશા ઋણી રહીશ અને મને હંમેશા તેમની ખોટ વર્તાશે. તેમણે અમને ખુલ્લા હૃદયથી સ્વીકાર્યા હતા તેથી તેમના નિધનના કારણે ભારતમાં અમે અમારા આપ્તજનની વિદાય તરીકે શોકાતૂર છીએ. તેમનું જીવન દુ:ખદ રીતે ટૂંકાઇ ગયું છે, પરંતુ તેમનો વારસો હંમેશ માટે ટકી રહેશે. હું ભારતના લોકો વતી અને મારા પોતાના વતી જાપાનના લોકો, ખાસ કરીને શ્રીમતી અકી આબે અને તેમના પરિવાર પ્રત્યે દિલથી સંવેદના વ્યક્ત કરું છું.

**ઓમ શાંતિ.** ●



**PMO India** @PMOIndia · 2d

दुनिया के लिए 21वीं सदी भारत की सदी है।

और भारत के लिए ये सदी कर्तव्यों की सदी है।

हमें इसी सदी में, अगले 25 सालों में नए भारत के स्वर्णिम लक्ष्य तक पहुँचना है।

इन लक्ष्यों तक हमें हमारे कर्तव्य ही लेकर जाएंगे।

इसलिए, ये 25 साल देश के लिए कर्तव्य पथ पर चलने के साल हैं: PM



**Rajnath Singh** @rajnathsingh ·

प्रधानमंत्री श्री @narendramodi द्वारा आज नए संसद भवन के शीर्ष पर भारत के राष्ट्रीय चिन्ह का अनावरण किया गया। देश का नया संसद भवन, नए और समर्थ भारत की नई पहचान का प्रतीक बन कर उभरेगा। आज का यह कार्यक्रम उसी दिशा में लिया गया एक बड़ा कदम है।



**Amit Shah** @AmitShah

प्रत्येक भारतीय और विशेष रूप से गुजरात के लोगों के लिए ये अत्यंत गर्व व हर्ष की बात है कि भारत के पहले UNESCO World Heritage शहर, अहमदाबाद को अब टाइम पत्रिका द्वारा "2022 के विश्व के 50 महानतम स्थानों" की सूची में शामिल किया गया है।

इस उपलब्धि पर मैं सभी को बधाई देता हूँ।

2001 से @narendramodi जी के नेतृत्व में गुजरात में जो विश्वस्तरीय इंफ्रास्ट्रक्चर बनाने की नींव रखी गयी यह उसी का परिणाम है।

अहमदाबाद का साबरमती रिवरफ्रंट हो या साइंस सिटी, मोदी जी ने हमेशा Next-Gen इंफ्रास्ट्रक्चर बनाने और भारत को भविष्य के लिए तैयार करने पर जोर दिया है।



**Nitin Gadkari** @nitin_gadkari

GoI under the visionary leadership of Hon'ble PM Shri @narendramodi Ji is bringing the connectivity gap in the country each day and transforming #NewIndia by building excellent infrastructure capacities.
#PragatiKaHighway #GatiShakti



**Ashwini Vaishnaw** @Ashwini...

गुजरात में श्री अंबाजी माताजी शक्तिपीठ और जैन समाज के तीर्थ स्थल तारंगा के श्रद्धालुओं एवं आबू, राजस्थान के पर्यटकों को अब रेल सुविधाओं का लाभ मिलेगा।

इस महत्वपूर्ण निर्णय के लिए पीएम @narendramodi जी का हार्दिक आभार।



**G Kishan Reddy** @kishanred...

Commemorating India's 75 years of Independence & as part of Azadi ka Amrit Kaal, #Cabinet chaired by PM Sh @NarendraModi decided that for next 75 days starting 15th July 2022, citizens above 18 years of age will be given booster doses free of cost
#AmritMahotsav
#CabinetDecisions



# वैश्विक अनिश्चितताओं में 'आइ2यू2' का एजंडा सकारात्मक : प्रधानमंत्री

## यूएई भारत में एकीकृत फूड पार्क पर 2 अरब डालर निवेश करेगा

भारत, इजराइल, अमेरिका और यूएई के गठबंधन की पहली शिखर बैठक

# बिना समावेश के वास्तविक विकास संभव नहीं : मोदी

पीएम ने अरुण जेटली स्मृति व्याख्यान में निजी क्षेत्र को विकास में साझेदार बताया

# मैंने अपने प्यारे दोस्त आबे सान को खोया, दुनिया ने महान नेता

# भारत-रूस में यूक्रेन समेत कई मुद्दों पर वार्ता

जयशंकर ने बाली में रूसी विदेश मंत्री लॉवरोव से मुलाकात की



# देवघर के प्रोजेक्ट से देश को मिलेगी गति, रांची व पटना की उड़ान जल्द

## केंद्र व जनता का सहयोग रहा तो देश के अग्रणी राज्य में शुमार होगा झारखंड

झलकियां

# आधार के लिए लगाया अंगूठा तो छह साल बाद मिला बच्ची के घर का पता

पीएम ने डिजिटल इंडिया वीक कार्यक्रम में किया घटना का जिक्र

प्रधानमंत्री मोदी ने राष्ट्रपति कोविंद से की मुलाकात

देवी काली का आशीर्वाद हमेशा देश के साथ : मोदी

RNI No. :
DELGUJ/2020/78810
August: 1-15, 2022

New India SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date July 19, 2022, Pages - 56)

# વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ

**14 ઓગસ્ટ**

વિશ્વમાં સૌથી મોટું દર્દ છે, સ્વજનોથી છુટા પડવાનું દર્દ. સાડા સાત દાયકા પહેલાં દેશ આઝાદ થયો ત્યારે આઝાદીની સાથે દર્દ પણ આવ્યું, જેણે લોકોને પોતાનાં અનેક સ્વજનોથી છૂટા પડવા મજબૂર કર્યા. કહેવાય છે કે આ દરમિયાન ભારત અને પાકિસ્તાન બંને તરફ ફેલાયેલી હિંસામાં લાખો લોકોના જીવ ગયા, તો લાખો લોકોનાં માથેથી છત છીનવાઈ ચૂકી હતી. આ લોકોની યાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે દર વર્ષે 14 ઓગસ્ટનાં રોજ વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ મનાવવાની જાહેરાત કરી હતી, જેથી આપણી નવી પેઢીને આ દિવસ ભેદભાવ, વૈમનસ્ય અને દુર્ભાવનાના ઝેરને ખતમ કરવાની સાથે  સાથે એકતા, સામાજિક સદભાવ અને માનવીય સંવેદનાઓને મજબૂત કરવા માટે પ્રેરિત કરે.



**“ વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ આપણને એ યાદ અપાવતો રહેશે કે સામાજિક ભેદભાવ અને વૈમનસ્યને દૂર કરવાની અને એકતા, સામાજિક સમરસતા અને માનવીય સંવેદનાઓને મજબૂત કરવાની જરૂર છે. ”** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



Gujarati

Editor
Jaideep Bhatnagar,
Principal Director General,
Press Information Bureau, New Delhi

Published & Printed by:
Satyendra Prakash, Principal Director General, on behalf of Central Bureau of Communication

Published from
Room No–278, Central Bureau of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

Printed at Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020